# श्री जंबुस्वामिनो रास.

મહાન્ પંડિત.

શ્રીમત્ યશોવિજયજી ઉપાધ્યાય કૃત.

ધર્માભિલાષી જૈનબંધુઓને માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી જૈનધર્મ પ્રસારક શાખા સભા

મુંબઈ બંદર.


मुंबइ

ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. કાળીદાસ સાંકળચંદે છાપ્યો.

સંવત ૧૯૪૪ સને ૧૮૮૮.


કિંમત સાત આના.


વોરા અમરચંદ જશરાજ

# પ્રસ્તાવના.

ચતુર્દશ પુર્વના સારભુત શ્રી નવકાર મહામંત્રનું સ્મ રણ કરીને, જૈન શાસ્ત્રોકત સુદેવ, સુગુરૂ અને સુધર્મ એ ત્રણ તત્વને નમસ્કાર કરીને, આ અત્યુત્તમ અને નવરસે કરીને પરિપુર્ણ શ્રી જંબુસ્વામીના રાસને પ્રસિદ્ધ કરવા નો ઉત્તમ હેતુ દર્શાવી, તે રાસમાં વર્ણન કરેલ વૃતાંતોનું સંક્ષિપ્ત વિવેચન સુજ્ઞ વાંચક ગણની સમક્ષ પ્રકટિત કર વા આકાંક્ષા છે.

હાલમાં છપાઈને પ્રસિદ્ધ થયેલા ગ્રંથો સસ્તી કિંમતે મળી શકવાના હેતુથી સર્વે જૈન બંધુઓ તેનો લાભ સા ધારણ રીતે એક સરખો લઈ શકે છે, આ એક જૈનોદયનું પ્રથમ ચિન્હ છે. છપાઈને બહાર પડતા ગ્રંથોમાં પણ શ્રી સમરાદિત્ય કેવળીનો રાસ, શ્રી જયાનંદ કેવળીનો રાસ અને શ્રી શ્રીચંદ કેવળીના રાસ વિગેરે ઉત્તમ ઉત્તમ ક થાનુયોગ ગ્રંથો બહાર પડે છે તે વાંચક સમુહને વિશેષ લાભકારક થઈ પડે છે. પ્રમાણમાં ઉપર જણાવેલા રાસો કરતાં ન્યુન હોવા છતાં પણ રચનામાં તે રાસો કરતાં ઉચ્ચ સ્થાનકે મુકવા યોગ્ય અને જેના કર્ત્તા જૈન વર્ગમાં સંપુર્ણ પ્રકારે પ્રસિદ્ધિ પામેલા, સંવીજ્ઞ પક્ષી, શત (૧૦૦) ગ્રં થના કર્ત્તા, અમોઘ વચનવાળા, જગત પ્રસિદ્ધ, મહાન પં ડિત શ્રીમન્ યશોવિજયજી ઉપાધ્યાય છે અને જેમણે સ્વશ ક્તિનો પ્રફુલ્લીત હૃદયથી જેની અંદર સમાવેશ કરેલો છે એવો આ શ્રી જંબુ સ્વામીનો રાસ છપાઈને બહાર પડેલ

ન જણાયાથી તેમજ તેની લખેલી પ્રત ક્વચિતજ દૃષ્ટિએ પડતી હોવાથી, એ રાસમાં વાપરેલી અદ્‌ભૂત ચમત્કૃતી યુક્ત કથાઓના સર્વોત્તમ રસનું પાન, સહજ પ્રયાસથી સર્વે જૈની બધુઓ કરી શકે તેમ કરવાની અભિલાષા ઉત્પન્ન થવાથી, તેની સાફલ્યતા કરવા સારૂ આ રાસ મુદ્રાંકિત કરાવી જૈન વર્ગની સમક્ષ મુકયો છે.

આ રાસની અંદર વાપરવામાં આવેલી અપ્રતિમ કવિત્વ શકિતનું વર્ણન કરવાને તો અશકયતાજ છે તો પણ તેમાં દર્શાવેલી બાબતોના પ્રથક્ પૃથક્ વિભાગ, માત્ર સંક્ષિપ્ત રીતે જણાવવાની જરૂર જાણી તેમ કર્યું છે.

"પ્રારંભમાંજ શ્રી જંબુસ્વામિના પુર્વભવનું વર્ણન ઘણાજ વિસ્તારથી આપ્યું છે ત્યારપછી જન્મ મહોચ્છવ, સદગુરૂ સમાગમ, ધર્મોપદેશ શ્રવણ, ધર્મપ્રાપ્તિ અને માતપિતાના આગ્રહથી સ્વીકારેલ અષ્ટ કન્યા સાથેના પાણીગ્રહણનું બહુજ રમણિક રીતીએ વર્ણન કર્યું છે. પછી આઠ સ્રીયો સાથેના પ્રથમ સમાગમ સમયે બેસુમાર દ્રવ્ય સંચયને શ્રવણ કરીને દ્રવ્ય વાંછાથી આવેલ પ્રભવ નામના ચોરને ઉદેશીને આઠ સ્રીયોને સંભળાવવા નિમિત્તે કહેલી ૧ મધુબિંદુની, ૨ કુબેરદત્તાની તથા ૩ મહેશ્વરદત્તની એ ત્રણ કથાઓ બહુજ અસરકારક કહેલી છે. ત્યારપછી સ્રીયો સાથેના અન્યોઅન્ય સંવાદમાં આઠ સ્રીઓ તથા જંબુસ્વામીએ ઉત્તરોત્તર કહેલી (૧૯) કથાઓ નીચેના અનુક્રમે છે.

| કથાનું નામ. | કહેનારનું નામ. |
|---|---|
| ૧ બક કર્ષણુકારની. ... ... ... ... | સમુદ્ર શ્રી. |
| ૨ લોભી કાગની. ... ... ... ... | જંબુસ્વામી. |
| ૩ અતી લોભી વાનરની ... ... ... | પદ્મશ્રી. |
| ૪ લીહુાળાકારકની ... ... ... ... | જંબુસ્વામી. |
| ૫ નુપુર પંડિતા તથા જંબુકની ... ... | પદ્મસેના. |
| ૬ વિદ્યુન્માળી વિદ્યાધરની ... ... ... | જંબુસ્વામી. |
| ૭ શંખ ધમકની ... ... ... ... | કનકસેના. |
| ૮ વિષયાંધ વાનરની ... ... ... ... | જંબુસ્વામી. |
| ૯ બુદ્ધિનામે વૃદ્ધાની ... ... ... | નભસેના. |
| ૧૦ અનુત્પથગામી અશ્વની ... ... ... | જંબુસ્વામી. |
| ૧૧ ગ્રામકુટ સુતની ... ... ... ... | કનકશ્રી. |
| ૧૨ સોલ્લક પુરૂષની ... ... ... ... | જંબુસ્વામી. |
| ૧૩ માસાહસ પક્ષીની ... ... ... ... | કમળાવતી. |
| ૧૪ ત્રણ મિત્રની (ઉપનય યુક્ત) ... ... | જંબુસ્વામી. |
| ૧૫ નાગશ્રી કુમારીકાની ... ... ... | જયશ્રી. |
| ૧૬ લલીતાંગ કુમારની ... ... ... | જંબુસ્વામી. |

આ પ્રમાણે કથાઓ કહેવાઈ રહ્યા પછી પ્રતિબોધ પામેલી આઠે સ્ત્રીઓએ અપુર્વ યુક્તિની સંકળનાએ જંબુસ્વામીની વિનંતી કરી જે ઢાળનો અર્થ પણ પૂરેલો ત્યારપછી શિઘ્રમેવ દિક્ષા લેવાની અગત્યતાને સૂચવનારી જંબુસ્વામીએ પ્રભવકુમાર પ્રત્યે કહેલી અનુપમ ઢાળ છે. ત્યારબાદ સ્ત્રીએ, સ્વસુરપક્ષ, તથા માતાપિતા સંયુક્ત દિક્ષા લેવા નીકળેલા શ્રી જંબુસ્વામીના દીક્ષા મહોત્સવનું વર્ણન ખરેખર અનુમેયજ છે. કોઈ પણ રાસમાં આવું

દીક્ષામહોત્સવનું વર્ણન દૃષ્ટિગત થતું નથી. પ્રાંતે શ્રી સુધર્મ ગણધર સમીપે દીક્ષા ગ્રહણ કરીને નિર્વાણ પદ પ્રાપ્તિ પર્યંત અધિકાર છે અને છેવટે કર્ત્તાએ પોતાની પટાવળી પ્રદર્શિત કરી છે. "

જો કે બીજા કવિનો કરેલો જંબુસ્વામીનોજ રાસ કદી કોઈના વાંચવા તથા સાંભળવામાં આવ્યો હશે તેમજ ઉપર જણાવેલી કથાઓમાંની કથાઓ પણ કદાપિ શ્રવણગત થઈ હશે પરંતુ આ રાસમાં તો તે કથાઓ, તેમજ જંબુસ્વામીનો જન્મ વૃતાંત, તેમના પુર્વભવનું વર્ણન તેમજ વિવાહમહોત્સવ અને દીક્ષામહોત્સવનું વર્ણન જે અદ્ભૂત અલંકારોએ અલંકૃત અને નવરસે કરીને પ્રપુરિત દર્શાવેલ છે તે ખરેખર અનુપમેયજ છે. જેનો તાદ્રશ ચિતાર આદ્યંત વાંચવાથીજ જણાય તેમ છે. અમે આ ટુંકી પ્રસ્તાવનામાં તે બતાવી આપવાને અશક્ત છેએ.

આ રાસને છપાવી પ્રસિદ્ધ કરવામાં અમારી મુખ્ય ( ભાવનગર ) જૈનધર્મ પ્રસારક સભા તરફથી જે સર્વ પ્રકારનો આશ્રય આપવામાં આવેલો છે તેને માટે તેમનો સંપૂર્ણ પ્રકારે આભાર માનીએ છીએ તેમજ અમારો વિચાર પ્રથમ શ્રીનયવિમળજીકૃત રાસ છપાવવાનો હતો અને તેને માટેજ હેંડબીલો પણ બહાર પાડવામાં આવ્યાં હતાં પરંતુ પાછળથી શ્રી મહુવાનિવાસી શ્રાવક નેમચંદ મુળચંદે મહોપાધ્યાય શ્રીમદ્યશો વિજયજીકૃત રાસના (આ) પ્રત મોકલાવી અને તેથીજ અપૂર્વ રાસ છપાવવાને અમારાથી બની શક્યું માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

બીજી પ્રત મળી ન શકવાથી તેમજ રાસની લખાયેલી

ભાષા જરા વિચારવા જેવી હોવાથી તેને યથાર્થ કરીને છ પાવતાં મતિદોષથી તેમજ દ્રષ્ટિદોષથી અને છેવટે પ્રુફ તપા સવામાં અસગવડતાના કારણથી જે કાંઈ ભૂલ ચુક દ્રષ્ટિએ પડે તે સજ્જનોએ સુધારી લેવી અને તેને માટે ક્ષમા કરવી.

આ પ્રયત્ન અમારી સભાનો પ્રથમજ છે તેથી તેને જૈનવર્ગ તરફથી જો સંપૂર્ણ પ્રકારે આશ્રય મળશે તો અમે દિવસાનુદિવસ ઉત્તમ ગ્રંથનો શોધ કરી છપાવીને બાહાર પાડી જૈનવર્ગની શેવા યથાશક્તિ બજાવશું. તથાસ્તુ

| | |
|---|---|
| પ્રથમ ચૈત્ર શુકલ ૧૫<br>સંવત ૧૯૪૪ | શ્રી જૈનધર્મ પ્રસારક શાખા સભા<br>મુંબઈ. |

શ્રી

# જંબુસ્વામીનો રાસ.

॥ श्री पंचपरमेष्टीभ्योनमः ॥

## દુહા.

સારદ સાર દયા કરો, આપો વચન સુરંગ;
તું તૂઠી મુઝ ઊપરે, જાપ કરત ઊપગંગ ॥ ૧ ॥
તર્ક કાવ્યનો તેં તદા, દીધો વર અભિરામ;
ભાષા પણ કરી કલ્પતરૂ, શાખા સમ પરિણામ ॥૨॥
હે માત ! નચાવે કુકવી તુજ, ઉદર ભરણને કાજ;
હું તો સદગુણ પદે ઠવી, પૂજું છું મત લાજ ॥ ૩ ॥
¹તંબૂ ધર્મ સુસાથનો, કંબૂ દક્ષિણાવર્ત્ત;
અંબૂ ભવદવ ઉપસમે, જંબૂ ચરિત્ર પવિત્ર ॥ ૪ ॥
પવિત્ર કરે જે સાંભળ્યું, ત્રિભુવન જંબૂ ચરીત્ર;
આબિલ પણ મુજ વાણિ તે, કરસ્યે રસ પવિત્ર ॥૫॥

---

૧ ધરમરૂપી ઉત્તમ સારથવાહના તંબુ સમાન, મનવાંછિતને પૂરનાર દક્ષિણાવરત્ત શંખ સમાન અને ભવરૂપી દાવાનળને ઉપસમાવવાને સમુદ્ર સમાન આ શ્રી જંબુસ્વામીનું પવિત્ર એવુ ચરિત્ર છે.

[1]અમૃત પારણું કાનનું, ભવિજનને હિત હેત;
કરતાં મુજ મંગળ હુઓ, એ [2] ભારતિ સંકેત ॥ ૬ ॥
શ્રીનય વિજય [3]વિબુધ તણું, નામ પરમ છે મંત;
તેહની પણ સાનિધ્ય લહી, કીજે એહ વૃતાંત ॥ ૭ ॥

ઢાળ.

(સીમંધર જિન ત્રિભુવન ભાણ) એ દેશી

સમવસરણનો હુઓ રે મંડાણ, માણિક હેમ રજત સુપ્રમાણ; સિંહાસન બેઠા જિન વીર, દીએ દેશના અર્થ ગંભીર ॥ ૧ ॥ વિદ્યુન્માળી સુર તીહાં આવે, જિનવંદી આનંદ બહુ પાવે; [4] ચરમ કેવળી કુણ પ્રભુ થાશે, શ્રેણિક પૂછે મન ઉલ્લાસે ॥ ૨ ॥ પ્રભુ કહે સુણ શ્રેણિક નૃપચંદ, [5]બ્રહ્મલોક સામાનિક ઇંદ; ચઊદેવી યુત વિદ્યુન્માળી, સાતમે દિને એ ચવી શુભ શાળી ॥ ૩ ॥ ઋષભદત્ત સુત તુઝ પુર ઠામે ચરમ કેવળી જંબૂ નામે; હોસ્યે તે સુણી દેવ અનાઢી,[6] હરખે પરખી નિજ કુળ [7]આઢી ॥ ૪ ॥ [8]નપ

---

૧ જે સાંભળતાં કાનને અમૃત રસનું પારણું થાય છે તેવું.
૨ સરસ્વતિ. ૩ ઉપાધ્યાય. ૪ છેલ્લા કેવળજ્ઞાની.
૫ પાંચમા દેવલોકના ઇંદ્રની સમાન રૂદ્ધિવાળો દેવતા.
૬ જંબુદ્વિપનો અધિષ્ટાયક દેવતા અનાઢી નામે.
૭ વૃદ્ધિ. ૮ રાજા શ્રેણિક.

પુછે એ કીમ મદભારી, સ્વામી કહે એ પુરી વ્યવ-
હારી; હુઓ ગુપ્તમતિ સુત દોય તાસ, ઋષભદત્ત એક
એક જિનદાસ ॥ ૫ ॥ [૧]ન્યાય અન્યાય ચરિત્રે તેહ,
પ્રથમ ચરમ યુગ્માનું સદેહ; એક જનિતને અંતર તેનું,
અમૃત હળાહળ તે હોય જેનું ॥ ૬ ॥ ઋષભદત્તે અ-
ન્યાયી જાણી, કાઢયો [૨]અનૂજ તે બાહિર તાણી;
[૩]દ્યુતે હાર્યો આયુધે માર્યો, ધર્મ સુણાવી [૪]ભાઇએ
તાર્યો ॥ ૭ ॥ અંતે જપી નવકાર ઉદાર, જંબુદ્વીપ
અધિપ હુઓ સાર; નિજકુળે સુણી ઉત્તમ અવતાર,
તે હરખ પામ્યો [૫]અધિકાર ॥ ૮ ॥ ફરી પુછે નૃપ
વિદ્યુન્માળી, સુર હુઓ શ્યું દેઇ શ્યું પાળી; જેણે
તેજે દસ દિસિ અંજુઆળી, જે આગે ઝાંખે [૬]દ્યુતિ
માળી ॥ ૯ ॥ એહવો બીજો કોઇ ન દીઠો, જેમ જો-
ઇએ તેમ લાગે મીઠો; સુજસ વિલાસ મહોદય પાયા,
શ્યે પુણ્યે તે કહે જિનરાયા ॥ ૧૦ ॥

---

૧ એક માતપિતાના પુત્ર છતાં અમૃત અને હળાહળ ઝેર જેટલુ બંનેમાં અંતર છે, રૂષભદત્ત મહા ન્યાયી છે અને જિનદાસ અન્યાયી છે.

૨ નાનો ભાઈ (જિનદાસ.) ૩ જુગટામાં હાર્યો.

૪ રૂષભદત્તે ધરમ સંભળાવી તારયો. ૫ અધિક.

૬ સુર્ય પણ જેની પાસે ઝાંખો થાય એવું તેજ છે.

## દોહા.

અમૃત મધુર વાણિ વદે, તવ જળધર ગંભીર વીર ભવિક હિત કારણે, સમરથ સાહસ ધિર ॥ ૧ ॥ સાંભળજો શ્રોતા સવે, કહેશું સરસ તે વાત; સાંભળતાં મત ઉંઘજો, મત કરજો વ્યાઘાત ॥ ૨ ॥ [1]ઉંઘે તે સુંઘે મહી, ચુસે નહીં રસ ઘુંટ; સાકર દ્રાક્ષને પરિહરે, કંટક રાતો ઉંટ ॥ ૩ ॥ નિદ્રા (૫) વિકથા (૪) મદ (૮) પરિહરી, ગુરૂ મુખ સાહમું જોઇ; સુણીજે હિયડે ઊલ્લસે, શ્રોતા સાચો સોઇ ॥ ૪ ॥

## ઢાળ

(ભોળીડારે હંસારે વિષય ન રાચીએ) એ દેશી.

મગધ દેશમાંહી ગ્રામસુગ્રામ છે, ક્ષેત્ર ભરત સુનિવેશ; [2]રાષ્ટકુટ ધનપતિ તસ [3]ગેહિની, રેવતી અદ્ભુત વેશ ॥ પુણ્ય પ્રમાણેરે સવિ સુખ પામીએરે ॥ ૧ ॥ પૂત્ર હૂઆ દોય તસ કુખે ભલા, ભવદત્ત ને ભવદેવ; દીક્ષા લેઇરે ભવદત્ત શ્રુત ભણ્યો, વિચ

---

૧ શ્રવણ કરતાં ઊંઘનાર માણસ જમીન સુંઘે છે. રસના ઘુંટડા ચુસી શકતો નથી. જેમ કાંટા ખાવાને ઇચ્છનાર ઊંટ સાકર અને દ્રાક્ષને તજી દે છે.

૨ રાષ્ટ્ર૦ દેશનો કુટ૦ દેશાઇ અથવા પટેલ. ૩ સ્ત્રી.

રે કરત ગુરૂ શેવ ॥ પુ૦ ॥ ૨ ॥ તે ગચ્છમાંથીરે મુનિ એક અનુજને, દીક્ષા દેવાને કાજ; અનુમતિ માગેરે ગુરૂની તેણે દીઓ, શ્રુતધર સાધુ સમાજ ॥ પુ૦ ॥ ૩ ॥ ગીતારથનો એક વિહાર છે, બીજો મિશ્રિત તેણ; ત્રીજો વિહાર જિને નવી ઉપદિસ્યો, એ ક્રમ તજીએરે કેણ ॥ પુ૦ ॥ ૪ ॥ ધામ પિતાનેરે જઇ તેણે દેખીયો, માંડીઓ અનુજ વિવાહ; વિવાહ ગહિલેરે [1]અગ્રજ નવિ નમ્યો, દુરે વ્રતનો ઉચ્છાહ ॥ પુ૦ ॥ ૫ ॥ તીહાંથી આવ્યોરે મુનિ વિલખો થઇ, જીમ મગશેલથી મેહ; આલોઇ કહે સવી ગુરૂને કથા, ભવદત્ત કહે સસનેહ ॥ પુ૦ ॥ ૬ ॥ વિવાહ કૌતુક નિજ ગુરૂ ભકિતનો, ન લહે સોમોરે ભાગ; અગ્રજ મુનિનેરે 'અનુજ' ન આદરે, તો તે કઠીન અભાગ્ય ॥ પુ૦ ॥ ૭ ॥ તવ કોઇ બોલેરે તુમે નિજ અનુજને, વ્રત દેશો તો પ્રમાણ; આરા કેડેરે વારો આવશે, જોઇ બોલે તે [2]જાણ ॥ પુ૦ ॥ ૮ ॥ એણે વયણેરે ભવદત્ત વેધીયો, કહે જો મગધ વિહાર, ગુરૂનો હોશેરે તો અમે પુરશું, કૌતુક એહ ઉદાર ॥ પુ૦ ॥ ૯ ॥ મગધે વિચ

---

૧ મોટા ભાઇને, વિવાહમાં ઘેલા થયેલાઓએ નમસ્કાર પણ કર્યો નહીં  ૨ જાણ = સમજુ.

યો રે ગુરૂ અનુમતિ તદા, માગે મુનિ ભવદત્ત; [1]એક જ મેલોરે જે શ્રુતધરવશી, સ્વજન પ્રબોધ નિમિત્ત ॥ પુ० ॥ ૧૦ ॥ ભવદત્ત પહોતો રે સંસારિક ઘરે, અનુજને દીક્ષાને હેત; તે [2]નવ પરણ્યો રે નાગદત્ત વાસુકી, પુત્રી પુણ્ય સમેત ॥ પુ० ॥ ૧૧ ॥ વિવાહ ઉત્સવ કરી તસ આવીઆ, મુનિની સાહમારે [3]બંધુ; ઉત્સવ ઉપર ઉત્સવ આવીયો, માને આનંદ સિંધુ. ॥ પુ० ॥ ૧૨ ॥ [4]પ્રાસુક ઊદકે રે મુનિપદ ધોઇને, વંદે ચરણનું નીર; મુનિપદે લાગેરે આગે ઓળગે, માને લહ્યો ભવતીર ॥ પુ० ॥ ૧૩ ॥ વિવાહ વ્યાકુળ તુમે છો અમે જશું, ધર્મલાભ મુનિ દેઇ; મુનિ પડિલાભે રે તવ તે સૂઝતાં, [5]ભકતાદિક કર લેઇ ॥ પુ० ॥ ૧૪ ॥ તવ [6]મંડેછેરે કુળ આચારથી, [7]નવોઢા ભવદેવ; કીયો ચંદ્રિકારે સમચંદન રસે, અંગરાગ તતખેવ ॥ પુ० ॥ ૧૫ ॥ કેશપાસ કુસુમ પૂરિત

---

૧ જે શ્રુતના ધરનાર અને ઇંદ્રીના વશ કરનાર હોય એવા એક મૂનિને સાથે મોકલો. ૨ નાગીલા. નવી પરણ્યો છે. નાગદત્ત પિતા અને વાસુકી માતાની પુત્રી ૩ કુટુંબીઓ. ૪ ઉનું પાણી. ૫ ભાત પાણી વિગેરે. ૬ શાણગારે છે. ૭ નવ પરણિત.

બાંધી ઓ, [1]ચોરિત ધન યુત જોર, [2]નાઠો દેખીરે ઊગ્યો મુખ શશિ, અંધકાર માનુ ચોર ॥ પુ૦ ॥ ૧૬॥ તિલક બનાવ્યું રે કેશરનું ભલું, સોહે [3]લાલ વિશાળ; અંકુર ઉગ્યોરે માનુ મદનતણો, જેહ દગ્ધ હર ભાળ ॥ પુ૦ ॥ ૧૭ ॥ [4]અમળ કપોળે રે પત્રલતા કરી, કસ્તુરીની વિચિત્ર; માનુ એહ પ્રશસ્તિ મદન તણી, જગ જયકારી ચરિત્ર ॥ પુ૦ ॥ ૧૮ ॥ [5]કુચમંડન જબ કરે તે કામનું, ઋષભકૂટ જયનામ; તબ મુનિ ભ્રાતારે આવ્યા સાંભળ્યા, હુઓ વંદન પરિણામ ॥ પુ૦ ૧૯॥ [6]અર્ધ મંડિતારે મુકી નાગિલા, વહેલો આવું રે વંદી; ઇંમ વિનિવારીરે સખિ તસ વારતી, વંદે ભ્રાત આનંદ ॥ પુ૦ ૨૦ ॥ મુનિ

---

૧ ચોરેલા દ્રવ્ય સહીત. ૨ તે સ્ત્રીના મુખરૂપ ચંદ્રનો ઉદય થવાથી માનુ અંધકાર રૂપ ચોર નાશી ગયો. ૩ તેના કપાળમાં કેસરનું તીલક કર્યું તે ઘણું રક્ત હોવાથી એવું શોભે છે કે માનુ શિવે બાળે કામદેવનો અંકુર ઉગ્યો હોયની! ૪ નિર્મળ ગાલની ઉપર કસ્તુરીની વિચિત્ર પત્રલતા કાઢી. ૫ ચક્રવરતિ જેમ છ ખંડ જીત્યાની નિશાની માટે રૂષભકુટ પર્વતે નામ લખે છે તેમ કામદેવની જીતની નિશાની માટે હવે તે ભવદેવ સ્તનને ચીતરે છે. ૬ અરધી શણગારેલી.

ઘત[1] ભાજન અનુજ કરે દીએ, વ્રત[2] દેવા સંવકાર; ભવદત્ત તીહાંથીરે ભલી પરે[3] પાંગર્યા, આવ્યા બહુ નરનાર ॥ પુ૦ ૨૧ ॥ સાધુ વિસર્જેરે નવી તે કોઇને, એ મુનિનો રે આચાર; દૂર જઇને રે નરનારિ [4]ક્રમે, વળીયા આપ વિચાર ॥ પુણ્ય. ॥ ૨૨ ॥ ભદ્ર આત્મારે ચિંતે ભવદેવ તે, ચતુર વિચિંતેરે એમ; જન [5]અવિ સર્જ્યારે ફરીયા તે સુખે, ફીરો હું ભાઇ ફીરૂં કેમ ॥ પુ૦ ॥ ૨૩ ॥ ભાર ભણી ઘૃત ભાજન મુજ દીયું, ભાઇએ કર્યો એ [6]પ્રસાદ; ઠામ ન મુકું રે અણ લીધું વળી, સગપણનો શ્યો સ્વાદ ॥ પુ૦ ॥ ૨૪ ॥ એ મત વળીયોરે એમ મને ચિંતવી, મન આખે પેરે તાસ; [7]ગૃહિ પણ વાર્ત્તારે કાઢીરે મૂળગી, ભવદત્ત સુજસ વિલાસ ॥ પુ૦ ॥ ૨૫ ॥

દુહા.

ગામ સીમ એ રૂખડાં, મોહનગારા હુંત; વાનર પરે ચઢતાં જીહાં; આપણ બેહુ રમંત ॥ ૧ ॥ તેહ સરોવર તેહ જળ, તેહજ તીર મનોહાર; કંઠે આ

---

૧ ઘીનું પાત્ર. ૨ વ્રત દેવા માટે સાથે લઈ જવાના વિચારથી. ૩ ચાલ્યા. ૪ અનુક્રમે. ૫ વગર રજા આપ્યે. ૬ કૃપા-મેહેરબાની. ૭ ગ્રહસ્થીપણાની.

રોપ્યા જીહાં, [1]તાલ નલિનના હાર ॥ ૨ ॥ સોહે એહજ વાલુકા, ઊજવળ જીસી કપૂર; બાળ લીલા એ આપણે, કર્યાં જીહાં ઘર ભૂરિ ॥ ૩ ॥ વાતે લગાવી એમ અનુજ, ભવદત્ત ભેટે [2]ગામ; જે આચારજ પદ કમળ, પવિત્ર કીયું અભિરામ ॥ ૪ ॥

ઢાળ.

( અહો મતવાલે સાજના ) એ દેશી.

અનુજ સહીત હવે આવીઆ, ભવદત્ત [3]વસતિને દ્વારેરે; પુણ્ય ધર્મ બેહુ એકઠા, માનુ પુષ્ટિ શુદ્ધિ અધિકારેરે ॥ ૧ ॥ પુણ્ય કરો ભવી પ્રાણીયા, પુણ્યે સવી સુખ હોયરે; પુણ્ય વિહુણા માનવી, તેનું નામ ન જાણે કોયરે ॥ પુણ્ય. ૨ ॥ વાંકી કોટી કરી જુએ, તીહાં ભોજન વેળાએ ચેલારે; એ આવે ભવદત્તજી, બીહું મીલીય ગયા થાકેલારે ॥ પુણ્ય. ૩ ॥ મુનિને મળીઆ મુનિ હુવે, સન્યાસીને સન્યાસીરે; હાથ આવ્યો કિમ છુટશે, માંહો માંહે કરે હાંસીરે ॥ પુણ્ય. ૪ ॥ કવણ તરૂણ છે એ આણીઓ, એમ ગુરૂજીએ જવ બોલાવ્યોરે; ભવદત્ત કહે હું માહરો, ભાઇ દીક્ષા દેવા લાવ્યોરે ॥ પુણ્ય. ૫ ॥ ગુરૂ

---

૧ તાલવૃક્ષના તથા કમલિનિના હાર. ૨ નજીકના જે ગામમાં આચાર્ય હતા તે ગામ. ૩ ઉપાશ્રય.

તેહને પુછે તમો, વ્રત અર્થી છો વડભાગીરે; ભ્રાતા જુઠો મત હોવો, કહે સાચું છું વૈરાગીરે ॥ પુણ્ય. ૬ ॥ તત્ક્ષણ [1]દીખી મોકલ્યો, મુનિ સાથે તે [2]પરઠાણેરે; [3]બંધવે આવી પુછીયું, ભવદત્ત કહે કુણ જાણેરે ॥ પુણ્ય. ૭ ॥ ધર્મ તણે અરથે કહે, જુઠી પણ મુનિવર વાણિરે; સ્વજન તે સવી પાછા વળ્યા, મુનિની કાંઇ શંકા ન આણીરે ॥ પુણ્ય. ૮ ॥ વ્રત પાળે ભવદેવ તે, કેવળ ભાઇની ભગતેરે; ચિત્તથી ન તજે નાગિલા, તે તો જુડે ન જોડયો જુગતેરે ॥ પુણ્ય. ૯ ॥ મુનિ ભવદત્ત તપતપી, આયુ પાળી અણસણ કીધુંરે; સૌધર્મે સુર તે થયા, આત્માનું કારજ સિદ્ધયુંરે ॥ પુણ્ય. ૧૦ ॥ હવે ભવદેવ તે ચિંતવે, નાગિલા છે માહરે પ્યારીરે; હું છું તેહને વલ્લહો, એ તો રંગ બન્યો છે કરારીરે ॥ પુણ્ય. ૧૧ ॥ વ્રત પાળ્યું દિન એટલા, મેં કેવળ ભાઇની લાજેરે; તે તો સ્વર્ગે ગયા હવે, વ્રત આવે મુઝ શ્યે કાજેરે ॥ પુણ્ય. ૧૨ ॥ તરૂણી વિરહ ચિત્ત દાધીયું, વ્રત ગુણ નવી આવ્યા લેખેરે; [4]અગ્ની બળે જસ કોટરે, નવપલ્લવ તે

---

૧ દીક્ષા દઇને. ૨ બીજે સ્થાનકે. ૩ સ્વજનવર્ગે. ૪ જે વૃક્ષના અંતરમાં અગ્નિ બળતો હોય તે વૃક્ષ નવ પલ્લવ કેમ દેખાય.

કુણ દેખેરે ॥ પુણ્ય. ૧૩ ॥ બહુવિધ બાહ્ય ક્રિયા કરી. મન શુન્યે તે જાય ફોકેરે; આખિ વિના કેમ આપીએ, માગ્યું નાણું રોકારોકેરે ॥ પુણ્ય. ૧૪ ॥ જન જાણે કાંઇ દુબળા, પણ વિરહની પીડ ન જાણેરે; ખાધું પીધું નવી ગમે, નિદ્રા પણ નાવે ટાણેરે ॥ પુણ્ય. ૧૫ ॥ સોહ્યલી સહેવી અગ્નિની, પણ દોહ્યલી વિરહ ની ઝાળારે; તે ઓલાયે નીરથી, આતો નયણ જળે અસરાળારે ॥ પુણ્ય. ૧૬ ॥ [૧]અંકન છે એ ચંદ્રને, કોઇ વિરહે હ્રદય છે દાઝ્યુંરે; વિરહ લિખિત ભાળે જવળે, [૨]હર તેને વિલોચન બાંધ્યુંરે; પુણ્ય. ૧૭ ॥ અધર [૩]સુધા મુખ ચંદ્રમા, વાણિ સાકર [૪]બાહ્ય મૃ- ણાલીરે; તે પેઠી મુજ ચિત્તમાં, [૫]તેણીએ કાયા કહો કેમ બાળીરે ॥ પુણ્ય. ૧૮ ॥ વ્રતકષ્ટે હું નવી તથા, જેમ વિરહે છું અતી પીડયોરે; ફાટત હ્રદય પ્રિયાત ણું, કુચ બંધન હોત જો [૬]તીડયોરે ॥ પુણ્ય. ૧૯ ॥ શું જાણું શું તે થઈ, આય [૭]યુથ ભ્રષ્ટ જેમ હરણીરે;

---

૧ નિશાની. ૨ શંકર. ૩ અમૃત. ૪ હાથ કમલિનિ જેવાછે.

૫ હોઠ અમૃત સમાન, મુખ ચંદ્ર સમાન, વાણી સાકર સમાન અને હાથ કમલિનિ જેવા જેના છે એવી સ્ત્રી મારા ચિતમાં પેઠીછે તો તેના સરવે આંગોપાંગ શિતળ છતાં મારી કાયાને કેમ બાળેછે.

૬ અંગો અગ મળયો હોત તો. ૭ ટોળાથી વખુટી પડેલી.

હિમ દાધી જેમ પોયણી, મુગ્ધા મેં મેલ્હી પરણીરે ॥ પુણ્ય. ૨૦ ॥ હજીય ન કાંઇ મુઝ ગયું, હું જઇ માંડું ઘરવાસરે; સા મુઝ હો પ્રાણેશ્વરી, હું થઇ રહું તેહનો દાસરે ॥ પુણ્ય. ૨૧ ॥ પાંખ હોયે તો ઊડી મળું, હવે ક્ષણ એક મેં ન ખમાયરે, [1]પંચ બાણીયો પપીયો, ઊજાણો કેડે ધાયરે ॥ પુણ્ય. ૨૨ ॥ ઇમ ચિંતી તે ચાલીઓ, કાંઇ [2]સ્થવીરને નવીય જણાવ્યું રે; બાહિર [3]આયતને રહયો, જબ [4]ગ્રામ સુગ્રામ તે આવ્યું રે ॥ પુણ્ય. ૨૩ ॥ ફુલ માલ્યધર કામની, એક બ્રાહ્મણો યુત તીહાં વંદેરે; ભવદેવે પુછીયું ઈહાં, [5]આર્યવાન રેવતી નંદેરે ॥પુણ્ય.૨૪॥ શા કહે પરલોકે ગયા, તે સમય થયો બહુ પુછેરે; મુનિ ભવદેવે જે તજી, નાગિલા નવ પરણી કીમ છે રે ॥ પુ૦ ૨૫ ॥ સા જાણે ભવદેવ એ, કહે આવ્યાનો શો ટાણોરે; મુનિ કહે મિળવા નાગિલા, સા કહે તેહજ હું જાણોરે ॥ પુ૦ ૨૬ ॥ કાળે મુજ યોવન જતે ગયું, લાવણ્ય -હદય વિચારેરે; મુઝ કોડીને કારણે, રૂડાં ત્રણ્ય રત્ન મત હારેરે ॥ પુ૦ ૨૭ ॥ ભાઇએ તુજને હિત કર્યું, કપટે પણ ચારિત્ર આપીરે;

---

૧ કામદેવ. ૨ ધરમમાં સ્થિર કરનાર મુખ્ય મુનિ. ૩ કોઇ મકાનમાં. ૪ પોતાનું સાંસારિક ગામ. ૫ ભવદેવનાં માત પિતા.

ધત્તુરાની વાડ તું, મ કરે સુરતરૂ કાપીરે ॥ પુ૦ ૨૮॥ [1]બ્રાહ્મણી સુતે આવી કહ્યું, ધરી ભાજન પાયસ વમીયુંરે; દક્ષિણા લઇ બીજા તણી, તેમાં શી લાજ વ મ્યું નિજ જમીયેરે ॥ પુ૦ ૨૯ ॥ મા કહે નિંદિત મત કરે, ભવદેવ કહે [2]વંતા શીરે; પુરૂષ[3] શુનકથી પ ણ બુરા, નાગિલા કહે જાણુ વિમાસીરે. ॥ પુ૦ ૩૦ ॥ માંસ મુત્ર રૂધિરે ભરી, હું વમનથકી પણ ભુંડીરે; તે હ નિંદિત શ્યું રાચતો, શું ચાહે છે નર્કની કુંડીરે ॥ પુ૦ ૩૧॥ પરશિખવવા પરવડા, તેતો પુરૂષમાંહે ન વી ગણીએરે; જે નિજ જીવને શિખવે, તે પુરૂષ ધુરંધ ર ગણીએરે; ॥ પુ૦ ૩૨ ॥ કહે ભવદેવ ભલાપરે, હું પંથે આણ્યો સુશિયાળેરે; [4]ઉત્પથ જાતો વારીયો તુઝ હોજો સુજસ લીલારે ॥ પુ૦ ૩૩ ॥

## દુહા.

આજ સજન દેખી કરી, જાઊં ગુરૂની પાસ; અતિ ચાર આળોઇને તપ તપું -હૃદય ઉલ્લાસ ॥ ૧ ॥ કહે નાગિલા તુમ કિશ્યો, 'બાંધ વશ્યુ' પ્રતિબંધ; વર હિત

---

૧ નાગિલા સાથે જે બ્રાહ્મણી હતી તેના પુત્રે વમેલી ક્ષીર નું ભાજન પોતાની માતા પાસે ધરીને કહ્યું કે આ બીજાનું વમેલું છે તે દક્ષિણા લઇને જમીયે તો શું લજ્યા છે? ૨ નિષિદ્ધ છે. ૩ કુતરો. ૪ ઊન્મારગ–ચરિત્રથી વિરૂદ્ધ સંસાર મારગ તે.

જાણે જેહને, તે બંધવ તુઝબંધ ॥ ૨ ॥ જાઓ ગુરૂ ચરણે ચિત્ત વની, પાળો શુદ્ધ આચાર; હું પણ ગુરૂણીની કન્હે, વ્રત લેઇશ નિરધાર ॥ ૩ ॥ હવે જીન બિંબ નમી ગયો, ગુરૂ પાસે ભવદેવ; પાળે નિરતિ ચાર વ્રત, કરી આલોયણ શેવ ॥ ૪ ॥ પાળી સંયમ સુર થયો, શક્ર સામાનિક તેહ; સૌધર્મે અંજુઆળતો, દશ દિશિ અનોપમ દેહ ॥ ૫ ॥

ઢાળ.

જીરેજીની દેશી.

જીરે મહારે હવે ભવદત્તનો જીવ, સ્વર્ગથી ચવીઓ સુર થયો જીરેજી; જીરે માહરે મહાવિદેહ મોઝાર, વિજય પુખ્ખળાવઇ ભલો જીરેજી ॥ ૧ ॥ જીરે નયરી પુંડરગીણી સાર, ચક્રી વજ્રદત્ત ગુણ ભર્યો જીરેજી; જીરે રાણી યશોદા નામ, તેહની કુખે અવતર્યો જીરેજી ॥ ૨ ॥ જીરે તેણે[1] અવતરીએ કુક્ષ, દોહદ ધરે યશોધરાજી૦ ॥ જીરે ક્રીડું સમુદ્ર મોઝાર, તો મનોરથ પુગે ખરાજી૦ ॥ ૩ ॥ જીરે[2] સીતા સમુદ્રમાં રાય, ક્રીડાવી તે[3] પુરવયેજી૦ ॥ જીરે દીપે સા બહુ તેજ, પુર્ણ બિંબ શશી પેરે હવે જી૦ ॥ ૪ ॥ જીરે સમયે પ્રસ

---

૧ ગરભપણે આવ્યે છતે. ૨ સીતા નદીને મળે છે ૯ યાં
૩ પુરપતી-રાજાએ.

વીઓ પુત્ર, સાગરદત્ત[1] અભિધા કરીજી૦ ॥ જીરે બા
ળ લીલા બહુ ભાત, ખેલાવ્યો નવ નવ ચરી
જી૦ ॥ ૫ ॥ જીરે સમયે મેલ્હે રાય, ગુરૂ પાસે ભણ
વા કળા જી૦ ॥ જીરે ગુણધારી સવી લેય, તેહ કુપ
જળ નિર્મળા જી૦ ॥ ૬ ॥ જીરે સ્વયંવર આવી અને
ક, પરણે કન્યા યૌવને જી૦ ॥ જીરે તેહ સ્યું વિલ
સે ભોગ, [2]કરિણીસ્યું જીમ કરી વને જી૦ ॥ ૭ ॥
જીરે દેખે તે એકદા [3]અભ્ર, નારિશ્યું ઘર ખેલતો
જી૦ ॥ જીરે માનુ મેરૂ આકાશ, ભુમિરા મેરૂને ઠેલતો
જી૦ ૮ ॥ જીરે મેઘ મેરૂ સમ દેખી, ન વળે તસ[4] દગ
ભરી સૂધાજી ॥ જીરે સુંદર વસ્તુ ન દીઠ, નયન જ
ન્મ તેહેનો વૃથા જી૦ ॥ ૯ ॥ જીરે દેખત અંત તતખે
વ, પવને સર્વ પરો કર્યો જી૦ ॥ જીરે [5]પિષુનતે પવ
ન પઇઠ્ઠ, મિત્ર મેઘ ન રહે ધર્યો જી૦ ॥ ૧૦ ॥ જીરે
કુમર ચિંતે ચિત્ત, ક્ષણિક એહ જિમ તિમ સવે જી૦ ॥
જીરે સંપદ આપદ અંત, જન્મ મરણ અંત લેખવે
જી૦ ॥ ૧૧ ॥ જીરે નિત્ય સ્થિર એક ધર્મ, વ્રત લે
ઇને પાળીએ જી૦ ॥ જીરે શાસ્વત સુખ હોય જેણ,
આત્મશક્તિ અજુઆળીએ જી૦ ॥ ૧૨ ॥ જીરે સા

---

૧ નામ. ૨ હાથીણી. ૩ વાદળાં. ૪ દ્રષ્ટિ-નજર.
૫ ચાડીયા રૂપી પવન પેસવાથી મિત્રતારૂપી મેઘ ન રહયો.

મરદત્ત કુમાર, આપે હુઓ વૈરાગીયો જી૦ ॥ જીરે અનુમતિ માગે માત, તાત તણી ચિત્ત જાગીયો જી૦ ॥ ૧૩ ॥ જીરે સ્નેહ તંતુ તસ છેદ, [1]અનુમતિ લેઇ વ્રત આદરે જી૦ ॥ જીરે અમૃતસાગર ગુરૂ શિષ્ય, અવધિજ્ઞાન શ્રુતધર ધરેજી૦ ॥ ૧૪ ॥ જીરે હવે ભવદેવનો જીવ, કાળે સ્વર્ગ થકી ચવી જી૦ ॥ જીરે તીહાં પુરિ 'વિત શોક,' રાય પદ્મરથ મહોચ્છવી જી૦ ॥૧૫॥ જીરે દેવી તસ વનમાળ, [2]શિવ કુમાર તેણે સુત જણ્યો જી૦ ॥ જીરે લાળ્યો પાળ્યો તેહ, ગુરૂ સાખે વિદ્યા ભણ્યો જી૦ ॥ ૧૬ ॥ જીરે યોવનવય નૃપવેશ, કન્યા પરણ્યો સોહામણી જી૦ ॥ જીરે તેહ શ્યું વિલસે ભોગ, તારા શ્યું જેમ [3]નિશિ મણિ જી૦ ॥ ૧૭ ॥ જીરે કેળ કરે [4]સકળત્ર, પ્રાસાદે તવ ગુણ ભર્યા જી૦ ॥ જીરે સાગર ઋષિ પુરબાહ્ય, ઉપવન માંહે સમોસર્યા જી૦ ॥ ૧૮ ॥ જીરે કામસમૃદ્ધ સાર્થવાહ, માસખમણુને પારણે જી૦ ॥ જીરે પડિલાભે વસુધાર, વૃષ્ટિ હુઇ તસ બારણે જી૦ ॥ ૧૯ ॥ જીરે શિવ કુમાર તે દેખી, વિસ્મિતવંદે મુનિની પ્રતે જી૦ ॥ જીરે બેસે તસપદ પાસ, રાજ હંસ સુવિગતે જી૦ ॥ ૨૦ ॥ જીરે ચૌદ પુ

---

૧ આજ્ઞા. ૨ ભવદેવનો જીવ. ૩ ચંદ્ર. ૪ સ્ત્રી સહીત.

વી તે ધર્મ; સપરિવાર શિવને કહે જી૦ ॥ જીરે વદે સંસાર અસાર, સ્ફટિક ચિત્તે તે સવી ગ્રહે જી૦॥૨૧॥ જીરે શિવ પુછે તેણીવાર, તુઝ જોતાં ચિત્ત ઉલ્લસે જી૦ ॥ જીરે વચણ સુજસ સસનેહ; પુરવભવ કહો કિમ હુશ્યે જી૦ ॥ ૨૨ ॥

## દુહા.

અવધિજ્ઞાને મુનિ કહે, અનુજ હતો તું મુજ; વાહલો પૂરવ ભવ દીયો, વ્રત કપટે મેં તુજ ॥ ૧ ॥ સૌધર્મે સુર દોઇ થયા, પ્રીતિવંત વડભાગ; ઇહભવ[1] નિર્મમ હું થયો, તું તો હજી સરાગ ॥ ૨ ॥ સાશ્રવ ઇતર અભ્યાસની, ઇહાં પરણિતિ છે મુળ; શિવ કુમર વિનવે તદા, કરી હૃદય અનુકુળ ॥ ૩ ॥

## ઢાળ.

(સુંદર! બાહુ જિનેશ્વર વિનવું) એ દેશી.

સુંદર ઇહભવ પૂરવ ભવ પરે; વ્રત દેઇને તાર હો ॥ સું૦ ॥ માતપિતા પુછી આવું હું,[2] તા રહેવું નિરધાર હો ॥ સુંદર પુણ્યે શુભ સગતિ મીલે ॥૧॥ સું૦ શિવ જઇ માતપિતા તણી; માગે અનુમતિ સાર હો ॥ સું૦ ॥ તે કહે ભક્ત જો અમતણો, તો માને વ્ર

---

૧ સાધુ. ૨ ત્યાં સુધી.

તનો નકાર હો ॥ પુ૦ ॥ ૨ ॥ સું૦ ॥ વ્રત લેવા અ સમર્થ તે, માતપિતા વિણ આણ હો ॥ સું૦ ॥ ભાવ યતિ હુઓ નિશ્ચયિ, સાગર ગુરૂ સુપ્રમાણ હો ॥પુ૦॥ ॥ ૩ ॥ સું૦ ॥ ભોજન વેળાએ નવી જમે, ન રૂચે ઉ ત્તર દેય હો ॥ સું૦ ॥ રાજા ઇમ ઊદ્વેગીયો, [1]દઢધર્મા ને કહેય હો ॥ પુ૦ ॥ ૪ ॥ સું૦ ॥ જીમ તીમ શિવ ને વશ કરો, ભુંજાવો ઇભ્ય પુત્ર હો ॥ સું૦॥ [2]તનુ પંજરથી નીકળે, જીવ પંખી દીયો યંત્ર હો ॥ પુ૦ ॥ ॥ ૫ ॥ સું૦ ॥ દઢધર્મા હવે આવીયો શિવ, પાસે અભ્રંત હો ॥ સું૦ ॥ નિસિહી કહી ઘરમાં જઇ, ઇ-રિયાવહિ પડિક્કંત હો ॥ પુ૦ ॥ ૬ ॥ સું૦ ॥ દ્વાદ શાવર્ત્ત વંદન દેઇ, પુંજી ભૂમિ બઇઠ્ઠ હો ॥ સું૦ ॥ [3]અણુજાણહ મુઝ એમ કહી, શિવ મન [4]ચિત્ર પઇઠ્ઠ હો ॥ પુ૦ ॥ ૭ ॥ સું૦ ॥ સાગર પાસે મુનિ તણો, એહવો વિનય મેં દીઠ્ઠ હો ॥ સું૦ ॥ ઇમ કહે શિવ તું માહરો, વિનય તે કિમ કરે [5]સિદ્ધ હો ॥ પુ૦ ॥ ॥ ૮ ॥ સું૦ ॥ ઇભ્ય કહે શુભ ભાવ તે, નિશ્ચય વંદન

---

૧ શિવકુમારનો મિત્ર શ્રેષ્ટિપુત્ર. ૨ ભોજન કર્યા વિના શ રિર રૂપી પીંજરથી જીવરૂપ પક્ષી ઊડી જાય માટે તેને તાળું દ્યો. અર્થાત ભોજન કરાવો. ૩ આજ્ઞા આપો. ૪ આશ્ચર્ય. ૫ પ્ર સિદ્ધપણે.

હેતુ હો ॥ સું૦ ॥ ભાવ યતિ તું માહરો, તેણે વંદન સંકેત હો ॥ પુ૦ ॥ ૯ ॥ સું૦ ॥ પણ એક તુમને પુછવું, ભોજન ન કરો કેમ હો ॥ સું૦ ॥ [6]નિરવદ્ય તેહ કીહાં મળે, ઇભ્ય કહે આણું એહ હો ॥ પુ૦ ॥ ૧૦ ॥ સું૦ ॥ તું ગુરૂ મુઝનો શિષ્ય હું; એ નિશ્ચય સુપ્રમાણ હો ॥ સું૦ ॥ [7]વય પર્યાયને શ્રુત કહ્યા, તે વ્યવહારના ઠાણ હો ॥ પુ૦ ॥ ૧૧ ॥ સું૦ ॥ તીહાં દિન પક્ષ ન માસડા, સંવત્સર ન ગણાય હો ॥ સું૦ ॥ મૂળ ઊત્તર ગુણ નવી, તે તો [8]સમય ભણાય હો ॥ ॥ પુ૦ ॥ ૧૨ ॥ સું૦ ॥ નવી મુંડયે મુંડિતપણું, શિરમુંડન ન એકાંત હો ॥ સું૦ ॥ વ્યવહારે હોયે તિરયા, નિશ્ચય નિજ વિશ્રાંત હો ॥ પુ૦ ॥ ૧૩ ॥ ॥ સું૦ ॥ ઘરે રહે તો પણ યતિ, જ્ઞાન યોગ્ય વ્યવહાર હો ॥ સું૦ ॥ તેણે બે નય પ્રમાણિયા, સાચો એ સુત્ર વિચાર હો ॥ પુ૦ ॥ ૧૪ ॥ વશ્યકે—યદુકતં—આ

**नवय इथ्थ पमाण णय परिआउं विणिच्छियणएणं । ववहार ओओकिरइ उभय णय मय**

**पुण प्रमाणं ॥**

---

[6] પાપ રહિત, સુઝતો આહાર. [7] વયસ્થવિર તે ૬૦ વરસની ઊમરના, પર્યાયસ્થવિર તે બાર માસના દિક્ષીત અને શ્રુતસ્થવિર તે સુગડાંગ સુત્રના અર્થને જાણનાર. [8] સિદ્ધાંત.

વશ્યકે ॥ સુ૦ ॥ શિવ કહે આંબિલ અંતરે, તો હુ છઠ્ઠ કરીશ હો ॥ સુ૦ ॥ સામાચારી પટુ કરે, ઇભ્ય તે તસ ઉપદેશ હો ॥ પુ૦ ॥ ૧૫ ॥ સુ૦ ॥ તપ કરતાં ઇમ તેહને, વરસ વીતીતાં બાર હો ॥ સુ૦ ॥ માતપિતા અનુમતિ ન દીયે, લેવા સંજમ ભાર હો ॥ પુ૦ ॥ ૧૬ ॥ સુ૦ ॥ આયુ પૂરી શિવ ઉપનો, બ્રહ્મલોકે એહ દેવ હો ॥ સુ૦ ॥ હમણાં એહની છબી કશી; પહિલા ઇંદ્ર સ્વયમેવ હો ॥ પુ૦ ॥ ૧૭ ॥ સુ૦ ॥ સાતમે દિન સુર એ ચવી, હોશે જંબુ નામ હો ॥ ॥ સુ૦ ॥ છેલો ઋષભસુત કેવળી, સુગુણ સુજસ અભિરામ હો ॥ પુ૦ ॥ ૧૮ ॥

દુહા.

તવવિદ્યુન્માળી નમન, પ્રસન્નચંદ્ર ઋષિરંગ; પ્રિયા ચાર પુછે ફરી, કીહાં હોશે પ્રિય સંગ ॥ ૧ ॥ ઋષિ કહે ઇહ પુરે સમુદ્ર વળી, પ્રીય સમુદ્રને કુબેર; સાગર ચ્યાર એ ઇભ્ય તસ, પુત્રી હુશ્યો સમેર ॥ ૨ ॥ તીહા નરવર તુમ્હ એહશું, હોશ્યે સંગમ રંગ; મંઅળમાળા તે લહે, જસ મન ધર્મે ચંગ ॥ ૩ ॥

ઇતિ શ્રી જંબુસ્વામી પ્રાકૃત પ્રબંધે મહોપાધ્યાય શ્રી યશોવિજય ગણી વિરચિતે પૂર્વભવ વર્ણનો નામ પ્રથમાધિકાર;

## ઢાળ.

(ઋષભનો વંશ રયણાયરૂ) એ દેશી.

હવે રે રાજગૃહ નગર છે, સકળ નગર શિણગા
રરે; ઉજ્વળ જિનગૃહ મંડળી, જીહાં હિમગિરિ અનુ
કારરે. ॥ ૧ ॥ ચરિત્ર સુણો ગુણવંતનું, પવિત્ર હોયે
જિમ કાનરે; ચિત્ત ચમકે આવે ચાતુરી, વાધે મતિ
વળે વાનરે. ॥ ચ૦॥ ૨ ॥ જીહાં જિન ચૈત્યમાં ધૂપનો,
દેખી ધુમ આગીશેરે; મર્દ્દલ ગર્જિત ઘન ભ્રમે, શિખિ
નિત્ય નૃત્ય ઉલ્લાસેરે. ॥ ચ૦ ॥ ૩ ॥ જેહમાં સૌધે
[1]ફટિક [2]ઘૂતિં, છબી મરકતની અલાધીરે; માનુ ગંગા
એ આવી ઝીલવા, યમુના રવિ અંક દાધીરે. ॥ ચ૦
॥૪॥ જેણે હરવી માનુ જળનિધિ, દુઃખભર લંકા કં
પાવીરે; મુખ નવી દાખે અમરાવતી, અલકા નામેજ
ચાવીરે. ॥ ચ૦ ॥ ૫ ॥ રાજ્ય કરે તીહાં નરપતિ, શ્રે
ણિક જસ ગુણ શ્રેણીરે; જિનભુવન માંહે વિસ્તરી,
પાવન જેહવી ત્રિવેણીરે, ॥ ચ૦ ॥ ૬ ॥ જેહને તેજે
પરાભવ્યો, ભાનુ ભમે માનું ગગનેરે; ઉષ્ન હુઆ તસ
કિરણ તે, તાસ અમર્ષને અગ્નિરે. ॥ ચ૦ ॥ ૭ ॥ તાસ
સભા માંહે શોભતો, રૂષભદત્ત હુઓ શેઠરે; ધનદત્તે

---

૧ સ્ફટિક. ૨ કાંતિ.

તેહજ ધનપતિ, બીજો કુબેર તે હેઠરે. ॥ ચ૦ ॥ ૮ ॥ [૧]પંથ તરૂ ફળ જળસર પરે, તસ ધન સવી હિત આ વેરે; જેહશ્યું સુરતરૂ તોળીઓ, ઊંચો ગયો લઘુ ભા વેરે. ॥ ચ૦ ॥ ૯ ॥ ઇંદ તે જેહને નિત્ય રહે, કર અગ્રે શત કોટિરે; ચંદ તે સકળ કળા વર્યો, પદવી તસ સવી મોટીરે. ॥ ચ૦ ॥ ૧૦ ॥ ધારિણી સદ્ધર્મ ચારિણી, ચિત્ત તારણી હુઇ તાસરે; કારણી સુખ દુઃખ વારિણી, મનોહારિણી સુવિલાસરે. ॥ ચ૦ ॥ ૧૧ ॥ રૂપે તે રંભા હરાવતી, ભાવતી ચિત જિન વ યણારે; સુલલિત શિલ સોહામણી, સહજ સલુણડાં નયણાંરે. ॥ ચ૦ ॥ ૧૨ ॥ મિલિત રહે નખ માંસજ્યું, તે દંપતિ સસનેહોરે; નવ નવ રંગભરે રમે, એકજ જીવ હોય દેહોરે. ॥ ચ૦ ॥ ૧૩ ॥ એક દિન ધારિ ણી ચિંતવે, સુત વિણ શ્યો જમવારોરે; સીંચે હૃદય જસ સુત અમા, તેહનો ધન્ય અવતારોરે. ॥ ચ૦ ॥ ૧૪ ॥ ચિંતાએ તેણે હુઇ દુબળી, [૨]નિર્બંધે પ્રિય પુ છીરે; તેહ ચિંતા પ્રિય મન ઠવે, પણ નવી હોય તે ઓછીરે. ॥ ચ૦ ॥ ૧૫ ॥ એહ ચિત્ત દુઃખને વિસારવા,

---

૧ માર્ગમાં રહેલા ફળના વૃક્ષ અને સરોવરનાં જળની પરે તે રૂષભદત્તનું દ્રવ્ય સૌના હિતમાં વપરાયછે. ૨ આગ્રહે.

શેઠ [1]વૈભારે તે પહુતારે; વાયુ આરોહી ગગને ચઢયા, રથ ઘોષે મૃગ બીહતારે. ॥ ચ૦ ॥ ૧૬ ॥ ગિરિ પ્રિય હસ્ત આલંબને, ધારણિ ચઢીઅ લોભારે; અંગુળીએ કરી દાખવે, પ્રિય ઉપવન તણી શોભારે. ॥ ચ૦ ॥ ૧૭ ॥ એહ બીજોરડી ફળ નમી, દાડિમ રાતે ફુલેરે; મદ નવો શિખે -હૃદયે ગડે, જગત્રને માનું અમુલેરે. ॥ ચ૦ ॥ ૧૮ ॥ એ સહકારની મંજરી, કોકિલ કલર વ ગુરૂણિરે; વિકસિત એહ કુસુમલતા, માનુ હસિત તરૂ પરણીરે. ॥ ચ૦ ॥૧૯ ॥ જંબુ કદંબ પ્રિયાળએ, તાલ તમાલ વિશાળરે; જાઇ જૂઇ મચકૂંદ એ, કંદ એ હર્ષના શાળારે. ॥ ચ૦॥ ૨૦ ॥ મોટા એ દ્રાક્ષના માંડ વા, સુઅડલા રૂઅડલા આવેરે; મધુર એ [3]મધુકર રણુ ઝણે, સ્વાગત માનું જણાવેરે. ॥ ચ૦ ॥ ૨૧ ॥ [4]શ્રાદ્ધ યશોમિત્ર દેખીયો, રૂષભે તીહાં સિદ્ધ પુત્રોરે; જાશો કીહાં પુછયું તવ કહે, ઈહાં [5]સોહમ છે પવિત્રોરે. ॥ ચ૦ ॥ ૨૨ ॥ આવો તો થાઓ અગ્રેશરી, વંદનનો ધરો ભાવોરે; દંપતિ તેહ સાથે ચલ્યા, દીઠા મુનિ સુ ભાવોરે. ॥ ચ૦ ॥ ૨૪ ॥ ક્રોધ જળન સમ જળધર, માન મહાતરૂ હસ્તિરે; દંભ ઉરગ વિષ જાંગુલી, લોભ

---

૧ વૈભાર પર્વતે. ૨ ભ્રમર. ૩ શ્રાવક. ૪ સૌધર્મ ગણધર.

સમુદ્ર અગસ્તીરે. ॥ ચ૦ ॥ ૨૪ ॥ ઇંદ્રિય સકળ તે વશ કર્યા, વશ કર્યો મનનો સંચારોરે; આતમ ધ્યાન માં ઝીલતા, પામ્યા ભવ તણો પારોરે. ॥ ચ૦ ॥ ૨૫ ॥ તેહની દેશના સાંભળી, [1]સિદ્ધ જંબુ [2]રૂપ પુછેરે; ધારણિ પણ અવસર લહી, કહે મુઝ સુત છે કે નવી છેરે. ॥ ચ૦ ॥ ૨૬ ॥ સાવદ્ય મુનિને નવી પુછીએ, સિદ્ધ કહે જંબુ નામરે; એ અવસર પુછયે સુત હોશે, સિંહ સ્વપ્ન સુર ધામિરે. ॥ ચ૦ ॥ ૨૭ ॥ ધારણી કહે જંબુ દેવતા, ઉદ્દેશે તો હું કરશું રે; આંબિલ ઇગસો અઠોત્તરા, ઇમ મન વંછિત વરશું રે, ॥ ચ૦ ॥ ૨૮ ॥ હવે મુનિ વંદી તે દંપતિ, આવ્યાં નિજ ઘર બારેરે; સિંહ સ્વપ્ન દેખે અન્યદા, ધારણી ચિત્ત ઉદારે રે ॥ ચ૦ ॥ ૨૯ ॥ કુક્ષે વિદ્યુન્માળી અવતર્યો, દોહદ હુઆ શુભ પૂર્યારે; સમગ્ર પૂગ્યે સુત જનમીયા, સુ જસ વિલાસ પડૂરારે ॥ ચ૦ ॥ ૩૦ ॥

દુહા.

સ્વર્ણપાત્ર અક્ષત ભર્યા, મંદિર ઋષભ પઇઠ્ઠ; નાદ પૂર હુઓ તૂરનો, નાચે બાળા ઇઠ ॥ ૧ ॥ કુળવંધુ કર દૂર્વાંકુરે, હરિત હુઆ પદ ઠાણ; ધવળ મંગળ

---

૧ શેઠની સાથે છે તે યશોમિત્ર. ૨ સ્વરૂપ.

ઉત્સવ કરે, મોટા હુઆ મંડાણં ॥ ૨ ॥ કરે દેવગુરૂ પૂજના, ઋષભદત્ત સવિશેષ; યાચક દાન દીયે ઘણા, માને સ્વજન અશેષ ॥ ૩ ॥ જંબુતરૂ નામે દીએ, જંબુસુત ઇતિ નામ; વાધ સાથે મનોરથે, હુઓ મધ્યમ યુવધામ ॥ ૪ ॥

## ઢાળ.

(ચંદન બારણે રે લાલ) એ દેશી.

તેહજ પૂરિ વ્યવહારીઓરે લાલ, સમુદ્રદત્ત હુઓ ચંગ, ગુણ ધારીરે; પદ્માવતિ તેહની પ્રિયારે લાલ, લાવણ્ય શોભિત અંગ, સુખકારીરે; પુણ્યે સુખ જસ પામીએ હો લાલ ॥ ૧ ॥ બીજો પ્રિય સમુદ્ર શોભતોરે લાલ, સંપદાએ તે સમુદ્ર ॥ ગુ૦ ॥ કનકમાળા તેહની પ્રિયારે લાલ, કમળા રૂપ સમુદ્ર. ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૨ ॥ ત્રીજો સાગરદત્ત તસ પ્રિયારે લાલ, વિનયશ્રી અભિરામ ॥ ગુ૦ ॥ ચોથો કુબેરદત્ત ભામની હો લાલ, તાસ ધનશ્રી નામ ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૩ ॥ એ દંપતિની સુતા હુઇ રે લાલ, વિદ્યુન્માળો નારિ ॥ ગુ૦ ॥ ચ્યારે રૂપે સોહામણી રે લાલ, પૂરવભવ અનુસારિ ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૪ ॥ સમુદ્રશ્રી પહેલી જાણીએરે લાલ,

બીજી પદ્મશ્રી ઉદાર ॥ ગુ૦ ॥ પદ્મસેના ત્રીજી ભલી રે લાલ, ચોથી કનકસેના નાર ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૫ ॥ ઇભ્ય કનકસેન તસ પ્રિયારે લાલ, કનકવતી અભિરામ ॥ ગુ૦ ॥ શ્રમણદત્ત ઘરણિ તો હુઇ રે લાલ, શ્રીષેણા રતિ ધામ ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૬ ॥ વીરમતિ વસુષેણને રે લાલ, વસુપાલિત જયસેન ॥ ગુ૦ ॥ ચ્યાર સુતા એ ચ્યારને રે લાલ, હુઇ વિશુદ્ધ વિનયેન ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૭ ॥ નભસેના બહુ ગુણ ભરી રે લાલ, કનકશ્રી પુણ્યવંત ॥ ગુ૦ ॥ કનકવતી જયશ્રી ભલી રે લાલ, નામ ધામ ઊલ્લસંત ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૮ ॥ માનુ મન્મથ જયધ્વજા રે લાલ, આવે દિસની એહ ॥ ગુ૦ ॥ રણકતી મણિગણ કિંકણી રે લાલ, સુંદર તનુ સસનેહ ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૯ ॥ તે અડકન્યાના પિતા રે લાલ, ઋષભને કહે કરજોડી ॥ ગુ૦ ॥ માગું છું એક તુમ્હ પ્રત્યે રે લાલ, પૂરો મનના કોડ ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૧૦ ॥ તુમ્હ સુત એહ કન્યા તણો રે લાલ, [1]દક્ષજાનો જીમ ચંદ ॥ ગુ૦ ॥ [2]મહાનદીનો જીમ સાગરૂ રે લાલ, ભર્ત્તા થાઓ અમંદ ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૧૧ ॥ ઋષભે વચન તે માની

---

૧ રોહિણી. ૨ ગંગાનદી.

યું રે લાલ, એતો ક્ષિરખાંડનો યોગ ॥ ગુ૦ ॥ સરખા સરખી જોડલી રે લાલ, સહુ પ્રશંસે લોગ ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૧૨ ॥ જંબુને દીધી અમ્હો રે લાલ, ભલું રે કીધું કિરતાર ॥ ગુ૦ ॥ કન્યા હર્ષ ધરે ઘણો રે લાલ, પામ્યો ભલો ભર્ત્તાર ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૧૩ ॥ ઇણિ અવસર તીહાં આવીયા રે લાલ, શ્રી સોહમ ગણધાર ॥ ગુ૦ જંબૂકુમાર ગયા વાંદવા રે લાલ, સાંભળી દેશના સાર ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૧૪ ॥ જંબૂ સુનત તેહ દેશના રે લાલ, ચંદ્ર ઊદયથી તુંગ ॥ ગુ૦ ॥ સાયર સમ વધતા હુઆરે લાલ, ભાવ વૈરાગ્ય તરંગ ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૧૫ ॥ પ્રણમી સોહમને કહે રે લાલ, ઇહાં રહેવું તુમ્હે તામ ॥ ગુ૦ ॥ પુછી આવું માતતાતનેરે લાલ, વ્રત લીઊં આતમરામ ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૧૬ ॥ [1]ગણધરવર તેહ [2]પડિવજે રે લાલ, જબુ આવે નગર દુવાર ॥ ગુ૦ ॥ હયગય રથ સંકુળ તીહાં રે લાલ, ન લહે માર્ગ લગાર ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૧૭ ॥ ચિંતે ઇહાં જો [3]પડખીએ રે લાલ, તો અતિ વેળા થાય ॥ ગુ૦ ॥ બીજે દ્વારે આવીઓ રે લાલ, તીહાં [4]વપ્રે યંત્ર સજાય ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૧૮ ॥

---

૧ ગણધરમાં શ્રેષ્ટ સુધર્માસ્વામિ. ૨ અંગિકાર કરે. ૩ ખોટી થઈએ. ૪ ગઢમા યંત્રો સજ્જ થાય છે.

યંત્રે આલંબી મહાશિલારે લાલ, પડતાં વજ્ર સમાન ॥ ગુ૦ ॥ ચિંતે પરચક્ર ભય થકી રે લાલ, ન ચગ્યા એ દુર્ધ્યાન ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૧૯ ॥ ઉપર જો એ શિલા પડે રે લાલ, જાતાં [1]ઇણે મગ્ગ ॥ ગુ૦ ॥ તો કુમરણ હોય જીવને રે લા લ, તે [2]સદ્દગતિ તરૂ અગ્ગિ ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૨૦ ॥ સ્વારથ ભ્રષ્ઠ [3]નહું કિમે રે લાલ; ફરી જાઉં સોહમ પાસ ॥ ગુ૦ ॥ [4]યાવજ્જીવ બ્રહ્મવ્રત લીયો રે લાલ, તીહાં જઇ મન ઉલ્લાસ ॥ સુ૦ ॥ પુ૦ ॥ ॥ ૨૧ ॥ ઘર જઇ માત પિતા પ્રતે રે લાલ, કહે મુજ આનુમતિ દીઓ ॥ ગુ૦ ॥ એ સંસાર અસાર છે રે લાલ, દુઃખરૂપી [5]દુઃખહેઉ ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૨૨ ॥ રોતાં માત પિતા કહે રે લાલ, અમ્હ [6]આશા તરૂવાય ॥ ગુ૦ ॥ ઇણે અવસર વચ્છ કયાં થયા રે લાલ, તુઝ વિરહો ન ખમાય ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૨૩ ॥ યૌવન વય માંહે ભોગવો રે લાલ, ભામની કેરા ભોગ ॥ ગુ૦ ॥ વય વીત્યે સાથે અમ્હો રે લાલ, આદરશું વ્રત યોગ ॥ સુ૦ ॥ પુ૦ ॥ ૨૪ ॥ પુરૂષ કઠિન સવિ સાંસહે રે

---

૧ આ માર્ગે, ૨ સદ્દગતિરૂપી વૃક્ષને અગ્નિ સમાન.
૩ ન થાઉં. ૪ જીવીત પર્યંત. ૫ દુઃખનું હેતુ.
૬ આશારૂપી વૃક્ષનો પાત-પડી જવું.

લાલ, તો એ આઠ કન્યા તુઝ હેત ॥ ગુ૦ ॥ આપો તે પરણી કરી રે લાલ, પૂરો સુજસ સંકેત ॥ સુ૦ ॥ ॥ પુ૦ ॥ ૨૫ ॥

## દુહા

કુમર કહે બુદ્ધિવંત તવ, કરૂં હું તુમ આદેશ; વ્રત લેતાં મત વારજો, પછી તમે લવલેશ ॥ ૧ ॥ સ્વામી ગુરૂ માતાપિતા, ત્રણ્યે હું પ્રતીકાર; તેણે બ્રહ્મ અનુમતી માગીએ, એહ ઊચિત વ્યવહાર ॥ ॥ ૨ ॥ ભુખ્યાને ભોજન થકી, જિમ વારવું ન હોય; વ્રત અર્થીને વ્રત થકી, તિમ વારવું ન જોય ॥ ૩ ॥ માતપિતા ઈમ [1]પડિવજી, કન્યા તાતને વાત; કહે તુરત પરણ્યા પછી, વ્રત લેશે [2]અમ્હ જાત ॥ ૪ ॥ વિવાહ અણવિવાહનો, પુર્વપક્ષ કરી દુર, જે સિદ્ધાંત હોય તે કહો, કરી ચિંતના [3]ભૂરિ ॥ ૫ ॥ આઠ ઇભ્ય મુંઝી રહ્યા, શ્યો કરવો આળોચ; તે સાંભળી કન્યા કહે એ ન ઘટે સંકોચ ॥ ૬ ॥ એક વાર બોલે નરપતિ, ન ફરે તિમ મુનિ જાણ; એકવાર કન્યા દીયે, પિતાએ નિતિ પ્રમાણ ॥ ૭ ॥ જંબુને દીધી અમો, તેહ જગતિ

---

૧ અંગીકાર કરીને. ૨ અમ્હારો પુત્ર. ૩ ધણી.

તે વાણ; કાયાને છાયા પરે, એકજ રિતિ પ્રમાણ ॥ ૮ ॥ કહે વાત સવી ઋષભને, તે કન્યાના તાત; થાએ સજ્જ વિવાહને, માની પહેલી વાત ॥ ૯ ॥

ઢાળ

(ત્રીગડે પ્રભુ સોહેરે) એ દેશી.

॥ પૂછ્યા જોશી ઋષભે રે, હવે ધનવતી વૃષભે રે; દિન સાતમે વિવાહ લગ્ન પ્રમાણિયો રે ॥ ૧ ॥ એક ચિત્ત જીમ ભાઇ રે, કરે સબળ સજાઇ રે; વિવાહ વડાઇ સુચિ મંડપ રચે રે ॥ ૨ ॥ ચંદુઆ તિહ રાજે રે, પંચવર્ણ દિવાજે રે; સંધ્યા અભ્ર સમાજે માનુ મંડી મહી રે ॥ ૩ ॥ તિહાં મોતી માળા રે, સોહે ઝાક ઝમાળા રે; માનું ન્યાસ વિશાળા ચંદ્રાતપ તણા રે ॥૪॥ ચળ પલ્લવ પવનેરે, સોહે તોરણ ભુવને રે; માનુ મંડપ તેડે વરને ઊતાવળોરે ॥૫॥ સાવિયડે ધરીયાં રે, તિહાં મોતી વિસ્તરીયા રે; માનુ બીજ એ ભરીયાં મંગળ તરૂ તણારે ॥ ૬ ॥ વિચે મણિ છવિ રાતી રે, આવી લક્ષ્મિ ઊજાતી રે; ૫દ યાચક થાતી તે વની રે ॥ ૭ ॥ જંબૂ ઘાલ્યો વાને રે, [1]પટ કુસુભ વિધાને રે; નવ આતપ માને રવિ જિમ સોહીયો રે

[1] પીઠી ચોળવાદિકે કરીને.

॥ ૮ ॥ તે કુમરને કુમરી રે, જાણે અમર ને અમરી રે; વર મંગળ સ્નાન કરાવ્યા શુભ લક્ષણે રે ॥ ૯ ॥ નિચોઇનું પાણી રે, ન્હાયા જંબૂ શિર જાણી રે; [1]લોચ ઢુકડો માનુ એ કેશ આંસુ ઝરે રે ॥ ૧૦ ॥ ગંધકારી અધિવાસે રે, જંબુકેશ ઊલ્લાસે રે; ધરે ધુમ કપુર અગરનો ઉત્તંસતા રે ॥ ૧૧ ॥ [2]ધમ્મિલ તે બાંદ્યો રે, [3]સુમ દામે પ્રસાધ્યો રે; શ્રૃંગાર આરાધ્યો માનું [4]દોય રૂપથી રે ॥ ૧૨ ॥ મુખકમળને [5]પાસેરે, હંસ યુગળ દોઇ વિલાસે રે; સોહે કુંડળ મોતીના જંબુ પહેરીયાં રે ॥ ૧૩ ॥ પહેર્યો હાર મોતીનો રે, સોહે જંબૂ નગીનો રે; [6]લાવણ્ય નદીનો ફેન જીશ્યો બન્યો રે ॥ ૧૪ ॥ ચંદન શુચિ અંગો રે, મૌક્તિક સર્વાંગો રે; જાણો તારાશ્યું રંગે ચંગે શશિ બન્યો રે ॥ ૧૫ ॥ દોય વસ્ત્ર તે પહેરે રે, વિવાહ મંગળ ગહરે રે; દસિ આવડ પડવડ અંગજ ઋષભનો રે ॥ ૧૬ ॥ જાત્ય અશ્વ આરોહે રે, છત્ર

---

૧ દિક્ષા સમય નજીક હોવાથી કેશનો લોચ તરતજ થશે એમ જાણીને માનું કેશમાંથી પાણી ઝરે છે તે તેઓ રૂદનજ કરતા હોયની! ૨ કેશ સમુહ. ૩ સુમ કે૦ કુસુમની દામ કે૦ માળા. ૪ કેશ શ્યામ અને પુષ્પમાળા શ્વેત એ બે રૂપે કરીને માનુ કામ દેવને આરાધ્યો હોયની! ૫ બંને પડખે. ૬ લાવણ્યરૂપી નદીના ફીણ સરીખા ઉજવળ.

મયુર સોહે રે; જન મોહે જગ [1]કોહે બીજો તસ સમો રે ॥ ૧૭ ॥ ગાઇજે મંગળ રે, વાજે ભેરી ભુંગળ રે; શરણાઇ તે સરલી સઘળે ચહચહી રે ॥ ૧૮ ॥ ઝાલરિ ઝંકારે રે, માદળ દોંકારે રે; વર તુડિય પ્રકારે ગગનરવ પૂરિયો રે ॥ ૧૯ ॥ લૂણ ઊતારે પાસે રે, દોય વધૂય ઉલ્લાસે રે; બંદિ બિરૂદ ભણંતે મંડપ આવીયા રે ॥ ૨૦ ॥ સુવાસણિ દીએ [2]અદ્ધા રે, દધિ આદિ [3]મહઠ્ઘો રે; તીહાં જંબૂકુમાર [4]કુમાર સમાનને રે ॥૨૧॥ મન શુભ સંદર્ભિત રે, પગ અગ્નિ ગર્ભિત રે, [5]ભાંજી સરાવસંપુટ તે માનુ ગૃહિ ગયો રે ॥ ૨૨ ॥ તે કુમરી સાથે રે, તીહાં બેસી હાથે રે; જંબૂ કૌતુક વિવાહ મંગળ અનુગ્રહે રે ॥ ૨૩ ॥ હુઇ લગનની વેળા રે, થયા [6]ચઊરી ભેળા રે; જંબૂ પર ણ્યા તે કુમરી [7]પિતૃ ઉપરોધથી રે ॥ ૨૪ ॥ [8]તારા મેળે હરખી રે, કૌતુક સુખ વરષી રે; શુચિ મંગળા વર્ત્તે મધુપર્કે હસી રે ॥ ૨૫ ॥ અવહિત યુત દાને રે, [9]અંચળ મોક્ષ વિધાને રે; [10]અંશુ આલિનતી [11]મુ

૧ અઘ. ૨. બહુમૂલાં. ૩ કાર્ત્તિક સ્વામીની જેવા. ૪ સંપુટા, ચાંપીને. ૫ ચોરી. ૬ માતપિતાના આગ્રહથી. ૭ નેત્ર સામસામા મેળવાને. ૮ છેડો ઝલાવીને મુકાવવાની રીતીએ. ૯ વસ્ત્ર આ આપીને. ૧૦ હર્ષિત. ૧૧ ખોળામાં બેસાડીને. ૧૪ સ્ત્રીઓ.

દિતતે[1] અંકા રોપણેરે. ॥ ૨૬ ॥ ઇમ સુતને વિવાહે રે, ધારણી ઉત્સાહેરે; સુખ પામી સુત પરણ્યે રમણી જસ વરેરે. ॥ ૨૭ ॥

દુહા.

દાન વધુ વરને તીહાં, કનક તણો હુઓ ઢેર[2]; જે દેખી પ્રભુ પદ ફરસ, ચરિજ અનુભવે મેર. ॥૧॥ મંગળ દીપક કર્યા હુઆ, ધવળ મંગળ વર ગીત; જંબૂ પરણી સ્ત્રી સહીત, પહુતા સ્વઘર વિનિત. ॥ ૨ ॥ નમે પ્રથમ કુળ દેવતા, જિનવર શિવતરૂ મૂળ; તવ કંકણ [3]મોક્ષણ હુઆ, વધુ વરનું અનુકુળ. ॥ ૩ ॥ રિષભદત્ત ધારણી પછી, પૂજે જંબૂપતિ[4] સાર; જંબૂ અલંકૃત સ્ત્રિ સહીત, આવ્યા વાસાગાર. ॥ ૪ ॥ અહો! રહત જંબૂ તીહાં, નિર્વિકાર પ્રીયા પાસ; ગોરો કોરો કુણ રહે, મશિઓરો કરી વાસ. ॥ ૫ ॥

ઢાળ.

(શંખ લાંછન વજધર સ્વામી.) એ દેશી)

હવે છે એક જયપુર દ્રંગ[5], વિંધ્યાચળ પાસે ઉ

---

૧ ખોળામાં બેસારીને. ૨ ઢગલો. ૩ કંકણદોરા છોડયા. ૪ જંબુદ્વિપનો પતિ તે અધિષ્ઠાયક અણાઢી દેવતા તેની પૂજા કરી. ૫ નગર.

ત્તંગરે; જંબૂ જયકારી ॥ તીહાં વંધ્ય નામે છે રાય, સુત પ્રભવને પ્રભુ દોય ભાયરે. ॥ જં૦ ॥૧॥ વડો પ્રભવ છતે પણ પ્રાજ્ય, લધુને તેણે દીધું રાજ્યરે; ॥ જં૦ ॥ નીકળ્યો પ્રભવ અભિમાની, વંધ્ય વિષમે કરી રાજધાનીરે. ॥ જં૦ ॥ ૨ ॥ તે ખાત્ર ખણે બંદી ઝાલે, પંથ પાડે રહે ઉભે ભાલેરે; ॥ જં૦ ॥ તેહના ચર[૧] દસ દિશિ હેરે, એક દિન તે આવી પ્રેમેરે ॥ જં૦ ॥ ૩ ॥ જંબૂની રીદ્ધિ છે મોટી, તે આગે ધનંદની છોટીરે; ॥ જં૦ ॥ વિવાહ મંગળે વ્યવહારી, મિળીયા છે બહુ ધનધારીરે. ॥ જં૦ ૪ ॥ તીહાં જઇએ આપણે સ્વામી, તે સંપદા જાણે પાગીરે; ॥ જં૦ ॥ એમ સુણી પ્રભવો તિહાં આવે, દોય વિદ્યા મન માંહે ભાવેરે. ॥ જં૦ ॥ ૫ ॥ વિદ્યા અવસ્વાપિનિ[૨] એક, તાળોદ્ઘાટણી[૩] બીજી વિવેકરે; ॥ જં૦॥ તેહ બળ ગર્જિત અસરાળે, જિમ મૃગપતિ દાઢને ઝાળેરે. ॥ જં૦ ॥ ૬ ॥ કરી અવસ્વાપિનિએ પ્રયોગ, ઉંધાવે સઘળા લોકરે; ॥ જં૦ ॥ જંબૂ પ્રતે જોર ન ચાલે, ઘન પવને ગિરિ કેમ હાલેરે. ॥ જં૦ ॥૭ ॥ દેખી

---

૧ સેવક. ૨ નિંદ્રા લાવનારી વિદ્યા. ૩ તાળુ ઉઘાડી નાખનારી વિદ્યા.

ભુષણ મણી ભલા વાગા, સુતાના લેવા લાગ્યારે ॥ જં૦ ॥ ચોર ઉપરે તે નવી કોપે, નવી મનમાં ક્ષોભ આરોપેરે. ॥ જં૦ ॥ ૮ ॥ લીલાયત કુમાર ન બોલે, વિશ્વાસી એબ કિમ ખોલેરે; ॥ જં૦ ॥ હું જાણુ છું પાપ હરીઓ, મન ફરસ્યો એહને અરિઓરે. ॥જં૦ ॥ ૯ ॥ મહા પુણ્ય કુમારનો સોર, સુણી થંભ્યા સઘળા ચોરરે; ॥ જં૦ ॥ પલ્લીયુત પ્રભવો દેખે, જંબૂ કરિ કરિણી લેખેરે. ॥ જં૦ ॥ ૧૦ ॥ હું વિંધ્યરાય સુત પ્રભવો, નામે આપ જણાવે વીભોરે; ॥ જં૦ ॥ મુઝ શ્યું મિત્રાઇ કીજે, અણમિલતે ન મિળીએ બીજેરે. ॥ જં૦ ૧૧ ॥ થંભણી મોક્ષણી દોય વિદ્યા, મુઝને દ્યો મિત્ર અનિંદ્યારે; ॥ જં૦ ॥ તુમ્હે લ્યો અવસ્વાપિનિ વિજ્જા, વળી તાળ ઉદ્ઘાડણ શજ્જારે. ॥ જં૦ ॥૧૨॥ જંબૂ કહે લચ્છી છંડી, મેં વ્રત લેવા રઢ મંડીરે; ॥ જં૦ ॥ એ વિદ્યાનું શું માહરે કામ, આવ્યું છે મન ઠામરે. ॥ જં૦ ॥ ૧૩ ॥ સંહરી અવસ્વાપિનિ તામ, પ્રભવો પ્રણમે ગુણ ધામરે; ॥ જં૦ ॥ કૃત અંજળી જંબૂની આગે, હવે બોલે બહુળે રાગેરે. ॥ જં૦ ॥૧૪ ॥ વર મિત્ર તરૂણ વય માણો, એ વયમાં ભોગ પ્રમાણો

રે; ॥ જં૦ ॥ અનુકંપો[1] આઠ નવોઢા[2], તુમ્હે નિપુણ કહાવોછો પોઢારે[3]. ॥ જં૦ ॥ ૧૫ ॥ પછી ભુક્તભોગ ફળ દિક્ષા, લેજો માનેયો મુઝ શિક્ષારે; ॥ જં૦ ॥ કુણે ન કહીયું એમ મત કહેશો, એમ સુખ જસ લીલા લહશ્યોરે. ॥ જં૦ ॥ ૧૬ ॥

## દુહા

જંબૂ કહે સુખ વિષયનું, અલ્પ અપાય[4] અનંત; સ્યું તેણે શમ સુખ[5] ભલું, આતમ રામરમંત; ॥ ૧ ॥ સર્વ વિષય કષાય જનિત, જે સુખ લહે સરાગ; તેહથી કોટિ અનંત ગુણ, મુધા લહે ગત રાગ ॥ ૨ ॥ સરસવથી પણ વિષય સુખ, અતી થોડું દુઃખ કોડ; ઇહાં મધુબિંદુ રસકથા, સાંભળ આળસ છોડ ॥ ૩ ॥

## ઢાળ.

( જીહો રાયનો દેશ રળીઆમણો ) એ દેશી.

જીહો એક પુરૂષ દેશાંતરે લાલા, ભમે તીહાં સાથ લુંટાય; જીહો પેઠો અટવી એ સાથ તે લાલા, ચોર

---

૧ દયા કરો. ૨ નવી પરણેલી. ૩ પ્રૌઢ, મોટા. ૪ કષ્ટ. ૫સમતાનું સુખ.

તીહાં ધાઇ જાય ॥ ચતુરનર ॥ વિષમ વિષય રસ લેય ॥ એ આંકણી ॥ ૧॥ જીહો ચોર તે વાઘ સમા સવે લાલા, લુંટવા ધાયા રે સાથ; જીહો મૃગપરે નાઠા સાથના લાલા, બહુળા લોક અનાથ ॥ ચ૦ ॥ ૨ ॥ જીહો સાથ હીન તે મહાટવી લાલા, પેઠો કંઠગતપ્રાણ; જીહો ધાયો તે પ્રતિ હાથિયો લાલા, સાથીયો માનું યમરાણ ॥ ચ૦ ॥ ૩ ॥ જીહો મદ ઝરતો અણમાઇતો[1] લાલા, માનુ નિજ તનુ બળ રસપૂર; જીહો ઉંચી સુંઢ કરે ઘણું લાલા, પાડશે અભ્ર સસુર[2] ॥ ચ૦ ॥ ૪ ॥ જીહો ચાંપતો ભુંઇ ચરણે કહે લાલા, માનું કયાં તું ધરે દિશી નાગ;[3] જીહો સજળ જળદ પરે ગાજતો[4] લાલા, ત્રેવડે હરિ ગજ છાગ ॥ ચ૦ ॥ ૫ ॥ જીહો ફુંકારે તે જળકણે લાલા, પુંઠે હણ્યો ગજે તેહ; જીહો લડથડતો કંદુક[5] પરે લાલા, પહોતો કૂપ અછેહ[6] ॥ ચ૦ ॥ ૬ ॥ જીહો ગજ અવશ્ય જીવિત હરે લાલા, કૂપે જીવું કેમેક; જીહો ઇમ

---

૧ બળે કરીને પોતાના શરીરમાં સમાતો નથી. ૨ સૂર્ય સહિત આકાશને પાડી દેશે કે શું ? ૩ જમિનને કહે છે કે તું દિશારૂપી હસ્તિને શા માટે ધરી રહી છું ? ૪ જળ સહિત વરસાદની પેઠે ગાજતો. ૫ દડાની જેમ. ૬ ઉંડો કુવો.

ચિંતી ઝંપા દીયે લાલા, આશા ન ટળે છેક ॥ ચ૦ ॥ ૭ ॥ જીહો અવટ તટે[7] વટ[8] એક છે લાલા, લાંબો કૂપે તસ પાદ;[9] તે આલંબી તે કરે લાલા, રજ્જુ બદ્ધ ઘટવાદ[10] ॥ ચ૦ ॥ ૮ ॥ જીહો કરિ કૂપે શુંઢ કરી લાલા, મસ્તક ફરસે તાસ; જીહો પણ તે લેઇ ન વી શકે લાલા, જીમ નિધિ અપુણ્ય પ્રકાશ ॥ચ૦ ॥ ૯ ॥ જીહો કુવા માંહે બીજો કુવો લાલા, વદન વિકાશી રહંત; જીહો તે દેખે અજગર તીહાં લાલા, જોતાં હેઠ મહંત ॥ ચ૦ ॥ ૧૦ ॥ જીહો ચિહું પાસે દેખે અહિ લાલા, સહિ યમ મહિપતિ મિત્ર; જીહો રોષે ધમણ પરે ધમધમે લાલા, માંડે ફણગણ છત્ર ॥ ચ૦ ॥ ૧૧ ॥ જીહો શામ શ્વેત મુષક બીહુ[11] લાલા, છેદતા તે વટપાદ; જીહાં દંત કૂકચ ગોચર કરે લાલા, ચટચટ ઉપજે નાદ ॥ ચ૦ ॥ ૧૨ ॥ જીહો વનગજ તે અણ પહુંચતો લાલા, હલ્લોલે વટ શાખ; જીહો ઊડી મધપુડા થકી લાલા, કરડે તે માખી લાખ ॥ ચ૦ ॥ ૧૩ ॥ જીહો લક્ષ મક્ષિકા રૂદ્ધતે લાલા, સર્વાંગે કૃત પક્ષ; જીહો

---

૭ કુવાના કાંઠા ઉપર. ૮ વડનું વૃક્ષ. ૯ વડની વડવાઇઓ. ૧૦ દોરડે બાંધેલા ઘડાની જેમ. ૧૧ બે ઉંદર.

નીકળવા તે કૂપથી લાલા, માનુ સજ્જ હુઓ પર તક્ષ ॥ ચ૦ ॥ ૧૪ ॥ જીહો વટલંબિત મધુકેશથી[1] લાલા, વદને પડયો મધુ બિંદુઃ જીહો લાગો લલાટે લુંટી[2] કરી લાલા, ગળણીએ જેમ જળ બિંદુ; ॥ચ૦ ॥ ૧૫ ॥ જીહો તે આસ્વાદતે સુખ ગણે લાલા, ઉપનય ઇહાં સુણો સાર; પુરૂષ તે સંસારી કહ્યો લાલા, અટવી તે સંસાર ॥ચ૦॥ ૧૬ ॥ જીહો મરણ તે વનવારણ[3] ગણો લાલા,મનુજ જન્મ તેરે કૂપ;જીહો નરગ તે અજગર જાણીએ લાલા, ક્રોધાદિક અહિ રૂપ ॥ચ૦ ॥૧૭॥ જીહો વડવાઇ તે આઊખું લાલા, મુષક તે દોઇ પક્ષ; જીહો કાળોને ધોળો મળી લાલા, વડવાઇ ક્ષય દક્ષ ॥ ચ૦ ॥ ૧૮ ॥ જીહો વ્યાધિ તે જાણો મક્ષિકા લાલા, વિષયનુ સુખ મધુ બિંદુ; જીહો તીહાં કુણ રાગ ધરે કૃતી[4] લાલા, સુકૃત કુમુદ વન ઇંદુ ॥ ચ૦ ॥ ૧૯ ॥ જીહો દેવ વિદ્યાધર કોઇ વડો લાલા, કુપથી ઊદ્ધરેરે તેહ; જીહો કહો તે તસ ઇચ્છે નવા લાલા, પ્રભવ કહે સસનેહ ॥ ચ૦ ॥ ૨૦ ॥ જીહો ઊપગાર ઇચ્છે નહીં લાલા, કુણ આપદ જળ નાવ; જં

---

૧-વડની ઊપર રહેલા મધપુડામાંથી. ૨ કપાળ ઊપર થઇને. ૩ વનહાથી. ૪ પંડિત પુરૂષ.

બૂ કહે કીમ હું તજું લાલા, તો ગુરૂ સુજસ પ્રભાવ ॥ ચ૦ ॥ ૨૧ ॥

દુહા

દુઃખ ઘણો ભવ કૂપમાં, સુખ મધુ બિંદુ સમાન; ઉદ્ધરશે આવી મળ્યો, સદગુરૂ ધરી વિમાન ॥ ૧ ॥ કૂપ થકી નવી નીકળે, ગુરૂ ધરે જ્ઞાન વિમાન; તે અભાગ્ય શેખર તણું, જાણો જુઠ ગુમાન ॥ ૨ ॥ પ્રભવ કહે માતા પિતા, સ્નેહળ તુજ છે મિત્ત; રાગિણિ એ ગ્રહિણી તજીશ, કેમ તું નિઠૂર ચિત્ત ॥ ૩ ॥ જંબૂ કહે શો બંધુનો, સંસારે પ્રતિબંધ; કુબેરદત્ત કથા સુણો, તેહથી છે બહુ બંધ ॥ ૪ ॥

ઢાળ

દેશી–ઝાંઝરીયાની

મથુરા નગરીમાં હુઇજી, ગણિકા એક ઊદ્દામ; સેના મન્મથ રાય[1]નીજી, કુબેરસેના તસ નામ ॥ સુવિવેક વિચારો શ્યો બંધુ પ્રતિબંધ ॥ મોહે મુંઝયા નવી લહેજી, તવ ફીરે જીમ અંધ ॥ સુ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પામી પહેલાં ગર્ભથીજી, ખેદ તણું તેહ પુર; માત દિખાવે વૈદ્યનેજી, નાડિ જુએ તે અ

૧ કામ દેવ રાજાની સેના જેવી.

દુર ॥ સુ૦ ॥ ૨ ॥ નાડિ જ્ઞાને તેહને જી, વૈદ્ય કહે એ અરોગ; દુઃખ કારણ કયેશનું જી, ઊદર યુગળ નો છે યોગ[1] ॥ સુ૦ ॥ ૩ ॥ પ્રસવ અવધિએ વ્યાધિ છે જી, મા કહે ગર્ભને પાડ; વેશ્યા કહે કેમ પાડીએ જી, ગર્ભ જે લખ્યો નિલાડ ॥ સુ૦ ॥ ૪ ॥ ગર્ભ કલેશ સહી અતી ઘણો જી, દારક દારિકા[2] હોય; તે પ્રસવી માતા ભણે જી. નાખો એ વયરી જોય ॥સુ૦॥ ॥ ૫ ॥ ઉદર થકે જેણે દુઃખ દીયો જી, ઉદરથી પડી ઓારે તેહ; યુગળ બાહિર નાખીએ જી, મળપરેમ ધરે બેહ ॥ સુ૦ ॥ ૬ ॥ વેશ્યા કહે દશ દિન રહોજી, પોષું સ્તને રે એહ; જિમતિમ માને અગ્યારમોજી, દિન મે આવ્યો ક્ષય મેહ ॥ સુ૦ ॥ ૭ ॥ કુબેરદત્ત કુબેરદત્તાજી, નામ મુદ્રા કરે દીધ; પેટી રત્ન ભરો તીહાંજી, બાળક થાપણ કાધ ॥ સુ૦ ॥ ૮ ॥ પેટી યમુનામાં ધરીજી, તરતી ગઇ જીમ હંસ; નયનાંજળી જળ તાતનેજી, દેતી ફરી વેશ વતંસ ॥ સુ૦ ॥ ૯ ॥ સોરીપુર બારે ગઇ જી, પેટી પ્રભાતે ઉદ્દાર; ઇભ્ય સુતે દેખી ગ્રહી જી, તે નિજ ભાગ્ય શંભાર ॥ સુ૦ ॥ ૧૦॥

---

૧ ગરભમાં બે જીવ ઉત્પન્ન થયેલા છે તેથી. ૨ પુત્ર અને પુત્રી.

એક બાળક એક બાળિકાજી, તે દેખી તે લેત; ભ્રાતૃ ભાંડ તે ઓળખેજી, નામ મુદ્રાક્ષર તંત ॥ સુ૦ ॥ ૧૧ ॥ ઇભ્ય ઘરે દોઇ વધેજી, લાળ્યાં પાળ્યાંરે યત્ન; કળા જાણ અનુક્રમે હુઆજી, પામ્યા યૌવન રત્ન. ॥ સુ૦ ॥ ૧૨ ॥ જાણી સરખી જોડલીજી, પરણાવ્યા માંહો માંહી; ચતુરાઇ ગુરૂ યૌવનેજી, સ્મર ધર્યો અંગે ઉત્સાહ. ॥ સુ૦ ॥ ૧૩ ॥ દ્યુત રમે તે અન્યદાજી, વધુ વર પ્રેમ તરંગ; કુબેરદત્તની મુદ્રીકાજી, આવી વધૂ સખી ઉત્સંગ. ॥ સુ૦ ॥ ૧૪ ॥ કુબેરદત્તા તે જુએજી, નાણાં પરે પરખંત; દોઇ મુદ્રા પરે અટકળેજી, ભાઇ બેહેન અમે તંત. ॥ સુ૦ ॥ ૧૫ ॥ ભ્રાતૃભાંડ અમે તે ભણીજી, નાવે દંપતિ બુદ્ધિ; દોય કુબેર કરે દીયેજી, મુદ્રા ઇમ કરી યુદ્ધ. ॥ સ૦ ॥ ૧૬ ॥ કુબેરદત્ત પણ તે દોય મુદ્રા, દેખી પામ્યોરે ખેદ; કુબેરદત્તાને મુદ્રા આપી, માને પુછે ભેદ. ॥ સુ૦ ॥ ૧૭ ॥ ઓયરસ સુત અપવિદ્ધ તથા હું, દત્તમ કૃત્રિમ તુઝ; બીજો સુત હતો કેહેવો માતા, સુતનું છે બહુ ગુઝ. ॥ સુ૦ ॥ ૧૮ ॥ આગ્રહ ગહેલે તેણે એમ પુછયે, શા કહે મુળ વૃતાંત; કહે કુબેરનું શું એમ કીધું, સા કહે સરખા અત્યંત. ॥ સુ૦॥ ૧૯ ॥ જુગતી જોડી અવર નથી તેણે, અમે

રચ્યો એહ વિવાહ; હજીય સંબંધ થયો નહીં. બીજો કરો તુમે ઉચિત ઉચ્છાહ. ॥ સુ૦॥ ૨૦ ॥ કુબેરદત્તાને એ સર્વ જણાવીં, તુમ્હે કરી આવો વ્યાપાર; ખેમે કુશળે તમે ઘર આવ્યે, બીજો કરશું વિચાર. ॥ સુ૦॥ ૨૧ ॥ કુબેરદત્તાને તેણે કહ્યુ, માત પિતા ઘર જાઓ; ડાહ્યાછો તમે ડાહ્યું કરજો, કરમના કઠિન ઉપાય ॥સુ૦ ૨૨ ॥ કુબેરદત્ત ઇમ તેહને શિખવી, મથૂરા નગરીએ જાય; વ્યાપારે ધન અરજી ઇચ્છાએ વિલસે, કુબેરસેના કરી નાર. ॥ સુ૦ ॥૨૩॥ કુબેરદત્તા માતાને પુછી, તીમ જાણી વ્રત લેઇ; મુદ્રા ગુપ્ત ઠવી તપ તપતાં, અવધિજ્ઞાન લહેઇ. ॥ સુ૦ ॥ ૨૪ ॥ કુબેરદત્તા ભાઇશા દેખે, સબળ અકજ્જ કરંત; પુત્ર હુઓ તસ કુબેરસેના નિજ, નારીશ્યું રંગ રમત. ॥ સુ૦ ॥ ૨૫ ॥ તે પ્રતિબોધવા મથુરા નગરીએ, આવી સાધવી સમેત; કુબેરસેનાને ધર્મલાભ દેઇ, માગે વસતિ સંકેત. ॥ સુ૦ ॥ ૨૬ ॥ કુબેરસેના હું પણ નારિ, પણ હવડાં કાંઇક ભજ્જ; કુળ વહુ સરખો ઉચિતારે, ભલોરે પ્રસાદ કીયો આજ. ॥ સુ૦ ॥ ૨૭ ॥ નિજ ઘર પાસે વસતિ વર દેઇ, કુબેરસેના કરે સેવ; અજ્જાહુ ચરણ કમળને

આગે, બાળક ડવે નિજ હેવ. ॥ સુ૦ ॥ ૨૮ ॥ બોધ[1] લહે જે જેહ પ્રકારે, તે પ્રતિબોધીએ તેમ; કખ દપને[2] દ્રષ્ટાંતે અજ્જા, હુલરાવે સુત એમ ॥ સુ૦ ૨૯॥ ભાઇ તું બેટો તું માહરો, દેવર સુત તું ભત્રીજ; પીતરીઓ[3] પોત્રો[4] ઇમ તુજશું, ષટ્ સંબંધના બીજ. ॥ સુ૦ ॥ ૩૦ ॥ ભાઇ પિતા પિતામહ ભર્ત્તા, બેટો સશુરો તેહ; ષટ સંબંધ ધરૂ છું તાહરાં, જનકશું હું હશાસનેહ ॥ સુ૦ ॥ ૩૧ ॥ માતા પિતામહી, ભોજાઇ વહુ, સાસુ વળી કોડી શોક; ષટ સંબંધ ધરે છે મુજશ્યું, માતા તુજ અવલોક. ॥ સુ૦ ॥૩૨॥ કુબેરદત્ત કહે તે નિસુણી, શું બોલોછો વિરૂદ્ધ; ભાંજો ભ્રમ આંજો દ્રગ જ્ઞાને[5], તુમ્હે છો સુજસ વિશુદ્ધ. ॥ સુ૦ ॥ ૩૩ ॥

દુહા.

અટપટ વયણે એહવે, ચટપટ ધરે કુબેર; અજ્જા ખટપટ ભાંજશે, લટપટ ન રહે મેર ॥ ૧ ॥ [6] ગુણ બાંધ્યો ઘટ જેમ લહે, કૂપ થકી વર નીર; કવી વયણે લાગ્યો લહે, તીમ મન અર્થ ગંભીર ॥ ૨ ॥

---

૧ પ્રતિબોધ અથવા સમકિત, ૨ બે અક્ષર કોઇ એમ અનિયમિત રીતે ૩ કાકો. ૪ શોકના કોઈ દીકરીને દિકરો (પોત્રો) ૫ જ્ઞાનરૂપ અંજને આંજો. ૬ દોરડી.

## ઢાળ.

(જિનવર પુજો રે ભાવશ્યું) એ દેશી

સાધવી ભાખે સોહામણું, સાંભળો એહનો વિચાર કે; માતા એકજ અમતણી, તેણે ભાઇ ૧ નિરધાર કે ॥ સા૦ ॥ ૧ ॥ બેટો મુજ પતિનો જણ્યો ૨, પતિ લઘુ ભાઇ તે થાય કે, દેવર ૩ ભ્રાતાનો બેટડો, તેણે ભત્રીજ ૪ કહાય કે ॥ સા૦ ॥ ૨ ॥ ભાઈ માતાના પતિ તણો, પિતરીઓ ૫ તેણે હોય કે; બેટો એ માહરી શોક જણ્યો, શું જુઠું કહીએ જોય કે ॥ સા૦ ॥ ૩ ॥ ભાઇ એ બાળકનો પીતા, મુજ તસ જનની છે એક ૧ કે; મુઝ માતાપતિ તેભણી, બાપ ૨ કહીજે તે છેક કે ॥ સા૦ ॥ ૪ ॥ પીતરીયાનો જે છે પિતા, કહું ય પિતામહ ૩ એહ તો; હું પણ પરણી તેણે પતિ ૪ હુઓ, શોક જણ્યો સુત ૫ દેહતો ॥ સા૦ ॥ સસરો દેવરનો પિતા ૬, માતા એકની મુજ માત ૧ તો; એક કુક્ષિથી દોય ઉપન્યા, ખોટી નહીં એક વાત તો ॥ સા૦ ॥ ૬ ॥ પીતરીયાની માતા ભણી, માહરે પિતામહી ૨ એહ કે; ભાઇની ભગની ભોજાઇ ૩ તે, શોક સુતની વહુ ૪ જોય કે ॥ સા૦ ॥ ૭ ॥ સાસુ ૫ પતિ જનની ભણી, શોક ૬ બીજી પતિ નાર કે; પ્રગટ

અઢારે એ નાતરાં, ત્રીડું પાસે નિરધાર કે ॥ સા૦॥ ઇમ કહી આપે કુબેરને, કરી મુદ્રા રાખી હતી ગુઢ કે; જાણી બિગાડ તે સંબંધનો, લીએ દિક્ષા તે અ મૂઢ કે ॥ સા૦ ॥ ૯ ॥ તપ તપો છેહડે રે તે વરે, સુ રવહુની વરમાળ કે; કુબેરસેના હુઇ શ્રાવીકા, પાળે શિયળ રસાળ કે ॥ સા૦ ॥ ૧૦ ॥ ઇમ જે કર્મે બં ધાઇએ, તાહાં શી બંધુની બુદ્ધિ કે; જગ ઉપકારિ ણી જો મીળી, ગુરૂણી તો હુઈ શુદ્ધ કે ॥ સા૦ ॥ ૧૧ ॥ અંતર બંધુને જે મીળ્યો, કુણ તેહને પર બંધુ કે; કુવારે જુદા કહો કીહાં રહે, ઉમગ્યો આનંદ સિં ધુ કે ॥ સા૦ ॥ ૧૨ ॥ બંધ છોડાવે જે બંધુ તે,[1] ગણ ત્રષોદરનું એ રૂપ કે; બંધુ સુજસ ગુરૂ તે ભ લો, બીજા બંધ સ્વરૂપ કે ॥ સા૦ ॥ ૧૩ ॥

## દુહા

પ્રભવ કહે વળી પીતરીને, પડતા રાખે પુત્ર;
તે ઉપજાવો ઘર વશી, પછી વ્રત લેજો મિત્ર. ॥૧॥
અવગતિયા થાએ નરક, જાયે પિતર અપુત્ર; પીતરત ણું રણ છોડવા, રાખો ઘરનું સુત્ર ॥ ૨ ॥

---

૧ बंधनात् त्रोटयतीति बंधु—મધ્યમપદલોપી સમાસ.

## ઢાળ

(શ્રેણિક રયવાડી ચઢયો) એ દેશી.

જંબૂ કહે રયો પિતરને, તારે પુત્ર તે તુજ મોહ; સંબંધ મહેશર દત્તનો, ઇહાં સાંભળી રે ટાળો અંદોહ ॥ પ્રભવરાય ॥ બુઝો વિષમ સંસાર ॥ મત મુંઝો રે કરી ભૂંડ વિચાર ॥ પ્ર૦ ॥ ૧ ॥ તામ્ર લિપ્તિ નગરિ હુઓ, સાર્થપ મહેશરદત્ત; હુઓ સમુદ્ર નામે તસ પિતા, તેતો લોભનો રે સાચો સમુદ્ર અદત્ત ॥ પ્ર૦ ॥ ૨ ॥ બહુળા કપટ બહુલો ભાઇ, તસ માત પાપની માત; લોભાવકર ભેંસો હુઓ, મરી તેહના સંચય પરભાવ ॥ પ્ર૦ ॥ ૩ ॥ ભર્ત્તા મરણ દુઃખે કરી, હુઇ કુતરી તસ માત; થઈ મહેશર નારી હવે, એ કાકિની વ્યભિચારે વિખ્યાત ॥ પ્ર૦ ॥ ૪ ॥ પતિ વચી[1] પરપુરૂષે રમે, ગાંગિલા તે સ્વચ્છંદ; અસતિ કહે નવિ તરૂણને, કાંઇ વરસે રે જળધર જળ બિંદ ॥ પ્ર૦ ॥ ૫ ॥ એકદા તે પરપુરૂષશું, રમતી મહેશરદત્ત; દેખે સદન[2] નિજ આવીયો, કોઈ કારણે રે મન્મથ ઉન્મત્ત ॥ પ્ર૦ ॥ ૬ ॥ શ્લેથ કે સુરત શ્રમ[3] કંપવિણ, ઉઠુણે ચળ દૃગભાર;[4] પહેરણે પલ્લટે નગ્નસમ,

---

૧ ઠગીને. ૨ ઘર. ૩ વિલાસના શ્રમથી કંપતા. ૪ ઉઠતી વખત ચપળ દૃષ્ટિ થઈ ગઈ છે જોવા.

ડગમગ રે હુઆ અસતિ જાર ॥ પ્ર૦ ॥ ૭ ॥ કેશે તે ઝાલ્યો જાર તેણે, જીમ લુબ્ધ કે ભલ્લુક;[5] માંત્રિકે જીમ ભુતાર્ત્તને, અડબોથે માર્યો નિઃશુક ॥ પ્ર૦ ॥ ૮ ॥ મરઘો તે પગરશું બકુ પરે, જેમ કુલાલે[6] મૃત પિંડ;[7] જીમ ઘરે પેઠો કૂતરો, તીમ માર્યો રે લેઇ સબળો દંડ ॥ પ્ર૦ ॥ ૯ ॥ અધમુઓ તેહ નાઠો કીમક, પડયો થોડે જઇને જાર; અનુચિત કર્યું તેહવું હવું, કંઠાગત રે પ્રાણ કરે વિચાર ॥ પ્ર૦ ॥ ૧૦ ॥ શુભચિત પુણ્યોદય ઇશે, નિજ બીજ ઉપન્યો તેહ; ગાંગિલા કુક્ષે જ ધર્યો, ગતિકર્મનીરે છે અકળ અછેહ ॥ પ્ર૦ ॥ ૧૧ ॥ સમયે તે પ્રસવે ગાંગિલા, હરખે તે મનમાંહે શેઠ; મતિમૂઢ કૂડતે નવી ગણે, ભલે પાળે રે ધરે નિજ સુત દ્રેઢ ॥ પ્ર૦ ॥ ૧૨ ॥ પુત્રને પ્રેમે નારોનો, વિસર્યો અસતિ દોષ; ભુખ્યા તરશ્યા અવગુણ કુણ ગણે, જીહાં થાયે રે ફળ ધાન્યનો પોષ ॥પ્ર૦॥ ॥ ૧૩ ॥ જાર જીવ સુતને[1] અતી ઘણું, લાલે મહેશ્વરદત્ત; વધતો તે જાણે કુર્ચ કચ, ધરે હૃદયે રે ધન જેમ અદત્ત ॥ પ્ર૦ ॥ ૧૪ ॥ પિતૃ મરણ વાસર[2] અ

---

૧ શિયાળ. ૨ કુંભાર ૩ માટીનો પિંડ. ૪ પોતાની સ્ત્રીના જારનો જીવ, પુત્ર થયો છે તેને. ૫ પોતાના પિતાના મરણને દિવસે. ૬ કુતરી.

ન્યદા, આણે મહિષ પિતૃ જીવ; મારી ખાયે તસ માં સને, વળી સુતને રે દીયે મુદિત અતીવ ॥ પ્ર૦ ॥ ॥ ૫ ॥ દીયે હાડ તેહના માંસ યુત, જનની શુની તે ખાય; નચવે તે ઊંચું પુચ્છને, મન માંહે રે તસ હરખ ન માય ॥ પ્ર૦ ॥ ૧૬ ॥ મુની માસખમણીઆ વીઆ, તીહાં તામ ભિક્ષા હેત; જ્ઞાનાતિશયે સવી જાણતા, શિર ધુણે રે નિર્વેદ સંકેત ॥ પ્ર૦ ॥ ૧૭ ॥ નીકળ્યા તેહના ઘર થકી, દોડીને વાંદે શેઠ; ભિક્ષા અલીધે જાનુંકા કહે, આવે રે ઇમ ગ્રહીજન હેઠ ॥ પ્ર૦ ॥ ૧૮ ॥ અણુગ્રહીયે જ્યાંથી નિકળે, તે શ્યા ગૃહસ્થના ગેહ; લીયે એક આપે કોડિગુણું, તે મુનિના રે ઉપકારી દેહ ॥ પ્ર૦ ॥ ૧૯ ॥ મુનિ કહે માંસ ભક્ષી તણે, કુળે અમ્હે ન લેઊં અન્ન; સંવેગકારણ એક થયું, વળી તેહમાં રે ખુત્યું મુજ મન્ન ॥ પ્ર૦ ॥ ૨૦॥ પુછયે કહી સઘળી કથા, દાખે શુની[1] તે નોધાન; વિશ્વાસભર વ્રત આદરે, વ્રત પાળી રે પામે શેઠ વિમાન ॥ પ્ર૦॥ ૨૧ ॥ તારે કુગતિથી પિતરને, સુત પ્રભવ કુણ કહે જાણ; દુર્ગતિ નિવારક સુજસ હિત, જાણો તારક હો એક ધર્મ પ્રમાણ ॥ પ્ર૦ ॥ ૨૨ ॥

---

૧ કુતરી.

### દુહા

કહે અપુત્રને ગતિ નહીં, વળી કહે બ્રહ્મચારિ;
બ્રાહ્મણ સુત સિધા ઘણા, એ વિરૂદ્ધ મન ધારિ ॥૧॥
મદ્ય માંસ મૈથુન થકી, જે નિવૃત્તિ તે ધર્મ; જ્યાં પ્રવૃ
ત્તિ તીહા અધર્મ, કીમ જાણે એ મર્મ ॥ ૨ ॥

ઇતિ શ્રી જંબૂ પ્રાકૃત પ્રબંધે જંબૂ ઉત્પત્યાદિ
પ્રભવ પ્રબોધ પર્યંત વર્ણનો નામ દ્વિતિયાધિકાર ॥૨॥

### દુહા

આગે હવે કથા કહું, સુણો સુજન ચિતલાય;
નવનવ રસ સુરધેનુ એ, કુણને નાવે દાય ॥ ૧ ॥ પૂ
ર્ણ ભાવ હોય કવી કથા, સહૃદય જાણણ યોગ; મૂર
ખ સુણી શું રીઝશે, શું વાંચશે અયોગ ॥ ૨ ॥ થો
ડાને હિત જો હોશે, શતકવી કથા પ્રમાણ; અમૃત દેવ
જ શેવશે, કેમ પામશે અજાણ ॥ ૩ ॥ પ્રગટ ન ગુર્જ
રી[1] કુચપરે, છન્ન[2] ન આંધ્રિ[3] સંકાશ; સુભગ અર્થ
હોય મરહઠી,[4] કુચપરે છન્ન પ્રકાશ ॥ ૪ ॥ વક્તા

---

૧ ગોવાળણી. ૨ છાના, ગુપ્ત. ૩ આંધ્રી નામના દેશની સ્ત્રી
ઓની જેમ. ૪ મહારાષ્ટ્ર દેશની સ્ત્રી.

શ્રોતા બેહુ જો, સરિદય બેસે પાસ; મીઠો લાગે અમી પરે, કવિયણ વયણ વિલાસ ॥ ૫ ॥

ઢાળ

( નામ તુમ્હારૂં સોહામણું ) એ દેશી.

જંબુપ્રત્યે હવે વિનવે, સમુદ્રશ્રી મન રંગરે ॥ મોરાવાલ્હહાજી ॥ આપ હઠી નવી હોઇજે, કીજે બળ નો ટંગ રે ॥ મો૦ ॥ ૧ ॥ તુઝ વિરહો મુજ મત હુઓ, વિરહ તે મેં ન ખમાય રે ॥ મો૦ ॥ તુઝવિણ પલક દિવસ સમો, દિવસ સાગર થાય રે ॥ મો૦ ॥ ૨ ॥ છટકી છેહ ન દીજીએ, કીજીએ ચિત વિચાર રે ॥ મો૦ ॥ પછે પડશો પસ્તાવડે, જેન પડીઓ કરશણકાર રે ॥ મો૦ ॥ ૩ ॥ ગ્રામ સુસીમે હુઓ વડો' કર્ષક[1] એક બક નામ રે ॥ મો૦ ॥ વાવે તે કાંગ તે કોદ્રવા, વર્ષા સમય સુઠામ રે ॥ મો૦ ॥ ૪ ॥ ઉદ્ધ ધાન્યે શ્યામળ દળે, શોભે ક્ષેત્રની ભૂમિ રે ॥ મો૦ ॥ દેખી રાજ્ય સુભિક્ષનું, મુદિત મનુ રોમ રોમે રે ॥ મો૦ ॥ ૫ ॥ કોંગુ કોદ્રવ ધાન વાધતું, દેખી તે નિતિ તુષ્ટ રે ॥ મો૦ ॥ જઇને સ્વજન અતિથિ થયો, કોઇ ગ્રામ દવિષ્ટ રે ॥ મો૦ ॥ ૬ ॥ સ્વજને ભોજન તસ દી

---

૧ ખેડુત, ખેતી કરનાર.

યા, ગુડમંડક[1] તે અપૂર્વ રે ॥ મો૦ ॥ અતી હરખ્યો કહે એહ રે, ભોજન અમૃતનો ગર્વ રે ॥ મો૦ ॥ ૭ ॥ નાતિને કહે અમ્હે એહવું, સ્વપને પણ નવી દીઠ રે ॥ ॥ મો૦ ॥ ઉદર બળ્યું કંગુ કોદ્રવે, ધિગ અમ્હે તું છો ગરિઠ રે ॥ મો૦ ॥ ૮ ॥ પૂછે કહો કેમ નિપજે, એ આહારની વસ્તુ રે ॥ મો૦ ॥ તે કહે અરહટને જળે, સિંચીએ ક્ષેત્ર સમસ્ત રે ॥ મો૦ ॥૯ ॥ વાવીજે તીહાં ઘહું ભલા, પાકા લણીએ તેહ રે ॥ મો૦ ॥ પીસી પચી[2] તેહના કર્યાં, માંડા હુએ સસનેહ રે ॥ મો૦ ॥ ૧૦ ॥ શેલડી પણ ઇમ વાવીએ, વાધી પી લીએ યંત્ર રે ॥ મો૦ ॥ તેહના રસનો તે ગુડ હોયે, ગુડમંડક ઇણે યંત્ર રે ॥ મો૦ ॥ ૧૧ ॥ ગુડમંડકની ઉત્પત્તી એ, જાણી બક જાય ગેહ રે ॥ મો૦ ॥ કંગુ કોદ્રવ ક્ષેત્ર ફળી રહ્યું, લુણવા માંડે તેહ રે ॥ મો૦॥ ૧૨ ॥ સુત કહે એ તમે કાં લુણો, કુટુંબને જીવન હેત રે ॥ મો૦ ॥ બક કહે ઇક્ષુ ગહું વાવશું, ગુડ મંડકને સંકેત રે ॥ મો૦ ॥ ૧૩ ॥ સુત કહે થાશે થોડે દિને, કણ એ તે લેઇ તાત રે ॥ મો૦ ॥ ગહું ઇ

---

૧ ગોળ અને ઘહુંના લોટના માંડા તે રોટલી. ૨ ગહુંને દ ળીને અને પછી પચાવીને એટલે પકાવીને.

ક્ષુ પછી વાવજો, નિપનું ગમીએ તે શી વાત રે ॥ મો૦ ॥ ૧૪ ॥ કઠિનું છાંડીને પેટનો, કરવો પોઢો આળોચ રે ॥ મો૦ ॥ એમ વાર્યો પણ નવી રહે, કીધો ક્ષેત્રનો લોચ રે ॥ મો૦ ॥ ૧૫ ॥ કુઓ ખણાવે આગથી, તીહાં નવી નાકળે નીર રે ॥ મો૦ ॥ દીસે ગહર[1] પાતાળ તે, કચરો પણ નવી નીર રે ॥ મો૦ ॥ ૧૬ ॥ કાંગ ને કોદ્રવા નવી હુવા, નવી હુવા ઇક્ષુ ગોધુમ રે ॥ મો૦॥ નિસાસે પસ્તાવડે, હુઓ એક અગ્નિ સધૂમ[2] રે ॥ મો૦ ॥ ૧૭ ॥ તીમ તુમ્હે સ્ત્રીધન સુખ તજી, શું વંછો પરલોક રે ॥ મો૦ ॥ સુજસ વિલાસ જો આદરો, તો છાંડો સંશય શોક રે ॥ મો૦ ॥૧૮॥

દુ ।

જંબૂ કહે દંતદ્યુતે, દ્યોતિત્ર દિશા વિભાગ;[3] તુચ્છ ફળે મન નવી ધરૂં, ફળ મોટે મુઝ રાગ ॥ ૧ ॥ વિષયા મિષ લંપટ જીકે, તે ન લહે નવ થાગ; જન સમ ગારવ રસિક હુએ, ભવ વિણશ્યો જેમ કાગ॥૨॥

---

૧ ઊંડો ગભીર. ૨ પશ્ચાતાપરૂપી અગ્નિ શ્વાસ નિશ્વાસ રૂપ ધુમાડા સહીત ઉત્પન્ન થયો. ૩ દાંતની કાંતીએ કરીને દીશાઓને ઊજ્વળ કરી છે એવા.

## ઢાળ.

### વિંછીયાની દેશી.

વંધ્યાટવીએ એક ગજ હુઓ, ધણી યુથનો નર્મદા તીર રે; સ્વચ્છંદ તે યૌવન નિર્ગમી, પાયો આયુનું તીર રે ॥ ૧ ॥ કહે જંબુ વિષય ન રાચીએ, વિષયે રાચે તે ગમાર રે; કિંપાક ફળોપમ તે કહ્યા, નિજ હિત તીહાં નહીંય લગાર રે ॥ ક૦ ॥ ૨ ॥ બૂઢો તે બળહીણો થયો, ન કરી શકે દંત પ્રહાર રે ॥ ગત નિર્ઝર ગ્રિષ્મ ગિરિ યથા, મદ રહીત તદા નિરધાર રે ॥ ક૦ ॥ ૩ ॥ સાલરી તરૂ પ્રમુખના ભંગથી, વિર ચ્યોષો અતિ અલ્પ રે; દંત પાતે ભુખી કુક્ષડી, ધરે ચર્મ કોથળી કલ્પ રે ॥ ક૦ ॥ ૪ ॥ કરી ઊત્તરતાં સુકી નદી, લડથડ પડીઓ તેહ રે; ઉઠી બેસી નવી શકે, યથા પાદપો ગમન મુનિ દેહ[૧] રે ॥ ક૦ ॥૫॥ મુઓ તે તસ ખાવા આવીયા, માંસ કૂતર નઊળ શિયાળ રે; કીયો તાસ અપાન[૨] તે શ્વાપદે,[૩] ગિરિ કંદર[૪] સમ વિકરાળ રે ॥ ક૦ ॥ ૬ ॥ સત્રસાળ સમાન અપાનમાં, દ્વિક[૫] દ્વિજપરે નિકસે જા

---

૧ પાદોગમન અણસણ કરનાર મુનિનું શરિર હાલે ચાલે નહીં તેમ. ૨ ગુદાદ્વાર. ૩ પશુઓએ. ૪ ગુફા. ૫ કાગડો.

ય રે; તસ ભોજન અર્થી બહુપરે, બીહુ[૬] સદૃશ સ્વ
ભાવ ગણાય રે ।। ક૦ ।। ૭ ।। પેસે એક વાયસ અતૃ
પતો, બહુ ભક્ષ્ય ન જાણે વિભાગ રે; સંકુચાતે કરી
તનુ આતપ,[૭] રહ્યો માંહી કરંડીએ જેમ નાગ રે ।।ક૦
।। ૮ ।। કરી કાય તે વર્ષાકાળમાં, ભરી નર્મદાએ વહી
જાય રે; આવ્યું ભીમ ભયંકર સમુદ્રમાં, જીહાં ગગન
ને જળજ દેખાય રે ।।ક૦।।૯।। તે હસ્તિ કલેવર ભે
દીયું, જળ પૂરે કીધું વાર રે; તેવારે વાયસ નીકળી
રહ્યો,ઉપર કરે વિચાર રે ।। ક૦ ।। ૧૦ ।। આગે પાસે
ને પાછે જળ ભર્યું, ઊડી જાઊં તો પામું તીર રે; ઊ
ડી ઉડી બેસે કરી ઉપરે, કીહાંએ છેહ ન પામે નીર રે
।। ક૦ ।। ૧૧ ।। કલેવર મીનાદિકે ચાંપીયું, તે બુડયે
બુડયો કાગરે; કામ વંછત મરે અકામ જ, તેહને એ
વિષય વિપાક રે ।। ક૦।। ૧૨ ।। મૃત ગજ કલેવર
સરખી વસું, સંસાર તે સાગર પ્રાય રે ।। કામીનર વા
યસ[૮] સારીખો, એ ઉપનય ઇહાં કહેવાય રે ।।ક૦ ।।
।। ૧૩ ।। હું કાગપરે નવી બુડશું, સવી છોડશું

---

૬ કાગડો અને બ્રાહ્મણ એ બંને સરખા ભોજનારથી. ૭ તડ
કાથી હાથીનું શરીર સંકોચાવાથી. ૮ કાગડો.

બંધ ઉપાય રે; તું ભોળી મુઝશું ભોળવે, નર સુજ સ ન ભોળવ્યો જાય રે ॥ ક૦ ॥ ૧૪ ॥

દુહા.

વામા વચણ વિલાસથી, ચુકયા ચતુર અનેક; જસ ચિત્ત આગમ વાસિયો, તેહની ન ટળી ટેક ॥૧॥ મૃગતૃષ્ણા જળ સમવડે, વનિતા વચણ વિલાસ; પહેલાં લાલચ લાય કે, પછે કરે નિરાશ ॥ ૨ ॥ વામા વચણે વેધીયા, વિસારે જ સથ્થ[1]; તે મૃગ પરે પાશે પડયા, પામે બહુળ અણથ્થ[2] ॥ ૩ ॥ વહે પુરને માછલી, દીસે તેહ અનેક; સામે પુરે વિષયને, ઉતરે તે સુવિવેક ॥ ૪ ॥

ઢાળ.

(લોહારણ જાયો દીકરો, લોહારીરે) એ દેશી.

પદ્મ શ્રી રાણી વદે, સુણો રાજીયારે, તુમે કહેવાઓ ચતુર સુજાણ, ગુણ રાગીયારે; અમ્હ વયણે પલળો નહીં ॥ સુ૦ ॥ કાં થાઓ મગશેળ પાષાણ ॥ ॥ ગુ૦ ॥ ૧ ॥ હિતવંછક હિત વાતડી ॥ સુ૦ ॥ કહેશે વારોવાર કે ગુ૦; એમ કરતાં હઠ તાણશો સુ૦, તો જાણશો તેહ પ્રકાર કે ॥ ગુ૦ ॥ ૨ ॥ અધિકા અ

---

૧ સ્વાર્થ. ૨ અનર્થ)

ધિકું વાંછશો સુ૦, પામ્યે ન કરશો સંતોષ કે ગુ૦; તે વાનર જીમ પામીઓ સુ૦, તેમ પામશો તુમ્હે દો ષ કે ગુ૦ ॥ ૩ ॥ અટવી એક માંહી રહે સુ૦, વાનર વાનરી દોઇ બહુ ગુણ ગાજીયા રે ગુ૦; સુખ વિલસે એક ચિત્તસ્યું સુ૦, તેહને વિઘન કરે નહીં કોઇ ॥ ગુ૦ ॥ ૪ ॥ સાથે ચઢે તરૂ રૂખડે સુ૦, સાથે ઉતરે ને હ કે બ૦; એક દોરે જીમ દોરીયા સુ૦, સાથે હોડે સ સનેહ કે ॥ બ૦ ॥ ૫ ॥ ગંગાતીરે એકદા સુ૦, વાન ર એ રમે રંગ કે બ૦; ભુંઇ પડયો કપી દોડતો સુ૦, નર હુઓ તીરથ સંગ કે ॥ બ૦ ॥ ૬ ॥ પછે પડી તે વાનરી સુ૦, વાંછતી નારિ ભાવ કે બ૦; તીર્થ પ્રભા વે નારિ હુઇ સુ૦, વિલસે પુર્વ સ્વભાવ કે ॥ બ૦ ॥ ॥ ૭ ॥ સરખા સરખો જોડલી સુ૦, જો સરજી કરતા ર કે બ૦; સરખે રંગે નવી રમે સુ૦, જાવે એળે અ વતાર કે ॥ બ૦ ॥ ૮ ॥ વાનર નર કહે નારિને સુ૦, હવે આપણ થઇએ દેવ કે બ૦; નારિ કહે સરયું એ ટલે સુ૦, શી અધિકા લોભની ટેવ કે ॥ બ૦ ॥ ૯ ॥ દેવ થકી પણ અધિક છે સુ૦ ગુણ માનવને સ્વામિ કે બ૦ શર્મ ધર્મ નિર્વિઘ્ન જે સુ૦ લહે રાખી મ ન ઠામ કે ॥ બ૦ ॥ ૧૦ ॥ વાર્યો તો પણ નારીએ

સુ૦ વાનર ચઢવા નીરકે બ૦ ઝંપા દીએ પુરવ[1] પરે સુ૦ પામ્યો કપિનું શરિર કે ॥ બ૦ ॥ ૧૧ ॥ તોહાં તિર્યંચ મનુજ હુવો સુ૦ દેવ હુવા નર જેહ કે બ૦; તીર્થ સ્વભાવે મુળગા સુ૦, ફરી પડતા હોય તેહ કે ॥ બ૦ ॥ ૧૨ ॥ કોકિલ કંઠી શશિ મુખી સુ૦, કુલ્કંચ કેશરી મધ્ય કે બ૦; પીન જઘન કર ચરણ થી સુ૦, જીતે કમળની રિદ્ધિ કે ॥ બ૦ ॥ ૧૩ ॥ ગંગ મૃતિકા તિલકર્યુ[2] સુ૦, સોહતી સંયત કેશ[3] કે બ૦; વન કેતક સેહર[4] કોમળ બની સુ૦, કુંડળ તાલ નિવેશ[5] ॥ બ૦ ॥ ૧૪ ॥ હરણા ક્ષિ ધરતી ગળે સુ૦, નલિની નાળનો હાર[6] કે બ૦; વાનર નારી એકલી સુ૦, દેખે ભમત નૃપ ચાર[7] ॥ બ૦ ૧૫ ॥ આણી આપે તે રાયને સુ૦, કરે અંતેઉરી સાર કે બ૦; પાડોસિણિ લક્ષણ તણી સુ૦, લક્ષ્મિ હોયે નિરધાર કે ॥ બ૦ ૧૬ ॥ વાનર પણ ઝા લ્યો નરે સુ૦, નાટય શિખાવ્યું શુદ્ધ કે બ૦ રાજાની પાસે લેઈ ગયા સુ૦, નટ તે નચવે લુદ્ધ[8] કે ॥ બ૦

---

૧ થવા. ૨ ગંગાની માટીનું તીલક કરયું છે. ૩ બાંધેલા કેશ થી શોભે છે. ૪ વનના કેતકીનો મુગટ પહેરયો છે.

૫ તાલ વ્રક્ષના પત્રના કુંડળ પેહેરયા છે. ૬ કમલિનિની નાળનો હાર ગળામાં પેહેરયો છે. ૭ કોઇ રાજાના ભમતા શેવકે દીઠી. ૮ લોભીયા નરને.

૧૭ ।। કપિ રોયો દેખી પ્રિયા સુ૦, નૃપ અર્ધાસન નિવિઠ[1] કે બ૦; રાણી કહે ન સંભારીએ સુ૦, વંજુલ પતન દીઠ કે ।। બ૦ ૧૮ ।। તીમ તુમ્હે પામ્યું સુખ તજી સુ૦, કપિ પરે પશ્ચાતાપ કે બ૦; ધરશો વરશો સુજસ તો સુ૦, કરશો જો ચિંતન આપ કે ।।બ૦૧૯।।

દુહા.

જંબુ કહે અનુશય[3] ધરે, આતમજ્ઞાની કેમ; પણથી હું તૃપત છું, ધરી અધ્યાતમ પ્રેમ. ।। ૧ ।। આતમ રતિ આતમ તૃપત, આતમ ગુણ સંતુષ્ટ; જે હોય તે સુખીયા સદા, કીશું કરે અરિ દુષ્ટ. ।। ૨ ।। મંગળરૂ જંગલને લહે, દ્રષ્ટિ અધ્યાત્મવંત; રૂપણિ સનું કંક(રી. દેખે જડમતિ મંત. ।।૩।। તનહી જળે મન ભીંજે, વિષય તૃષા ન બુઝાય; જ્ઞાન અમૃતરસ સિંચતાં, તૃષા સકળ મિટી જાય ।। ૪ ।। નવરસ ખટરસ તૃપ્તિ જે, તે ઇત્તર સાપાય[4]; તૃપ્તિ લહી મેં એકરસ, આવી કદીય ન જાય. ।। ૫ ।। લેવું તે સઘળું લહ્યું, ઘટે પ્રકટી

---

૧ રાજાના અર્ધાસને બેઠેલી વાનર રાણીને વાનરે દીઠી. ૨ વૃક્ષથી થલોભને માટે બીજી વાર પડવાની વાત સંભાર નહીં. ૩ પશ્ચાતાપ. ૪ નવરસ જે શૃંગારાદિક અને ખટરસ ભોજન તેનાથી ઉત્પન્ન થી તૃપ્તિ થોડા કાળ રહેનારી અને કાટે કરીને સંયુક્તછે.

સવી ઋદ્ધિ[૧]; સાધન બાધન બાધવા, ધરૂ ન અધિકી ગૃદ્ધિ[૨] ॥ ૬ ॥

**अथ गुणस्थान क्रमारोह ग्रंथे उक्तं.**

**सहजाता गुणा द्रव्ये, सुवर्णे पीतता यथा;**
**क्रमभुतास्तु पर्याया, मुद्रा कुंडलतादय ॥ १ ॥**
**इति अध्यात्मकं ध्यान,ध्यायत योगी समाहित; संप्राप्नोति परां शुद्धि, मुक्ति स्त्री सौख्यवर्जिकां ॥ २ ॥**

ભાવાર્થ—દ્રવ્યને વિષે જે સાથે ઉત્પન્ન થયેલ છે તે દ્રવ્ય કહીએ, જેમ સુવર્ણમાં પીતવર્ણ છે તેમ. અને અનુક્રમે દ્રવ્યથી જે ઉત્પન્ન થયેલ છે તે પર્યાય કહીએ, જેમ સુવર્ણથી મુદ્રા (વીંટી) અને કુંડળ વીગેરે બને છે તેમ. અહીંયા ચેતનને વિષે સહભાવી જે જ્ઞાનાદિક છે તે ગુણ જાણવા અને મનુષ્યપણા આદિ જે ક્રમભાવી છે તે પર્યાય જાણવા. ॥ ૧ ॥ આ પ્રકારનું દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપ ત્રયાત્મક ધ્યાન

---

૧ ઘટ જે આત્મા તેને વિષે સઘળી રૂદ્ધિ પ્રકટ થઈ. ૨ અત્યંત વાંછા.

તે અધ્યાત્મ જ્ઞાન કહીએ. તેને ધ્યાવનારો ધ્યાને કરીને યુક્ત જે યોગી તે ઉત્કૃષ્ટ એવી જે શુદ્ધિ તે પ્રત્યે પામે છે. જે શુદ્ધિ મોક્ષરૂપી લક્ષ્મિના સુખને દેખાડનારી છે ॥ ૨ ॥

ઢાળ.

બટાઉની દેશી.

આતમ જ્ઞાને જેહનું રે, ચિત્ત ચોકસ ઠહરાત; તેહને દુઃખ કહ્યું નહીરે, બીજાના દિન દુઃખી જાતરે. સુણો લ્હાળાકારક[1] વાતરે, તેતો શાસ્ત્રે છે વિખ્યાતરે; તૃષ્ના છે દુઃખની માતરે, તષ્નાએ લહે બહુ પાતરે[2]; બલિહારી મીઠે બોલડે મેરે લાલ ॥ ૧ ॥ લ્હાળા કરવા કોઇ ગયોરે, અટવીએ અંગારકાર[3]; ગ્રીષ્મ રૂતુ બહુ જળ લેઇ, તેતો બહુળા કરે અંગારરે; તાપે લાગી તરશ અપારરે, તનુ સિંચે પીએ બહુ વારરે[?]; નીઠાવે[5] જળ અપારરે, નવી ભાંજે તરશ લગારરે ॥ બ૦ ॥ ૨ ॥ તેસે અગ્નિ ભડકો હુવેરે, તેમ તસ પ્રગટીયો દાહ; જળ ખુટયે જળ આશ્રયેરે, ચાલ્યો ધરી પાનની[6] ચાહરે; અર્દ્ધ માર્ગ પડે તે અનાહરે, નવી પામ્યો

૧ કોયલા કરનાર ૨ પાપ અથવા દુઃખ. ૩ કોયલા કરનાર. ૪ પાણી. ૫ ખુટાડે. ૬ પીવાની.

તૃષાનો થાહરે; પડયો હે તરૂની છાંહરે, હુઓ વાયે અમ્ર
ત ઉચ્છાહરે. ॥ બ૦ ॥ ૩ ॥ તરૂતળ શિતળ છાંયડી
રે, નિંદ્રા આવી તાસ; સુખ જળ રંગ તરંગિણી, તી
હાં દેખે સ્વપ્ન વિલાસરે, વાવિ કુવા તળાવ પ્રકાશરે;
સવી સોષે[1] જળના વાસરે, નવી ટળે ત્રષા અભ્યાસરે,
આવ્યો જીરણ કૂપની પાસરે ॥ બ૦ ॥ ૪ ॥ ભમત
કૂપ તે પામીઓરે, લેઇ ન શકે તીર; ચાટે જીભે તૃ
પ્તિ તે, કિમ પામે સકળ શરિરરે; વેખાસ[2] કરે તે અ
ધિરરે, માને હું પીઊં રહી તીરરે; માયા છે વડ જં
જીરરે[3], રહે બાંધ્યા તેણીએ ફકીરરે ॥ બ૦ ॥૫॥ લ્યા
ળાકારક સરિખારે, સંસારે સવિ જાણ; સુખ સુર[4] અ
સુર[5] વ્યંતર તણા, નઈ[6] વાવિ કૂપ મન આણરે; તેહ
થી ન થઇ તરશાની હાણિરે, નર ભોગવી તો સીતાણી
રે; તેતો છીલ્લર[7] જળને ઢાણેરે, પુરૂ સુખ છે નિરવા
ણિરે ॥ બ૦ ॥ ૬ ॥ અંતે વિયોગ સંયોગનેરે, ભોગ
કુપિત અહિ ભોગ[8]; મરણ જન્મ આગે સહીરે, પરિ
ણામે એ દુઃખ યોગરે; બળે ઇંદ્રિય તાપે લોગરે, સં

---

૧ સોષન કરી જાય, પી જાય. ૨ વીખવાદ. ૩ મોટી બેડી.
૪ વૈમાનિક દેવ. ૫ ભુવનપતિ દેવ. ૬ નદિ. ૭ ખાબોચીઆ
નું જળ. ૮ કોપાયમાન સર્પ સરખા ભોગ

સ્કારે પણ દુઃખ સોગરે; સ્કંધાંતર ભાર ઉપભોગરે, પડે આરતે સઘળા ફોકરે ॥ બ૦ ૭ ॥ ત્રીજું ભેદે સુખ દુઃખ કરીરે, યોગાચારજ દીઠ; તેહ વ્યાધિ પ્રતિકાર માં, મન રાખે કુણ ગરિઠરે; વ્યાધિ મૂળ ઉચ્છેદે સિદ્ધરે, રહે વ્યાધિ જે અવસિદ્ધરે; તેતો આનંદઘન ઉક્રિદ્ધરે, અધ્યાતમ સુજસ વિસિદ્ધરે ॥ બ૦ ॥ ૮ ॥

## દુહા.

એહવે જંબુ વયણ મેં, ચિત્ત ચમકે નહીં જાસ; નિયમ નીસંગુ ઢોર તે, કહે વળી કેવળ વાસ ॥ ૧ ॥ જેહનું મન ભેદે નહીં, શુચિ સદ્દગુરૂ વાચ; ગુણ પ્રવેશ તીહાં કિમ હુવે, મોતી નહીં તે કાચ ॥ ૨ ॥ સજ્જન વયણે વેંધીયું, મન હોયે શુદ્ધ રત્ન; ભાંગે તો દોય ટેનવી મળે, એક મોતી બીજું મન્ન ॥ ૩ ॥

## ઢાળ

(શાંતિ સદા દિલમાં વસે) એ દેશી.

સેના મન્મથરાયની, પદ્મસેના કહે બોલ સલુણા; શિશુથી પણ હિત લીજીયે, વાજે એ નિતિનો ઢોલ. સ૦॥૧॥ સ્વામી સુણો મન દૃઢ કરી, શીખ કહું એક સાર ॥ સ૦ ॥ નારિ જાણી ન ઉવેખીએ, નારિ તે ઘરશણગા ॥ સ૦ ॥ ૨ ॥ ફેરૂ નેનૂપૂર પંડિતા, ચરિત્ર સૂણી

ભ્રમચૂરિ ।। સ૦ ।। છે દૃષ્ટાંત પ્રવર્ત્તકા, વળીઅ નિવર્ત્તક ભૂરિ ।। સ૦ ।। ૩ ।। નગર રાજગૃહમાં હવો, દેવદત્ત સોનાર ।। સ૦ ।। દેવદિન્ન તસ સુત ભલો, નારિ દુર્ગલાસાર ।। સ૦ ।। ૪ ।। ચતુરાઇની ચાતૂરી, સૌભાગ્યનું સૌભાગ્ય ।। સ૦ ।। મોહનગારી મલપતી, યોવન સુરતરૂ વાગ ।। સ૦ ।। ૫ ।। વસ્ત્ર આભરણ અલંકરી, અલંકરે તે નદી તીર ।। સ૦ ।। માનુ મુરત જળ દેવતા,[1] સરસ સુગંધ સમિર ।। સ૦ ।। ૬ ।। ઉરૂ કુચ કુંભ દેખાવલી, ઉતારે કંચૂક તેહ ।। સ૦ ।। ઉત્તરિય યુત સખી કરે, તે દીએ સુંદર દેહ[2] ।। સ૦ ।। ૭ ।। પહિરણ અર્દ્ધ કુચે ઠવી*, જળ પેઠી ક્રીડા હેત ।। સ૦ ।। મન્મથ દગ્ધ જીવાડતી, મધુરાલાપ સંકેત ।।સ૦।।૮ ।। આલિંગે તેહને નદી, વિસ્તારી વરકરવીચી ।। સ૦ ।। સ્નિગ્ધ સખી પરે હોઇ મીલે, તે હૈડે હૈડું ભીંચિ[3] ।। સ૦ ।। ૯ ।। નીરવિદારી કરે તરે, તીહાં જીમ નૌ

---

૧ માનુ જળ દેવીની મૂર્ત્તિ ન હોય! તેવી છે. ૨ તે સુંદર શરીર વાળીએ પેહેરવાનું વસ્ત્ર અને કંચુક સખીના હાથમાં દીધો. * પેહેરવાનું એક વસ્ત્ર અર્ધ સ્તન ઢંકાય તેમ રાખીને. ૩ તે સ્ત્રિને નદીએ પોતાના જળરૂપ હસ્તને વિસ્તારીને સ્નેહવાળી સખીની પેઠે હૈયેહૈયું ચાંપીને આલીંગન કરયું.

દંડ નાવ ॥ સ૦ ॥ હંસ ચક્રવાક ઓસરે, માનું ગતિ કૃચકૃચ્છ લઘુ ભાવ ॥ સ૦ ॥ ૧૦ ॥ ન્હાતાં નીર વિખેરતાં, વળી કેળી[1] કરત ચિરકાળ ॥ સ૦ ॥ ચંચળ કર તેહના કરે, વર કમળ નૃત્ય અનૂકાર[2] ॥ સા૦ ॥ ॥ ૧૧ ॥ શ્લથ[3] ઇકવસન[4] શ્રવેપથુ, પરિધૌધ અધર ચ્યુત કેશ[5] ॥ સ૦॥ જળક્રિડા કરતી તે બને, રતિ ઊથિત સંગત વેશ[6] ॥ સ૦ ॥ દેખે એક તે ક્રીડતી, નદી માંહે દેવી સમ લીન ॥ સ૦ ॥ કામી ફીરતો આવીયો, નાગર જન અતિ દૂશિળ ॥ સ૦ ॥ ૧૩ ॥ ક્ષોભ પામ્યો તે તેહના, દેખતો અંગ પ્રત્યંગ ॥સ૦॥ મદીરાથી દો ઇંદુરખી, મન પેઠી પણિ મદ રંગ ॥સ૦ ॥ ૧૪ ॥ બોલ્યો તે પુછે તુઝ પ્રતે, એ તટિની તે સુસ્નાત ॥ સ૦ ॥ પુછે એ તરૂવર ફળ નમ્યા, હું પણ કરતો પ્રણિપાત[7] ॥ સ૦ ॥ ૧૫ ॥ સા કહે નદીને સુ

---

૧ ક્રિડા. ૨ તે સ્ત્રિના હાથ પાણીની અંદર કમળની સદૃશ નૃત્ય કરી રહયા છે. ૩ અવ્યવસ્થિત. ૪ એક વસ્ત્ર પેહેરેલું છે જેણે એવી. ૫ જેના કેશ જળવડે ઝરી રહયા છે. ૬ રતીક્રીડામાંથી ઉઠેલી સ્ત્રીના જેવો વેશ થઇ રહયો છે. ૭ કામી પુરૂષ બોલ્યો કે તું સારી રીતે ન્હાઇ? એવું આ નદી, આ ફળે નમેલુ વક્ષ અને નમસ્કાર કરતો એવો હું તમને પુછીએ છીએ.

ખ હોજો, તરૂઅર નંદો[1] ત્રીહું કાળ ॥ સ૦ ॥ પૂછે મુઝ સુસ્નાત જે, હું પૂરીશ તેહેની આશ ॥ સ૦ ॥ ॥ ૧૬ ॥ આશાવલ્લી વિપનમાં, જળધાર વચન સુણી તાસ ॥ સ૦ ॥ રૂંધ્યો તિમજ રહયો યુવા,[2] નર નાથ હુકમે જીમ દાસ ॥ સ૦ ॥ ૧૭ ॥ એ કુણ એમ મન ચિંતતો, એક તરૂ હેઠે બહુ બાળ ॥ સ૦ ॥ દેખે ફળને વાંછતા, કરી ઊંચું વદન વિશાળ ॥ સ૦ ॥ ॥ ૧૮ ॥ પાહણે[3] પાડી ઘણા કરે, તેહની તે મનોહા રિ ॥ સ૦ ॥ તૃપ્ત કરી ફળે બાળને, કહે જાય છે એ કૂણ નારિ ॥ સ૦ ॥ ૧૯ ॥ તે કહે વહુ દેવદત્તની, એ ઇહાં એહનું છે ગેહ ॥ સ૦ ॥ દુર્ગિલા પણ નિજ ઘર ગઇ, ધરતી તેહશ્યું અતી નેહ ॥ સ૦ ॥ ૨૦ ॥ કુણ ક્ષણ કુણ વેળા ઘડી, કુણ વાસર[4] કુણ નિશિ જા મ ॥ સ૦ ॥ સંગમ જીહાં અમને હુશે; ચિંતે તે ભલો કુણ ઠામ ॥ સ૦ ॥ ૨૧ ॥ સરખા સાથે વેધીયા, પંચ બાણે[5] તેહ યુવાન ॥ સ૦ ॥ ભાગ અર્ધ સમતી ક્રિયા, સ્મર જાણે તે કવણ નિદાન ॥ સ૦ ॥ ૨૨॥ હોય વિયોગે તે દુબળા, માતો થાયે કામ ॥ સ૦ ॥ દુર્જન

---

૧ આનંદમાં રહો. ૨ યુવાન પુરૂષ. ૩ પથ્થર વડે. ૪ દીવસ. ૫ કામદેવે.

મિત્ર[1] જે તેહનાં, એહવાં છે લક્ષણ ઠામ ॥ સ૦ ॥૨૩ ॥ અસતી ને કુળ દેવતા, તાપસિ તે યુવા હવે એક ॥ સ૦ ॥ આરાધે અશનાદિકે, કામે શિખા૦યો વિવેક ॥ સ૦ ॥ ૨૪ ॥ આરાધી તેહને કહે, દેવદત્ત વધુનો સંગ ॥ સ૦ ॥ કરિ મુઝને અહ્મ બેહુને, માંહોમાંહી છે રંગ અભંગ ॥ સ૦ ॥ ૨૫ ॥ સ્વયંદુત હુઇ મઇપુરા,[2] અંગીકાર કરા૦ય એ ભોગ ॥ સ૦ ॥ સુજસ રંગ મંગળ કરૂ, તાહારે છે સૂકર[3] એ યોગ ॥ સ૦ ॥ ૨૬ ॥

## દુહા

કરૂં કાર્ય એ તાહારૂં, તાપસિ કહે તત્કાળ; દેવદત્ત મંદિર ગઇ, ભિક્ષા દંભ ઊતાળ ॥ ૧ ॥ દીઠી થાળી માંજતી, દુગ્ગિલ નારિ સોનારિ; કહે ચાહે તુઝ તરૂણ એક, વિલખો મકર વિચારિ ॥ ૨ ॥ રૂપ વેશ વય ચાતૂરી, લવણિમ ગુણ શંગાર; તુમ્હ બેહુને છે સા

---

૧ તે સ્ત્રી પુરૂષ વિયોગે કરીને દુર્બળ થયા અને તેથી તેનો સ્નેહી જે કામદેવ તે માતો થયો. કવી કેહે છે કે દુર્જન મિત્રનાં લક્ષણ એવાં હોય છે. ૨ હેમતીએ ભરેલી! તું પોતેજ દુત તરીકે થા. ૩ સુલભ.

રિખા, મિલન મિલાવો ચાર ॥ ૩ ॥ નઇ ન્હાતી દીઠી તુને, જે દિનથી તેણે મુદ્ધિ; તે દિનથી તેં ચિત્ત હર્યું, રહી ન કાં તસ શુદ્ધિ ॥ ૪ ॥ દિશિ દિશિ તું તું મંદિરે, આગે પાછે તૂંહિ; બાહિર ભિત્તર તુંહી તું, લય લાગી તસ યુંહિ ॥ ૫ ॥ [1]પ્રાણ કહે તો પ્રણયશો, ભિન્ન ન બૂદ્ધિ અભેદ; ઉભય વિરોધે કિમ કહે, તુંહિ તુંહિ તસ વેદ ॥ ૬ ॥ કામ દશા તસ નવ હુઇ, દશમી કરે નિરથ્થ[2]; કહે કોઇ જોડણ યુગતિ, સમરથ છે મનમથ્થ ॥ ૭ ॥

ઢાળ.

(રામપુરા બાજારમાં) એ દેશી

સા[2] કહે મુંડા સુંડા રશી, ગુંડાઇની એ શી વાત મેરે લાલ; ભુંડાઇ એ અમ્હ કુલે નહીં, લુંડાઇ મકર કુર્જાત ॥ મેરે લાલ ॥ ૧ ॥ બલિહારી રસ ગો

---

૧ જો તુઝને પ્રાણ કહીએ તો સ્નેહ કિમ હોશે અને જો સ્નેહ તુંજ કહીએ તો પ્રાણ વીના પ્રગટ સ્નેહ ન થાય અને પ્રાણ ને સ્નેહ જુદા જુદા કહીએ તો પ્રેમનો ભાવ કિમ મળે માટે એ બેહુમાં અવીરોધ છે એટલે પ્રાણને પ્રેમ ભેળાજ છે એવો સ્નેહ તારા ઉપર છે. ૨ તાપસીણી કહે છે કે તે પુરૂષને કામની નવ (૯) દશા તો થઇ ચૂકી છે માટે હવે દસમી જે મરણ દશા છે તેનું નિર્થક કર

ડિની, ચતુર ન ચૂકે નિતિ ॥ મેરે૦ ॥ રસીયા તે ઘ
સીયા જઇ મળે, વસીયા જેહને ચિત્ત ॥ મેરે૦ ॥૨॥
ગાજું છાજું અમ્હે નિજ ગુણે, તાજું સાજું અમ્હ
ચિત્ત ॥ મેરે૦ ॥ સાંભળતાં પણ એહવી કથા, લાજું
કુળશિળ પવીત્ર ॥ મેરે૦ ॥ ૩ ॥ પાપિણિ અમ્હ ન
જરથી જા પરો, ઘર ઘર માગે છે ભિખ ॥ મેરે૦ ॥
પાપી દીઠે પણ પાપ છે, જે એહવી દીએ કુશિખ ॥
મેરે૦ ॥ ૪ ॥ દુર્જિજ્ઞા નિજ આશય ગોપવી, તરજે
તાપસિની પીટ ॥ મે૦ ॥ જાતાં મસિનો હાથો દીયે, પ
રગટ પંચાંગુળી ધીઠ ॥ મેરે૦ ॥ ૫ ॥ તેહનો મનભા
વ અજાણતી, તાપસિ જઇ કહે દુશિળ ॥ મેરે૦ ॥
શું રાગિણિ તું એહને કહે, બેડાથી એહ સલીજ્ઞ ॥
મેરે૦ ॥ ૬ ॥ તુઝ સકળ કથન મેં તીહાં કહ્યું, ન સ
હે સા તાહરૂં નામ ॥ મેરે૦ ॥ મારી કાઢી મેલે કરે,
ફિરિ મ કરે એહવું કામ ॥ મેરે૦ ॥ ૭ ॥ ઇમ કહી દે
ખાડે પૃષ્ટ તે, તે જાણે ધુર્ત્ત પ્રધાન ॥ મેરે૦ ॥ સંકેત
કીયો વદિ પંચમી, અહો એ ચતુરાઇ નિધાન ॥ મે
રે૦ ॥ ૮ ॥ પણ ઠામ સંકેતનો નવી કહયો, મોટુ છે
એ અંતરાય ॥ મેરે૦ ॥ ફરી તાપસીને તે નર કહે,

---

૨ તે સોનારણ.

રાગિણી મુઝ નિશ્ચય સાય ॥ મેરે૦ ॥ ૯ ॥ મકરો નિર્વેદ[1] એ કામમાં, હિત વાંછક છો મુઝ માત ॥ મેરે૦ ॥ ઉદ્યમ લક્ષ્મિ મૂળ છે, નિર્વેદ તે લક્ષ્મિ પાત ॥ મેરે૦ ॥ ૧૦ ॥ તુમ્હે માહરે કાજે મત કરો, દુઃખ પામો તોય વિખાસ ॥ મેરે૦ ॥ પ્રસ્તાવે સહુ જાણજો, જીમ સો હુઆ તીમ પચાસ ॥ મેરે૦ ॥ ૧૧ ॥ સા કહે તુજ કાજ સંદેહ છે, મુઝ તર્જન[2] નહીં સંદેહ ॥ મેરે૦ ॥ નિર્લજ થઇ જાઇશ તુજવતી. કુળશીળવતી છે તેહ ॥ મેરે૦ ॥ ૧૨ ॥ ઇમ કહી તે ઉતાવળી, ગઇ સ્વર્ણકાર વધુ[3] પાસ ॥ મેરે૦ ॥ કહે વલ્લભ તેહશું તુમ્હે રમો, લ્યો ચૌવન સુરતરૂ વાસ[4] ॥ મેરે૦ ॥ ૧૩ ॥ તાપસીને તર્જે દુર્ગિલા, ગલે ઝાલી પશ્ચિમ બાર ॥ મેરે૦ ॥ કાઢે તે અશોક વનિકા તણે[5], પામે તે લાજ અપાર ॥ મેરે૦ ॥ ૧૪ ॥ ઢાંકે મુખ આવી તે કહે, તે નરને સઘળી વાત ॥ મેરે૦ ॥ એ ઠાણે આવે ઇમ કહયો, જાણે ધુત્ત વિખ્યાત ॥ મેરે૦ ॥ ૧૫ ॥ સહૃદય[6] તે જાણે વ્યંજના[7], શ્રુત માત્ર[8] ધરે પશુ રૂપ ॥ મે

---

૧ ખેદ. ૨ તર્જના. (અપમાન) ૩ સોનારણ. ૪ સુગંધ. ૫ અશોક વાડીને પાછલે દ્વારથી કાઢી. ૬ હૃદયનો આશય. ૭ બુદ્ધિમાન. ૮ સાંભળવા માત્રજ.

રે૦॥ વક્ત્રી વૈશિષ્ટાઇ તીણે લહ્યો, એ ચેષ્ટા વ્યંગ સ્વ રૂપ[૯] ॥ મેરે૦ ॥ ૧૬ ॥ તે કહે ભગવતી તેણીએ ક ચૌં, અપરાધ ખમો મુઝ હેત ॥ મેરે૦ ॥ હવે દૂષ્ઠનો મત બોલાવજો, આપણે એટલો સંકેત ॥ મેરે૦ ॥ ॥ ૧૭ ॥ હવે કૃષ્ટ પંચમીએ તીહાં ગયો, રજની મુ ખ તેહ યુવાન ॥ મેરે૦ ॥ દીઠી તે જોતી વાટડી, હુ ઓ ભારા પ્રધાન ॥ મેરે૦ ॥ ૧૮ ॥ લોચન પણિ બા હુ પસારતા, સર્વાંગ ધરત રોમાંચ ॥ મેરે૦ ॥ તે બેહુ રંગે ધાઇ મીલ્યા, મીલીયો સરખો સવી સંચ ॥ મેરે૦ ॥ ૧૯ ॥ તે પહેલાં પણ એક ચિત્ત હતાં, એક તનું હુઆ તેણીવાર ॥ મેરે૦ ॥ આલિંગન પીડન ભ ય થકી, સવી નાઠો વિરહ વિકાર ॥ મેરે૦ ॥ ૨૦ ॥ બહુ પ્રેમ સુજસ વાતે કરી, નવ નવ રત વિવિધ વિ નોદ ॥ મેરે૦ ॥ બે પહોર ગયા તેહને છકયા; અનુભ વતાં મન્મથ મોદ ॥ મેરે૦ ॥ ૨૧ ॥

## દુહા

તુજ ઊસીસે તેહોને, કરતા સુરત પ્રયાસ; નય

---

૯ બોલનાર પ્રવીણ અને સાંભળનાર પણ વિચક્ષણ હોવાથી ચેષ્ટાનું ગુપ્ત સ્વરૂપ પરસ્પર સમજ્યા.

ને નિંદ્રા સંક્રમી, ક્રમળે રજ્જ્ઞી વિલાસ ॥ ૧ ॥ કાય ચિંતારથ ઉઠીયો, તીહાં આવ્યો દેવદત્ત; બીહું અશોક વનિકાંતરે, સુતાં દીઠાં મત્ત ॥ ૨ ॥ ચિંતે ધિક પાપિણી વહુ, કરે જે પર ભરતાર; ઘરમાં સૂતો દેખી સુત, નિશ્ચય કીયો એ જાર ॥ ૩ ॥

ઢાળ.

(નાભિરાયા કે બાર) એ દેશી

ચિંતે જાણે પુત્ર, અસતિ જીમ ચમકીરી; કાઢુ એહતું મંદ, નૂપુર પાય થકીરી ॥ ૧ ॥ એમ ચિંતી દેવદત્ત, કાઢે ચોર પરેરી; નેઊર પાય થકીજ, પેઠો લેઇ ઘરેરી ॥ ૨ ॥ નેઉર કાઢે તેહ, જાગે સોનાર વહુરી; સભય સૂતાંને ભિત, ન રહે નિંદ બહુરી ॥૩॥ નેઉર કાઢીયું જાણિ, સસરે સા અસતિરી; જારને કહે જા વેગ, અવસરે થા સુમતિરી ॥ ૪ ॥ પહેરણ પહેરયું આધ, તે ગયો સભય પરોરી; સૂતો જઈ પતિ પાસ, વેગે સા ઇતરીરી ॥ ૫ ॥ અસતિ ચરિત્ર સમુદ્ર, મછ્લી પતિ જગવેરી; ગાઢ આલિંગન પુર્વ, સા કહે એમ હવેરી ॥ ૬ ॥ આર્ય પુત્ર ઇહાં ધામ, મુઝ મૃદુકાય દહેરી; આવો અશોક વનિકાયે, તનુ દુઃખ કોણ સહેરી ॥ ૭ ॥ તીહાં ગયો દેવ દિન્ન, નારિ પ્ર

ધાન ઉઠીરી; કંઠે વિલગી નારી, સુએ સા પતિ એક ઠીરી ।। ૮ ।। તોહાં તેહનો ભરતાર, પામે નિંદ ખરીરી; ચિત્ત પ્રસન્ને નિંદ, આવે અતિ સખરી[1]રી ।। ૯ ।। નાચિણી ગોપી આકાર, ધૂરત સા વિવદેરી; તુમ્હ કુળ કોણ આચાર; મુઝને એ ન સદેરી ।। ૧૦ ।। સૂતી તુઝ-આલિંગ, કાઢયું નેઊર સસરેરી; ફરસે સુતી પૂજ્ય, કિમ વહુ સુરત ધરે[2]રી ।। ૧૧ ।। પતિ કહે દેશું ઉલંભ,[2] પ્રાતે પિતાને સહીરી; સાઠી નાઠી બુદ્ધિ, દાખીશ એમ કહીરી ।। ૧૨ ।। સા કહે હવણા તાત, તેડી સાચ કરોરી; સુતી કહેશે પ્રાત, લેઇ અવર નરોરી[3] ।। ૧૩ ।। તે કહે માનું ન અન્ય, તેં સમ જાણ્યું ખરૂંરી; કીધી સપથ[4]ની કોડ, તાહરી હું ભીર[5] કરૂં રી ।। ૧૪ ।। દેવ દિન્ન તે પ્રભાત, તાતને કૂપિત કહે રી; વહુનું નૂપુર કાઢી, શું કુળશીળ દહેરી ।। ।। ૧૫ ।। થવાર[6] કહે એ કુશીળ, દીઠી અવરરમીરી; સુત કહે નહુંતો ઓાર, તેં નિજ લાજ ગમીરી ।।૧૬ ।। તું તવ દીઠો સુત, ઘરમાં થવીર કહેરી; દુગ્ગિલ કહે કરૂ દ્વિજ, સતિ ન કલંક સહેરી ।। ૧૭ ।। કુળવ

૧ કામક્રીડાનું ઘર. ૨ ઓાળંભો, ઠપકો. ૩ બીજો પુરૂષ.
૪ સોગન. સમ. ૫ ભેર, તરફેણ, પક્ષ. ૬ [illegible] સોનાર.

તિને કલંક, વચનો પણ ન ઘટેરી; જીમ મસી કેરો બિંદુ, ઉજ્વળ ધાત પટે[1] રી ॥ ૧૮ ॥ ઇહાં છે સૌભ ન યક્ષ, જાંઘ માંતિસ નિસરૂ*રી; તીહાં નવી નિસરે કોઇ, જસ નહીં શીળ ખરૂંરી ॥ ૧૯ ॥ નિર્વિકલ્પ[2] સુત તેહ, તાત વિકલ્પ ધરીરી; ધીજ કબૂલે તાસ, જો સુર સાખિ[3] ભરીરી ॥ ૨૦ ॥ ન્હાઇ પહેરે પટ ધોત, ધુપશ્યું પુષ્પ કરેરી; ચાલી પૂજવા યક્ષ, બંધુ સહીત સુપરેરી ॥ ૨૧ ॥ યક્ષ પૂજતાં તાસ, જાર સંકેત ગલેરી; વળગ્યો અળગો કીધ, ગહિલો[4] જન સવળેરી ॥ ૨૨ ॥ દુગ્ગિલા વિનયથી યક્ષ, ફરી નાહીને પૂજેરી; મુઝ છે ભરતાર એક, વિકળ બિળે દુજોરી ॥ ૨૩ ॥ પહીલા ગહિલા ટાળી, જો કોઇ કંઠ લગ્યોરી; નીચી રાખતો પાય,[5] નહીંતર રહે અળગોરી ॥ ૨૪ ॥ શિર ચડીયો ઊન્મત્ત, હર પણ નવી વરજ્યોરી;[6] બીજાની કુણ માત્ર, હોય તે જે સરજ્યોરી

---

૧ ધોયેલા વસ્ત્ર ઊપર. * જાંઘમાંથી નીકલ્યું. ૨વિચાર વિનાનો ૩ દેવની સાક્ષી યુક્ત. ૪ ગાંડો, ગૃથીલ. ૫ તારા પગની નીચે. ૬ નીચ ઊન્મત્ત એવો ધંતુરો માથે ચડયો તેને શિવે પછી તજ્યો નહીં તેમ સોનારણ યક્ષને કહેછે કે હું ધતુરા સરખી નીચ કુસતિ છું પણ તું મારી લાજ રાખજે.

॥ ૨૫ ॥ સશ્વર સમો મત હોય, તું છે સુર સખરો
રી; નૃપ પણ ન દીએ દંડ, કહેતાં વચન ખરોરી
॥ ૨૬ ॥ ભાવ ન જાણે ભુંછ,[1] ચતુર વચન તણોરી;
વિબુધ અબુધ પણિ ફેર, શ્રોતા માંહે ઘણોરી ॥ ૨૭ ॥
સાચાને કીજે સાચ, જૂઠાને જૂઠ કરોરી; સુમતિ ના
વાએ પ્રવાહ, સાયર આપ તરોરી ॥ ૨૮ ॥ એમ સુ
ણી યક્ષ વિચાર, કરવા લાગ્યો જીસેરીઃ જાંઘને અં
ર તામ, વેગે સા નિકસે[2]રી ॥ ૨૯ ॥ શુદ્ધ સતિ એ
શુદ્ધ, હરખે લોક સ્તવેરી; પુષ્પમાળ ગળે તાસ, નૃપન
ર સુજસ ઠવેરી ॥ ૩૦ ॥

દુહા

સસરાને ઘર સા ગઈ, આજત વાજત તૂર; ભ
ર્ત્તારે ભલીપરે આદરી, બંધવ આનંદ પૂર. ॥ ૧ ॥
નૂપુર આકર્ષણ તણું, ઊતાર્યું જે કલંક; તેણે સાનૂપુર
પડિંતા, બોલી રાયને રંક. ॥ ૨ ॥ વહુની બુદ્ધિ પ
રાભવ્યો, અનિંદ[3] હુઓ દેવદત્ત; અંતેઉર રક્ષક કરે,
તેડે નૃપ અપ્રમત્ત. ॥ ૩ ॥

ઢાળ

સતિ સુભદ્રા સાંભરી, એ દેશી.

આગે હત્રે પીયુ સાંભળો, જે વિતિ બહુવિધવા

---

૧ મુર્ખ. ૨ નીકળે. ૩ નિદ્રા વિનાનો.

ત; અંતેઉર રક્ષક હુઓ, દેવદત્ત અનિંદ્ર વિખ્યાત ॥ મારા પિઉજીને જાઉં હું વારણે, પીયુજી છો હિયડાના હાર કે, જીવન જીવન આધાર, શિખ સાંભળી કરોને વિચાર ॥ મારા૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ રાણી રાતે એક જુએ, એ સોવે કે નવ સોય; કપટ નિદ્રાએ તે સુએ, તવ ઊઠી તવ ઉઠી નિંદ્રા નર હોય ॥ મારા૦ ॥ ૨ ॥ ગોખની સન્મુખ સા ગઇ. હેઠે બાંધ્યો છે ગજરાય; કૂંતાર[1] તે શ્યું આશકત તે, કાઢી પાટીયું પાટીયું બાહિર જાય ॥ મારા૦ ॥ ૩ ॥ સુંઢે લેઇ તે શિખવે, ગજરાજે મુકી ભૂમિં; કૂતાર કહે ક્રોધે ચડયો, શું આવી શું આવી અસુરી ખૂમિ ॥ મારા૦ ॥ ૪ ॥ ઇમિ કહી હાથી સાંકળે, મારી દાસી પરે સોય; કહે વાંક નહીં માહરો, રખવાળો નવો કર્યો રાય ॥ મારા૦ ॥ ૫ ॥ આવી નિંદ્રા છીદ્ર તસ લહી, તબ રમે કૂંતાર નિઃશંક; પચ્છિમ યામે ગજ ચઢી, નિજમંદિર નિજમંદિર જાય સપંક ॥ મારા૦ ॥ ૬ ॥ વિધિ[2] પણ ન લહે સ્ત્રી ચરિત્ત,[3] ચિત્ત ચીંતે તબ સોના

---

૧ માવત. ૨ વિધાતા, બ્રહ્મા ૩ ચરણ ધરત ચિંતા કરત, નિધા કરણ તન સોય; સુવર્ણ કું ઢુંઢત ફિરત, કવી વ્યભિચારી ચોર. ૪ આકરી નિદ્રામાં સુતો.

૨; રાજદ્વાર નવી રવી જુએ, તો બીજીય બીજીનો કવણ આધાર ॥ મારા૦ ॥ ૭ ॥ પાણી ભરવા નીકળે, વળી બાહિર કાજ અનેક; નગરમાંહે જે સંચરે, તેહને કિમ રહે કિમ રહે શિલની ટેક ॥ મારા૦ ॥૮॥ વાંક વિસારી વહુ તણો, તે સોવે નિઠુર નિંદ;[3] પ્રાત જગાવ્યો જાગે નહીં, કહે ચેટીય[1] તે નૃપને છિદ્ર[2] ॥ મારા૦ ૯ ॥ નૃપ કહે કાંઇ કારણ હુશે,મત જગાવો એહને કોઇ; આપ જાગે તવ આણજ્યો, સાત રાત સાત રાત તે સુતો સોઇ ॥મારા૦॥૧૦॥ જાગ્યો પછી ગયો નૃપ કન્હે, નૃપ પૂછે હુઓ કૂણ હેત; અભય છે તુજને સર્વો કહે, તેણે માંડીને માંડીને કહ્યો તે સંકેત ॥ મારા૦ ॥ ૧૧ ॥ નૃપ સુપ્રસન્ન વિસર્જિયો, તે દુઃખ સહી ધરે રહે સોય; ભુખ સહ્યા જેમ ઢોર છે, તેમ દુઃખ સહ્યા દુઃખ સહ્યા માણુસ જોય ॥ મારા૦ ॥૧૨॥ રાણી કુશિખણી પરખવા, નૃપ હાથી કરાવે કલાંચ,[3] રાણીને એ આરોહીએ, થઇ નગ્ન થઇ નગ્ન સ્વપ્નનો એ સંચ ॥ મારા૦ ॥ ૧૩ ॥ સરલ રાણી સવી તીમ કરે, પતિ દેખતસી તસ લાજ; ચક્ર કહે હું એહથી, બીહું કમળેય કમળે હણે તે રાજ ॥ મારા૦ ॥

---

૧ દાસી. ૨ છીદ્ર. ૩ કળવાળો હાથી કરાવ્યો.

॥ ૧૪ ॥ લીલા કમળે સાહણી, પડી મુર્છા ખાઇ હેઠ;[1] નૃપ જાણે ડોસે કહી, તે એહજ એહજ દેખી પુંઠ ॥ મારા૦ ॥ ૧૫ ॥ નૃપ હસી કહે બીહે એ હથી, ઇભમતિ ચઢી તીહાં જાય; હરખે સાંકળ પા તથા, મુર્છાયે મુર્છાયે કમળથી કાંય ॥ મારા૦ ॥૧૬॥ કોપ્યો નૃપ કુંતારને, તેડાવો હસ્તિ સમેત; રાણી બે સારી તાહાં કહે, ગિરિ કૂટથી[2] ગિરિ કુટથી પાડો એ સંકેત ॥ મારા૦ ॥૧૭ ॥ આધોણણ ગિરિ મસ્તકે, ઇભ ધારે ત્રિપદીએ તેહ; લોકો પોકાર કરે ઘણું, નૃપ રત્ન ઇભ રત્ન[3] ન હણીએ એહ ॥ મારા૦ ॥ ૧૮ ॥ જન પોકારે નૃપ ઘણે, કહે તુમે જાણો તિમ હોય; મા ગી અભય દોયને, કરી ઊતારે તીહાંથી સોય ॥ મા રા૦ ॥ ૧૯ ॥ રાણી કુંતાર નાશી ગયા, દીધે દેશવટે ઇભ છોડિ; સાંઝે ગામ એક પામીયું, સુએ સુએ દે વ કુળેજોડિ ॥ મારા૦ ॥ ૨૦ ॥ અર્દ્ધ રાત્રે એક આ વીઓ, તીહાં ગામથી નાઠો ચોર; બાહિર દેવળ વિં ટીયો, આવ્યો ઉંઘે આવ્યો ઉંઘે માવત તીહાં ઘોર ॥ મારા૦ ॥ ૨૧ ॥ તે ફરશ્યો પણ નવી જગ્યો, જા

---

૧ નીલ કમળ રાજાએ રાણીને માર્યું એટલે તે મુર્છા ખાઇ હેઠી પડી. ૨ પર્વતના શિખર ઉપર ચડાવીને પાડો. ૩ હસ્તિરત્ન.

ગી રાણી કરવા લાગી વાત; ભોગવે તો હું ઊગારી લ્યું, કહું ભરતા[1] કહું ભરતા માહરો એ ખ્યાત ॥ મારા૦ ॥ ૨૨ ॥ ચોર જાણે મેં પામીયું, એક સોનું બીજું સુગંધ; કામિની તે નીચ ગામિની, તેણે પડિવજી[2] પડિવજી મનમથ અંધ ॥ મારા૦ ॥ ૨૩ ॥ પેઠા પ્રભાતે ગામના, તીહાં સુભટ ઉઘત તરવાર;[3] ક્રોધે તે પુછે ત્રણ્યમાં, કૂણ ચોર કૂણ ચોર કહે તવ નારિ ॥ મારા૦ ॥ ૨૪ ॥ ભાઇ અમ્હે ગ્રામાંતરે, જાતાં ઇહાં વશીયા સાંઝિ; એ મહારો ભર્તાર છે, ઇમ ચોરને ઇમ ચોરને દાખે પાંઝિ ॥ મારા૦ ॥ ૨૫ ॥ ગામડિયા મન ચિંતવે, જસ લક્ષ્મિ નારિ સુકંઠ; તે તો ચોરી નવી કરે, પરિશેષે પરિશેષે[4] ચોરી કરે મિંઠ[2] ॥ મારા૦ ॥ ૨૬ ॥ શૂળી આરોપ્યો[6] તે જેહને, દેખે તેહને માગે નિર; કોઇ ન પાવે નૃપ ભયે, નિજરક્ષ નિ

---

૧ રાણીએ ચોરને કહ્યું કે જો તું મને ભોગવે તો તને મારો ભર્તાર ઠરાવીને બચાવું અને આ માવત જે ઊંધી ગયો છે તેને ચોર ઠરાવું. ૨ અંગીકાર કરી. ૩ તરવાર ઊગામી છે જેણે એવા.

૪ બાકી રહેલો, એકલો. ૫ માવત. ૬ માવતને ચોર ઠરાવીને શુળીએ દીધો.

જરક્ષ ધરમ કરે ધીર ॥ મારા૦ ॥ ૨૭ ॥ આવ્યો તે મારગ આવતો, શ્રાવક જિનદાસ તું પાલિ; નમો અરિહંતાણં કહે, પાણી આણું પાણી આણું સહી દુઃખ ઝાલિ ॥ મારા૦ ॥ ૨૮ ॥ રાજ સુભટ અનુમત લેઇ, પાણી આણે ઇમ કહી તેહ; લહી આશા જળ આણતો, દેખી ભણતો તે ભણતો તે મુકે દેહ ॥ મારા૦ ॥ ૨૯ ॥ શીલ રહીત નવકારને, મહિમાએ અમર હુઓ તેહ;જઇવિ અકાંમહ નિજર્જરા, અવ્યકત અવ્યકત સમાધિ એહ ॥ મારા ॥ ૩૦ ॥ અસતિ ચાલી ચોરશ્યું, નદિ આવા વચમાં એક; ચોર કહે તટ ધરી ફરૂં, તુઝ વસ્ત્ર વસ્ત્રાદિક ભાર અનેક ॥મારા૦॥ ॥ ૩૧ ॥ શરથંભે લીની રહે, મત બીહે આવું છું જઇ; ઇમ કહી સવી લેઇ ગયો, જે નવી હુઈ પતિની તે કેહની થાઇ ॥ મારા૦ ॥ ૩૨ ॥ જાતો દેખી[૧] તે એમ કહે, મુઝને મુકી કયાં જાય; તે કહે નાગી એકલી, તું રાખશી તું રાખશી બીહું મરવાય ॥ મારા૦ ॥ ૩૩ ॥ મિઠુ જીવ હવે દેવતા, દેખી તે વિકુર્વે શિયાળ; માંસ

---

૧ ચોરને વસ્ત્રાદિક સહીત નદી ઊતરીને જતો રેહેતો દેખીને તે બોલી.

પેશી મુખ તે તજે, ખાવા મીનને[1] ખાવા મીનને હુઓ વિરાળ ॥ મારા૦ ॥ ૩૪ ॥ પેઠો મીન નદી જળે સીંચાણો હયે તે મંસ; સા[2] કહે ચૂકયો દોઇથી, શું જંબુક[3] શું જંબુક જોઇ કુવંશ ॥ મારા૦ ॥૩૫॥, તે[4] કહે પતિ તજી જારને, તું વંછી દોઇથી ચૂક; નાઠી જોય શું અરિપરી, હતશિળ હતશિળ મુખે તુઝ થુંક ॥ મારા૦ ॥ ૩૬ ॥ રૂપ દેખાવી તે નિજ કહે, જિનધર્મે હું[5] દેવ; પાપિણી પાપ પખાળવા, કર્ય સુજસ કર્ય સુજસ ધર્મની શેવ ॥ મારા૦ ॥ ૩૭ ॥

## દુહા.

ઇમ પ્રતિબોધી અમર[6] તે, મેલ્હે સાધવી પાસ; લેઇ દિક્ષા તે કરે, સુખે ધર્મ અભ્યાસ. ॥ ૧ ॥ ઇશ્યા પ્રવૃતિ નિવૃતી કર, છે બહુ વિધ દ્રષ્ટાંત; ભલાં વિષય સુખ ભોગવો, સમઝયું કીજે કંત. ॥ ૨ ॥ અણ પામ્યાની લાલચે, પામ્યું મુકે જેહ; જંબૂક નૂપુર પંડિતા, વચન વિષય હોય તેહ. ॥ ૩ ॥ જંબુ કહે નહી

---

૧ માછલાનું ભક્ષણ કરવા શિયાળે પ્રથમ મળેળી માંસની પેશી નદીને કીનારે મુકી. ૨ પદભ્રષ્ટ રાણી. ૩ શિયાળ. ૪ તે જંબુક બોલ્યો. ૫ જૈનધર્મના પસાયથી હું દેવતા થયો છું એમ માવતે પોતાનું રૂપ પ્રગટ કરીને કહ્યું. ૬ દેવતા.

હું ઇરચો, રાગ ગહેલો નારિ; વિદ્યુન્માળી જીમ હુ
ઓ, તાસ કથા મન ધારિ. ॥ ૪॥

ઢાળ.

(ઝવેરી સાચો અકબર હીરજીરે) એ દેસી.

મ્હોટો નગ[1] વૈતાઢ્ય છે રે, દોઇ ભરત અરધ
ધરે પાંખરે; નગખગમાં શો આંતરો રે, લિપી ભ્રમ હો
યે વચનની ધાંખ રે. ॥ ૧ ॥ ચતુર વિચારો ચિત્તમાં
રે, છાંડો વિષયનો રાગરે; જેહને વિષયની વાસના રે,
તેહને મારગનો નહી લાગ રે. ॥ ચ૦ ॥ ૨ ॥ ગગનવ
લ્લભપુર તિલક છે રે, વર ઉત્તર શ્રેણિને ભાળ રે; તરૂ
ણ વિદ્યાધર તીહાં હુઆ રે, દોય મેઘરથ વિદ્યુન્માળી
રે. ॥ ચ૦ ॥ ૩ ॥ ચિંતે જઇએ ભૂચર કન્હે રે, નિજ
વિદ્યા તીહાંજ સધાય રે; નિચ કન્યા પરણી વિધિ રે,
બ્રહ્મવ્રત જો વરસ ધરાય[2] રે. ॥ ચ૦ ॥ ૪ ॥ ગુરૂ અનુ
મતિ માગી કરી રે, આવ્યા તે વસંતપુર દ્રંગ[3] રે;
ચંડાળારાધન કરે રે, કહે કાઢયા આવ્યા ઇહાં રંગ રે
॥ ચ૦ ॥ ૫ ॥ તે કહે ઇહાં તુમે સુખે રહો, અમ્હે ક
ન્યા આપુ દોઇ રે; અમ્હ સરખુ કારજ કરો રે, તુમ્હ

---

૧ પરવત. ૨ મનુષ્ય લોકમાં જઇને નીચ જાતીની કન્યા પ
રણીને એક વરસ સુધી બ્રહ્મચર્ય પાળી વિદ્યા સાધન કરીએ તો માં
તંગી નામની વિદ્યાછે તે સિદ્ધ થાય માટે આપણે જઇએ. ૩ નગર.

ને કાંઇ ન કહેશે કોઇ રે ॥ ચ૦ ॥ ૬ ॥ સવી કીધું જે ચંડાળે કહ્યું રે, દોય કન્યા તેહણે દીધ રે; કાણ દંતુર વિદ્યા વિધિ રે, વિદ્યુન્માળીને સિદ્ધ[૧] રે ॥ ચ૦ ॥૭॥ તેહ કુરૂપાસ્યું રમે રે, તેણે સાધન કાંઇ ન કીધ રે; ગૃહિણી ગર્ભવતો હુઇ[૨] રે, મેઘરથ વરસે હુઓ સિદ્ધ[૩] રે ॥ ચ૦ ॥૮॥ વિદ્યુન્માળીને તે કહે રે, ઘરે જઇએ ચંડાળ કુળ છાંડિ રે; પરિહરશુ એ માતંગી[૪] રે, વિદ્યાધરી શ્યું રતિ મંડિ રે ॥ ચ૦ ॥ ૯ ॥ લજ્જિત કહે તે પાપીયો રે, મેં ન મૂળિયો વ્રત રૂખ[૫] રે; વિદ્યા ફળ કીહાંથી લહુ રે, તું સિદ્ધ છે જા ઘરે સુખ રે ॥ ચ૦ ॥૧૦॥ રાંકીણી ગર્ભવતી ત્યજું રે, કિમ આવું વિદ્યા વિહિન રે; વર્ષાંતે[૬] તું આવજે રે, હું સાધીશ વિદ્યા શાલીન[૭] રે ॥ ચ૦ ॥ ૧૧ ॥ મેઘરથ એકાકી ઘરે ગયો રે, મુકી તે ચંડાળીનો સંગ રે; બંધુને પૂછયે સવી કહ્યો રે, તે નાઠ્યો કરી વ્રત ભંગ રે ॥ ચ૦ ॥ ૧૨ ॥ માતંગી કુરૂપી સુત જણે રે, તે માને વિદ્યા સિદ્ધિ સુ

---

૧ વિદ્યુન્માળી ને કાણી અને લાંબા દાંતવાળી કુરૂપ ચંડાળણી પરણી છે ૨ વિદ્યુન્માળીની પરણેલી સ્ત્રી ગર્ભવતી થઇ. ૩ મેઘરથે પરણ્યા છતાં એક વરસ સુધી બ્રહ્મચર્ય પાળ્યું અને વિદ્યા આરાધી તેથી તે સિદ્ધ થઇ. ૪ ચંડાળણી. ૫ વ્રતરૂપી વૃક્ષ મેં વાવેલ નથી. ૬ વર્ષ પછી. ૭ મનોહર.

ખ રે; ખેચરના સુખ તસ વિસર્યા રે, જીહાં લાગ્યો તી
હાં લાગ્યો મુર્ખ રે ॥ ચ૦ ॥ ૧૩ ॥ રમતી તે વિદ્યુ
ન્માળીસ્યું રે, ધરે બીજી વેળા ગર્ભ રે; મેઘરથ વર્ષાંતે
આવીયો રે, તેહને પીડે વિરહ સંદર્ભ રે ॥ ચ૦ ॥૧૪
॥ કહે ભાઇ આવો વૈતાઢયમાં રે, વિલસો ખગ સુખ[1]
વિખ્યાત રે, વિદ્યુન્માળી વિલખો હસી રે, કહે બાળ
વત્સા[2] એ ભ્રાત રે ॥ ચ૦ ॥ ૧૫ ॥ ફીરી ભારિણી[3]
એ હું કિમ તજું રે, માહરૂં હૃદય ન એહવું કઠોર રે;
તું જા સમયાંતરે આવજે રે, તે ગયો જડસ્યું[4] કીસ્યું
જોર રે ॥ ચ૦ ॥ ૧૬ ॥ થયો બીજો સુત ચંડાળને રે,
કુળ સ્વર્ગ અધિક ગણે તેહ રે; સુત મુત્ર તે ગંધોદક
ભણે રે, ચંડાળી સાથે ધર્યો નેહ રે ॥ ચ૦ ॥ ૧૭॥
ફરી આવે મેઘરથ ઇમ કહે રે, તું મલિન કરે કાંઇ વ
શ રે; શી રતી ઇહાં માનસ ઉપનો રે, ખેલે ખાળજળે
નવી હંસ[5] રે ॥ ચ૦ ॥ ૧૮ ॥ ફરી નહી આવું એમ
કહી ગયો રે, મેઘરથ નવી ભ્રાતા બુદ્ધિ રે; રાજ્ય પા
ળે સુજસ વ્રત ઉચ્ચરે 'સુસ્થિત પાસે તે શુદ્ધિ રે
॥ ચ૦ ॥ ૧૯ ॥

---

૧ વિદ્યાધરના સુખ. ૨ નાના પુત્રવાળી સ્ત્રી. ૩ ગર્ભના ભા
રવાળી. ૪ મુર્ખની સાથે. ૫ માનસરોવરે ઉત્પન્ન થયેલો હંસ ખ
ળના દુર્ગંધી જળમાં ક્રિડા કરે નહી.

## દુહા

લહ્યો મેઘરથ બુદ્ધિ ધનં, ઈમ સુખનો સંભાર[1] વિદ્યુન્માળી ભવ ભમ્યો, મહા મોહ અંધકાર ॥ ૧ ॥; પદ્મસેના તું સાંભળે, હું નહી વિષયમાં લીન; વિદ્યુન્માળી જીમ હુઓ, ભવ સાયર જળ મીન ॥ ૨ ॥ બહુ અંતર વિષ વિષયમેં, એક ખાયો દુઃખકાર; એક ધ્યાયોહી દુઃખ દીએ, પંડિત કરો વિચાર. ॥ ૩ ॥ બહુ અંતર વિષ વિષયમેં, વરણુ અધિક અધિકાર્ત; એક મરણ દીએ વિષ તે, વિષય મરણ બહુ જાત ॥ ૪ ॥ જંબુ ભાવ દુહા સુનત, બુડા તરશ મીટ જાય; છોટી તુકમેં અરથ બહુ, લબ્ધિ અક્ષિણ નિપાય ॥ ૫ ॥ જાને સો તન્મય હુવે, દુહા અરથ અનુમાન; દુહા અરથ તન્મય હુઓ, હરિ ગંધર્વ સુજાન ॥ ૬ ॥ છોટી તુકમેં અરથ બહુ, દુહા કવિત કો રાય; વિસ્તર પદ બળી છળનકું, માનુ વામન કાય ॥ ૭ ॥ છોટી તુકમેં અરથ બહુ, દુહા કરે કવી રાય; પંચાળીકે ચીર જ્યું, ભાવ બઢત બઢી જાય. ॥ ૮ ॥

॥ ઇતિશ્રી જંબુરાસે નારીત્રય કથા પ્રત્યુત્તરદાનો નામ તૃતીયો અધિકાર ॥

---

૧ સમુદ્ર.

## દુહા

ઉજમાળ થઈ સાંભળો, શ્રોતા સરસ કહાય; કથા વૃથા તમે મત કરો, યથા તથા મન લાય ॥ ૧ ॥ જડ ઔષધ ગુરૂ કાનનું, કરે વૈદ્ય સુત જોય; અવિચારે તિમ મત સુણો, રીઝ વિચારે હોય ॥ ૨ ॥ સત્કવી અન્ય વચન તણો, જો નવી જાણ્યો ફેર; હંસ કાક સંશય પતીત, ફુલ્લી શું હોય ભેર ॥ ૩ ॥ તેહજ અક્ષર તેહ પદ, કવી રચના કાંઇ અન્ય; દૃગ ત્રીભાગ નાગરિ જુએ, પામરિ લોયણ પુન્ન[1] ॥ ૪ ॥ જિન વાણી કરી ચાતૂરિ, રંજે સહૃદય ચિત્ત; ઇષ્ટ વૈદ્ય ઉપદિષ્ટ[2] તે, કુણ નાદરે પવિત્ત ॥ ૫ ॥

## ઢાળ.

( કપુર હોવે અતી ઉજળો રે ) એ દેશી.

કનકસેના કહે કામિની રે, માનો વચન મુજ કંત; શંખ ધમક[3] પરે મત હોજ્યો રે, અતિશય કારી[4] અત્યંત રે. પીઉડા રાખો નારિશ્યું રંગ, તેહની વાત સુણી જે ચંગ; મન મેલસ્યું મ કરો ભંગ રે ॥ પીઉ

---

૧ નગરની સ્ત્રી દૃષ્ટીના ત્રીજા ભાગે જુએ છે અને પામરજનોની સ્ત્રીઓ પૂર્ણ નેત્રે જુએ છે પણ નગર સ્ત્રી સદૃશ શોભા પામતી નથી તેમ કવીજન અને અન્યજનના વચન વિષે સમજી લેવું.
૨ ઉપદેશેલું, કહેલું. ૩ શંખ વગાડનાર. ૪ અતી કરનાર.

ડા૦ ॥ ૧ ॥ સાળિગ્રામ એક કર્ષણી[1] રે, હુઓ તે રાખે ક્ષેત્ર; આ પ્રભાત દિન વિગમથી[2] રે, લે સંભાળી સુને ત્ર રો પીઉડા૦ ॥ ૨ ॥ મંચ ચડિયો ધમે શંખને રે, નસવે ભક્ષક જીવ; ચોર ગોધન[3] લેઇ આવીઆ રે, તીહાં સુણે નાદ અતીવ રે ॥ પીઉડા૦ ॥ ૩ ॥ વાહર[4] આવી જાણી તીણે રે, આગે સુણી શંખ નાદ; નાઠા ગોધન છોડીને રે, દહદિશિ ગયા સવિખાદ રે ॥ પીઉડા૦ ॥ ૪ ॥ ગોધન ચરતું આવીયું રે, ક્ષેત્ર સમિપ પ્રભાતિ; ગોધન લેઇ દીયે ગ્રામને રે, જાણે થાય મુજ ખ્યાતિ રે ॥ પીઉડા૦ ॥ ૫ ॥ બીહતા મુઝ શંખનાદથી રે, નાશી ગયા સવી ચોર; ગ્રામે પુજ્યો તે નિત્ય કરે રે, શંખનાદ નિશી જોર રે ॥ પીઉડા૦ ॥ ૬ ॥ એક દિન ચોર તે આવીઆ રે, તેહજ ક્ષેત્રની પાસ; ગોધન લેઇ અન્ય ગ્રામથી રે, સુણે શંખ સત્રાસ રે ॥ પી૦ ॥ ૭ ॥ ધૈર્ય ધરી તે ઇમ કહે રે, પ્રથમ સુણ્યો ઇહાં જેહ; શંખનો ધ્વની સુણીએ તીસ્યો રે, તે દરમીંડક તેહ રે ॥ પી૦ ॥ ૮ ॥ જીવ થકી[5] ક્ષેત્ર રાખવા રે, કોઇ વજાવે છે શંખ; ધીગ આપણ વંચીયા[6] પુરા[7] રે,

---

૧ ખેડુત. ૨ દીવસના અસ્તથી પ્રભાત સુધી. ૩ ગાયોનો સમુહ. ૪ ગાયોનું રક્ષણ કરનારાઓનો સમુહ. ૫ પશુ પક્ષીના ઉપદ્રવાથી ૬ ઠગ્યા. ૭ પુર્વે.

વાડુરની જૂઠી ધંખ રે ॥ પી૦ ॥ ૯ ॥ ઘસતા હાથ તે બહુપરે રે, રૂ જીમ વાટિ કરંત; ગોસ્તને જીમ વાછડા રે, પીડતા હોઠ ને દંત રે ॥ પી૦ ॥ ૧૦ ॥ વિકટ તે લકુટ[1] ઉપાડતા રે, ગજ જીમ શુંડાડંડ; ક્ષેત્રમાંહે જીમ વૃષ[2] ગયા રે, પાડતા ધ્યાન પ્રચંડ રે ॥ પી૦ ॥ ૧૧ ॥ શંખ શબ્દ અનુસારથી રે, ચોર જઇ તોડી મંચ; શંખ ધમક પાડી ભુંએજી, કરે તસ વિષમ પ્રપંચ રે ॥ પી૦ ॥ ૧૨ ॥ તાડચો મુઢાપરિ[3] લાકડેજી, અંગુળી દાએ મુખે પંચ; દીઠો તદા તે તેહવો રે, કરતો ભોજન સંચરે ॥ પી૦ ॥ ૧૩ ॥ કર ભીડી બાંધ્યો તષ્યો રે, બદ્ધાંજળી નતિ હેત[4]; ક્ષેત્રપાળ ક્ષેત્રપાળસ્યો રે, મુકયો નાગો કરી પ્રેત રે ॥ પી૦ ॥ ૧૪ ॥ ગોપ[5] પ્રભાતે તીહાં મળ્યા રે, પુછે દેખી તેહ હવાલ; શંખ ધમક કહે સાંભળો રે, અતિશય ફળ એ લાલરે ॥ પી૦ ॥ ૧૫ ॥ ધમોરે ધમો નવી અતી ધમો રે, અતી ધમ્યું નાવે કામ; જે અરજ્યું પહેલાં ધમ્યે રે, અતી ધમ્યે ન રહ્યું ઠામ રે ॥ પી૦ ॥ ૧૬ ॥ મધ્ય વૃત્તિ તેણે ચાલીએ રે, કાંઇ ન કીજે અત્યંત; સુજસ વિ

---

૧ લાકડી. ૨ વૃષભ. બળદ. ૩ મોઢા ઉપર. ૪ નમસ્કારના હેતુવી. ૫ ભરવાડ. ગોવાળીઆ.

લાસ જો અભિલષો રે, માનો વચન ગુણવંત રે ॥ પી૦ ॥ ૧૭ ॥

દુહા.

જંબુ અંબુ શીતળ વચન, વદે ન જૂઠું છાપી; કનકસેના બંધન તણો, ન છું અજાણ કદાપિ ॥ ૧ ॥ બંધ મોક્ષ ગતિ નવી લહે, કરે ક્રિયા અજ્ઞાન; શ્રમ કરતો પણ નવી તજે, તેહ પ્રથમ ગુણ ઠાણ ॥ ૨ ॥ બધન જાણ્યા વિણુ ક્રિયા, ઘરમાંહે રજક્ષેપ; જ્ઞાન ક્રિયા સમ પરિણતે, મુગતિ ભાવ નિર્લેપ ॥ ૩ ॥ પ્રકૃતિ દિદૃક્ષા વાસના, અંતરમળ ભવ બીજ; કર્મ અવિદ્યા સકળ એ, બંધન ઉક્તિ ભણીજ ॥૪॥ પરિણામી જીઅ યોગ્યતા, ચિત્ર બંધન જો સાચ; તો સઘળી ક્રિયા સફળ, નહીં તો મોરનો નાચ ॥ ૫ ॥ જ્ઞાન વિના વ્યવહાર કો, કહા બનાવત નાચ; રતન કહો કોઉ કાચકું, અંત કાચ સો કાચ ॥ ૬ ॥ બંધ મોક્ષ જ્ઞાનેનહે, આઠ ન જાને દોષ; ક્રિયા માની તે કરે, આર્ત્ત ધ્યાન કો પોષ ॥ ૭ ॥ અંતર વાત એ જ્ઞાનની, બાહિર પણિ સુણી બુદ્ધિ; વાનરપરે દુઃખ પામીએ, અલહત બંધન શુદ્ધિ ॥ ૮ ॥

## ઢાળ.

(સુણજો શ્રી મંધર સ્વામી) એ દેશી.

ગિરિવંધ્ય હુઓ કપિ એક, બહુ યુથ ધણી બળ છેક; માનુ વંધ્યાચળનો કુમાર, કરે યુથશ્યું મહન વિહાર ॥ ૧ ॥ વાનરીશ્યું રમે તે એક, ન સહે બીજાની ટેક; ઇમ નવરસ રંગે મૂઢો, વિલસત હુઓ ક્રમે બૂઢો ॥ ૨ ॥ એક દિન એક વાનર આવે, વાનરી રમવા મન ભાવે; ન ગણે તે મન્મય માતો, બૂઢાને તરૂણ અતિ તાતો ॥ ૩ ॥ કોઇકનું વદન તે ચુંબે, કોઇકસ્યું રતિ રસ ઝુંબે; વિકિરે કેતકી રજકાશ્યું, ગુંજાહાર ધરી કરે હાંસુ ॥ ૪ ॥ નીલ પત્ર છોડી કરી આપે, હીંચોળે કેઇક થાપે; વાનરીશ્યું રમત નિઃશંક, યુથપતિ તીણે ગણીયો રંક ॥ ૫ ॥ ઉંચ શૃંગ થકો તીહા આવે, યુથપતિ તે સાહમો ધાવે; હણે તેહને પાહણને ગોળે, ક્રોધે નિજ પુંછ વિલોલે ॥ ૬ ॥ કપિ સિહ તે પાહણે માર્યો, ધુર ધુરત ધાયો મદ ધાર્યો; દુરિદય પણ સરિદય રીતે[1], દોઇ મળીઆ નટલીયા ભીતે ॥ ૭ ॥ રદ[2] અગ્રે ત્રટત્રટ કરતા, ચટચટ નખ અગ્ર પ્રહરતા; અંગે વહે રૂધિર વિલોલ, પહેર્યો માનુ રાતોચોળ ॥ ૮

---

૧ શત્રુ છે પણ મિત્રની જેમ. ૨ દાંત.

॥ ક્ષણ બંધે ને ક્ષણ મુકતે, ઝુઝયા તે નવનવ યુકતે; વેગે વેગે ઓસરે વૃદ્ધિ, મંદમંદ ઢુકે નખ વિદ્ધ ॥ ૯ ॥ યુવકપિ[1] લેઇ પથ્થર દોડે, કપિ વૃક્ષનું મુસ્તક ફોડે; ગયો નાશી દેખે એક ઠામે, સિલાજીત તે તરસ્યો ઘામે ॥ ૧૦ ॥ જળ બુદ્ધિ તીહાં મુખ થાપ્યું, રહ્યું વળગ્યું જાણે કોરી આપ્યું; સિલાજીતથી મુખ ઉધ્ધરવા, બાહુ ઘાલે તે જડ મરવા ॥ ૧૧ ॥ તે વળગ્યા ઇમ દોય ચરણ, તે વાનર પામ્યો મરણ; પદકર અબધ્ધ[2] શ્રમ કરતો, તો તીહાંથી મુખ ઉદ્ધરતો ॥ ૧૨ ॥ ઈમ રસના રસમાંહી લગત, નારી શૈલેયશ્યું મગત; પાંચે ઇંદ્રીય વિલમે દેહી, તે નવી હુએ ધરમ સ્નેહી ॥ ૧૩ ॥ હું કીમ વિણસું બ્રહ્મચારી, બંધન ગતિ મેં નિરધારી; મેં બ્રહ્મ સુધા છે ચાખી, હું જાણું સુજસ ગુણ રાખી ॥ ૧૪ ॥

## દુહા

હવે નિજકર જોડી કહે, નભસેના શુચિ બોલ; રહો પામ્યે સંતોષ કરી, મન ધરી અચળ અમોલ ॥ ૧ પરણિત શું વ્રત આદરો, હવણા બ્રહ્મવ્રત લાગ; કી

---

૧ યુવાન વાનર. ૨ પગ અને હાથ બંધાયા વીના.

મ અણપહેર્યે પહેરણે, સોહે અભિનવ પાગ ॥ ૨ ॥ ચક્રવર્ત્તિ ભોજન તણી, ઇચ્છા કર્યે શું હોય; ઘર સંપત્તિ સરખે સુખે, વર્ત્યે દુઃખી ન હોય ॥ ૩ ॥ જીમ થવિરા[1] અતિ લોભથી, આપહી આપ વિણઠ્ઠ; તીમ અતિ ઇચ્છા મત કરો, સુણો સંબંધ તે ઇઠ્ઠ ॥ ૪ ॥

ઢાળ.

(બેડલે ભાર ઘણો છે રાજ, વાતાં કીમ કરો છો) એ દેશી.

એક ગામે સખી હુઇ થવિરા, બુદ્ધિ સિદ્ધિ હોય નામ; અતિ દુઃખીણી તીહાં બુદ્ધિ આરાધે, યક્ષ તે ભોળક નામે ॥ માનો વચન અમારા રાજ, અતિ કો લોભ ન કીજે; અમ્હથી મુક્તિ વધુ શી અધિકી, સિદ્ધ અનંતા રમીજે ॥ માનો૦ ॥ ૨ ॥ ગામ બાહીર છે સાધિષ્ટાયક, નિત્ય દેઉળ તસ પૂજે; પૂજીને નૈવેદ્ય ઢોવે વળી, વિનય વિશેષ પ્રયૂંજે ॥ માનો૦ ॥ ૩ ॥ તૂઠો યક્ષ કહે શું માગે, સા કહે જેમ સુખે જીવું; યક્ષ કહે દિનાર તું પામીશ, પાય તળે મેં છે દેવું ॥ માનો૦ ॥ ૪ ॥ હેમ દિનાર તે દિને દિને લહતી, વધી ઋદ્ધિ ગુણ પોષી; જનપદ લોક[2] સગા સઘળાથી, આપ અધિક હુઇ ડોશી ॥ માનો૦ ॥ ૫ ॥ સુહણે[3] જેણો

---

૧ ડોશી. ૨ દેશના લોકો. ૩ સ્વપ્ને પણ.

નેં નવી આવે, વેશ વિભૂષણ સાર; હુઇ પેહેરતી તે નવનવ વળી, રાણી જેમ ઉદાર ॥ મા૦ ॥ ૬ ॥ પ હીલાં જેહની કહીએ ન પૂગી, આછણ[1]ની પણ આ શા; હુઇ હજાર ધેનુ[2] ઘર તેહને, દેખે લોક તમાસા ॥ મા૦ ॥ ૭ ॥ તૃણ કુટીર[3] જીરણમાં જે રહેતી, જ ન્મથકી પણ દુહલે; તે પહોઢતી હુઇ સુખ સય્યા, સા ત ભૂમિએ મુહળે ॥ મા૦ ॥ ૮ ॥ જે જીવતી હુંતી પર ઘરમાં, છાણ પૂંજો બહુ કરતી; હુઇ શેવતી તેહને દાસી, કર સિત ચામર ધરતી[4] ॥ મા૦ ॥ ૯ ॥ હતી ગ્રાસ ચિંતાએ[5] જે દુઃખિણી, માંડચા શત્રુકાર;[6] તેણી એ પોષ્યા યાચક સઘળા, ખરચી દિનોદ્ધાર ॥ મા૦ ॥ ૧૦ ॥ અશન ઉત્તર[7] જેણીએ નવી પામ્યો, પુંગી ને[8] પણ કટકો; દીસે તસ મુખ મૃગમદ[9] વાસિત, લાલ તંબોળે લટકો ॥ મા૦ ॥ ૧૧ ॥ કાંસાભાજન માં સા જમતી, ભાજન માટી વાળે; શાક પાક રસવ તી હુરસવતી, સા નવ સોવન થાળે ॥ મા૦ ॥ ૧૨ ॥ સિદ્ધિ બુદ્ધિની દેખીને ઋદ્ધિ, ચિત્તે મત્સર ધરતી;

---

૧ પાતળી છાશ. ૨ ગાયો. ૩ ખડની ઝુંપડી. ૪ હાથમાં ધારણ કરયો છે શ્વેત ચામર જેણે એવી દાસી. ૫ ખાવાની ચિં તાએ. ૬ દાનશાળા. ૭ જમ્યા પછી. ૮ સોપારીનો. ૯ કસ્તુરી.

એ સંપદ કીહાંથી એ પામી, પુછું ચાટુ[1] ઉચ્ચરતી ॥ મા૦ ॥ ૧૩ ॥ ઇમ ચિંતી સા ગઇ બુદ્ધિ પાસે, તેણીએ આદર દીધો; પૂછે ઋદ્ધિ કીહાંથી એ ભગની, મંત્રરાજ કોઇ સિદ્ધ્યો ॥ મા૦ ॥ ૧૪॥ રાજ્ય પ્રસાદ[2] કે દેવતા તૂઠી, કાંઈ નિધાન તે લાધ્યું; તુઝ ધનથી માહરા ગયાં દુઃખડાં, મો મનલો સંમાંધુ ॥ મા૦॥ ૧૫ ॥ તાસ ભાવ અણલહતી ભાખે, બુદ્ધિ મેં યક્ષ આરાધ્યો; ચિંતે સિદ્ધિ ઉપાય એ લાધ્યો, હુશ્યે વિશેષે વાધ્યો ॥ મા૦ ॥ ૧૬ ॥ સિદ્ધિ તે બુદ્ધિ દેખાડી રીતે, ભોળક યક્ષ આરાધે; દેઉળના સોપાન[3] તે ધોળી, રચના બહુ વિધ સાધે ॥ મા૦॥ ૧૭ ॥ યક્ષ આંગણે સાથીયડા પુરે, ભક્તિ કરે બહુ ભાંતી; પાણી આણી યક્ષ ન્હવરાવે, આળસ ન કરે જાતિ ॥ મા૦ ॥ ૧૮ ॥ બિલ્વપત્ર તુળસી કરવી રે, કુકુડાદિક બહુ ફુલે; પુજે યક્ષ તે ત્રીહું સંધ્યાએ, નિજ આનિન અમુલે ॥ મા૦ ॥ ૧૯ ॥ એક ભકત ઉપવાસાદિકપર રહે, નિત્ય સા યક્ષ ઠામે; તુઠયા યક્ષ પ્રત્યે તે માંગે, બિમણું જે બૂદ્ધિ પામે ॥ મા૦ ॥ ૨૦ ॥ ભલું કહીને ભોળક યક્ષ પુંહુતા, સિદ્ધિ બુદ્ધિથી વાધે; બુદ્ધિએ પ

---

૧ મીઠું મીઠું. ૨ રાજાની મેહેરબાની થઇ? ૩ પગથીઆં યક્ષાલયના.

ણુ બમણો આરાધ્યો, સ્પર્દ્ધા ઇમ દ્રઢ બાધે ॥ મા૦ ॥ ૨૧ ॥ સિદ્ધિ ચિંતે જજે હું માંગું, બિમણું બુદ્ધિ તે માંગે; એહને વિરૂઉં[1] હોય તે માગું, યુઅ લગે પાડું ઠાંગે[2] ॥ મા૦ ॥ ૨૨ ॥ ઇમ ચિંતી યક્ષ પાસે માગે, કર તું દૃગ[3] એક કાણી; તે તીમ થઇ બીમણું બુદ્ધિ માગે, દૃગ દોઇ તાસ ગમાણી ॥ મા૦ ॥ ૨૩ ॥ મનુજ ભોગ પામી અતિ ઇચ્છા, ધરશો તો ઇમ થાશે; સંતોષે રહેશો તો સ્વામી, સુજસ વિમળા ગવાશે ॥ મા૦ ॥ ૨૪ ॥

## દુહા

કંબૂ કંઠ જંબુ વદે, એ સવી આલ મ ઝંખ; ભવ સુખથી હું ઉભગો, એક મુગતિની ધંખ ॥ ૧ ॥ મોટા મોટી હૂંશ હૂએ, લગે ન અણુ અનુકુળ; અંસ ભિત્તિ ગજ કીમ ધસે, અલ્પ ખંધ તરૂ મુળ ॥ ૨ ॥ હંસ ન ખેલે ખાળ જળે, ગંગા ઝીલણહાર; જેણે ચાખ્યું પિયુષ તે, ઇચ્છે જળ કિમ ક્ષાર ॥ ૩ ॥ પૂગે ફળ સહકારની, આંબલીએ કિમ હુંશ; ઠુંબરે વળી વરકુર[4]ની, ઠાઠું ભરીયું ઠુંશ[5] ॥ ૪ ॥ કોડીએ કીમ

---

૧ માઠું. ૨ દુઃખને વિષે. ૩ દૃષ્ટિ. નેત્ર. ૩ શ્રેષ્ટ એવું દુધ સાકરનું ભોજન. ૪ ઠાંશીને ભરયું છે વાસણ જેનું.

ક્રોડીની, મણીની પહાણે કેમ; ઇચ્છા પુગે ભવ સુખે, શિવની મુઝ નવિ નેમ ॥ ૫ ॥ સોજાનું જીમ જાડપ ણું, વધ્યનું[1] મંડન જેમ; ભવ ઉન્માદ વિષય વિષ મ, ભાસે મુઝ મન તેમ ॥ ૬ ॥ મીઠું લાગે તેલ તસ, ધૃત[2] નવી દીઠું જેણ; ભવ સુખ તીમ રાચે મ કો, શિ વ સુખ સંભરણેણ ॥ ૭ ॥ દુઃખથી વિરચે જન સક ળ, સુખથી વિરચે બુદ્ધ; સુખ દુઃખ સરખાં લેખવે, ભવના તે મુનિ શુદ્ધ ॥ ૮ ॥ ઇત સુરપતિ સુરનર મ હિત, ઉત તિર્યંચ અજાન[3]; પુણ્ય પાપ ફળ તિહાં નહી, નિશ્ચય ભેદ નિદાન ॥ ૯ ॥ હય જિમ દેવાણુપ્પિયએ, જતિવંત ગુણવાસ; ઉતપથ ગામી તીમ નહું, સુણ તસ કથા વિલાસ ॥ ૧૦ ॥

ઢાળ.

(માળી સહુી રે સમાણી) એ દેશી.

જીતશત્રુ નામ વસંતપુર રાજા, હુઓ જગે જ સ ગુણ તાજા રે ॥ સુણો જનજન વાણી ॥ શેઠ તા સ જિનદાસ સોભાગી, ધર્મે જસ મતી લાગી રે ॥

---

૧ વધ કરવા લઇ જનારનો શણગાર. ૨ ઘી. ૩ એક તરફ સુરનર પૂજીત ઈંદ્ર છે અને બીજી તરફ મૂર્ખ એવા તિર્યંચ છે તે બંને પુણ્ય પાપના ફળ છે પણ નિશ્ચયનયે તેમાં બીલકુલ ભેદ નથી.

સુણો૦॥૧॥ સજ્જન વાણી તે અમીય સમાણી, પી
એ ગટગટ ભવી પ્રાણી રે॥સુ૦॥૨॥ એક દિન અશ્વ
પાળ અશ્વ તે લાવે, નૃપને સકળ દિખાવે રે ॥ સુ૦॥
નૃપ કહે એહમાં જે ગુણધારી, તે કહો ચિત્ત વિચારી
રે॥સુ૦॥૩॥ કહે વૃત્તખુર સંધિ સુબદ્ધો, જંઘ સુરંતર
શુદ્ધો રે॥સુ૦॥ જાનુ જંઘ મુખ કૃશ કોટિ ઊંચો, કેશર
લંબ પ્રપંચો રે ॥ સુ૦ ॥ ૪ ॥ સ્નિગ્ધ રોમ નિશ્વા
સ સુગંધી, પંચભદ્ર પૃથુ ખંધી રે ॥ સુ૦ ॥ દશ આ
વર્ત્ત શુભે સોહંતો, લઘુ શ્રુતિ મન મોહંતો રે ॥ સુ૦
॥ ૫ ॥ એહ કિશોર સ્વામિને પોષે, લક્ષ્મિએ રહીત
છે દોષે રે ॥ સુ૦ ॥ ગુણ જાણી નૃપ પણ તે અર્ચે, કે
શર નીરે ચર્ચે રે ॥ સુ૦ ॥૬ ॥ પૂષ્પે વસ્ત્રે તે પૂજાવે,
લવણ ઉતાર કરાવે રે ॥ સુ૦ ॥ અશ્વરત્ન રાખો નૃ
પ જંપે, શેઠ રત્નને સુંપે રે ॥ સુ૦ ॥ ૭ ॥ કર્યો આદે
શ પ્રમાણ તે શેઠે, તે નવી કોઇથી હેઠે રે ॥ સુ૦ ॥
નિજ ઘર આણ્યો ગુણ નીધી વાજી[1], દીધી વસતી
સુખ તાજી રે ॥ સુ૦ ॥ ૮ ॥ કોમળ વેળુ[2] તીહાં પથ
રાવે, આણી હરીયાં યવ સચરાવે રે ॥ સુ૦ ॥ ધરી મુ
ખ રજ્જુ[3] અકંટક દેશે, ખેલાવે સુનિવેશે રે ॥ સુ૦

---

૧ ઘોડો. ૨ રેતી. ૩ દોરડું.

॥ ૯ ॥ આપ ન્હાય તવ હય ન્હવરાવે, પાણી સુગંધી અણાવે રે ॥ સુ૦ ॥ આપ આરોહીને સરોવર જાવે, પ્રતિ દિન પાણી પોયાવેરે ॥સુ૦॥૧૦॥ સરવ ગૃહ અંતર શિવ મંદિર, એક છે જિનવર મંદિર રે ॥ સુ૦॥ હય આરૂઢજ ત્રણયજ પ્રદક્ષિણ, કરે તીહાં શેઠ વિચક્ષણ રે ॥ સુ૦ ૧૧ ॥ તે હયને તેણીપરે અભ્યાસે, શીખવે શેઠ વિલાસે રે ॥ સુ૦ ॥ વિણ સર ઘર જિન મંદિર છાંયે, જીમ અન્યત્ર ન જાયે રે ॥ સુ૦ ॥ ૧૨ ॥ જીમ કિશોર[1] વાધે તેમ લચ્છી[2], નૃપ ઘરે વાધે અચ્છી રે ॥ સુ૦ ॥ તાસ પ્રભાવે સઘળા રાણા, રાજા માને તસ આણા રે ॥ સુ૦ ॥ ૧૩ ॥ શેવા ઉભગા[3] નૃપ તે ચિંતે, અમ્હે જીત્યા હય તંત રે ॥ સુ૦ ॥ હરવો કહે હણવો એ મંત્રી, કહે એક સામંત્રી રે ॥ સુ૦॥ ૧૪ ॥ હું ઉપાય કરૂં શું છે દોહિલો, સામંત કહે જા વહેલો રે ॥ સુ૦ ॥ જિન મુનિ વંદે વસંતપુર આઇ, હુઓ શ્રાવક માયી[4] રે ॥ સુ૦ ॥ ૧૫ ॥ દેહરાસર જિનદાસનું વંદે, શ્રાવક વંદી આણંદે રે ॥ સુ૦॥ સાહમી ભગતે[5] શેઠ તે પુછે, કીહાંથી આવ્યા શું છે રે

---

૧ બાળ અશ્વ. ૨ લક્ષ્મિ. ૩ શેવા કરવાથી ઉપરાંઠા થયેલા. ૪ કપટી. ૫ સ્વધર્મીપણાની ભકિતથી.

॥ સુ૦ ॥ ૧૬ ॥ તે કહે હું છું ભવ વઇરાગી, ગૃહ સુખ છોડયું ત્યાગી રે ॥ સુ૦ ॥ તીર્થયાત્રા કરી મન ઉલ્લાસે ॥ વ્રત લીઉં સદ્ગુરૂ પાસે રે ॥ સુ૦ ॥ ૧૭ ॥ કહે જિનદાસ થયું એ વારૂ, સાહમી મળીઆ તારૂ રે ॥ સુ૦ ॥ ધર્મ ગોષ્ટિ[1] સુખ આપણ શહીશું, સરખે શીળે[2] રહીશું રે ॥ સુ૦ ॥ ૧૮ ॥ વારૂ કહે તેણે ન્હવરાવ્યો, શેઠે બંધુપરે ભાવ્યો રે ॥ સુ૦ ॥ કસ્તુરી પંકે કચ અર્ચે, અંગે ચંદન ચર્ચે રે ॥ સુ૦ ॥ ૧૯ ॥ ધર્મ બુદ્ધે કસ્તુરી વાસે, વસ્ત્ર પહેરાવ્યું પાસે રે ॥ સુ૦ ॥ હંસ રોમાસન તે બેસાવે, રસવતી વિવિધ જમાવે રે ॥ સુ૦ ॥ ૨૦ ॥ ભોજન કરી તે શ્રાવક દંભી, ધર્મ કથા આરંભી રે॥ સુ૦ ॥ મન જિનદાસ તણું રીઝાવે, કપટ પાસ કુણ પાવે રે ॥ સુ૦ ॥ ૨૧ ॥ એહવે એક સગો તીહાં આવે, કહે શુભ મહ પ્રસ્તાવે[3] રે ॥ સુ૦ ॥ અહોરાત્ર[4] મુઝ ઘર રહેવું, કાલે ન પાછું કહેવું રે ॥ સુ૦ ॥ ॥ ૨૨ ॥ હા કહી તેણે સ્વજ શ્રાદ્ધ વિસર્જ્યો[5], કપટ શ્રાવક આવર્જ્યો રે ॥ સુ૦ ॥ કાલે તમે હોજો રખ

---

૧ ધર્મ ચરચાનું સુખ. ૨ સરખે આચારે. ૩ માહારે ત્યાં શુભ કારણ છે તેથી. ૪ દીવસને રાત્ર. ૫ પોતાના સંબંધી શ્રાવકનું આમંત્રણ સ્વીકારીને રજા આપી.

વાળા, નહીં છો અંતર વહાલા રે ॥ સુ૦ ॥ ૨૩ ॥ તેણે તેમ માન્યે[1] ગયો જિનદાસો, જીહાં થાય છે ઉત્સવ ખાસો રે ॥ સુ૦॥ લેઇ અશ્વ રજનીએ[2] નાઠો, શ્રાવક કપટે કાઠો રે ॥ સુ૦ ॥ ૨૪ ॥ સરજાઇ ચૈત્ય પ્રદક્ષિણા દેઇ, હય નવી માર ગણેઇ રે ॥ સુ૦ ॥ સરથી ફરતો ચૈત્યે આવે, તીહાંથી ઘરભણી ધાવે રે ॥ સુ૦॥ ॥ ૨૫ ॥ ઇમ કરતાં સવી રાત્રી વિહાણી,[3] નાઠો દુષ્ટ અન્નાણી રે ॥ સુ૦ ॥ પ્રાત[4] આવત જિનદાસ સુણેઇ, હય નિશિ કષ્ટ સહેઇ રે ॥ સુ૦ ॥ ૨૬ ॥ હય દીઠો ને ધર્મે ધરશ્યો, હર્ષ વિષાદે તે ફરશ્યો રે ॥ સુ૦ ॥ આલીંગે હય હિત ઉલ્લેખે, રાખે તવથી[5] વિશેખેરે ॥ સુ૦ ॥ ૨૭ ॥ પ્રેર્યો જે ઉન્માર્ગ ન જાયે, તે અતી વહાલો થાયે રે ॥ સુ૦ ॥ શેવનીક હુઓ શેઠને વાજી, સુજસ સુમાર્ગ સમાજી રે ॥ સુ૦॥૨૮॥

દુહા.

જંબુ કહે તે અશ્વપરે, હું નવી ઉત્પથ ચાર,[6] દીઠો માર્ગ ન છંડશું, જે શિવસુખ દાતાર ॥ ૧ ॥ દીઠાથી નિર્વેદ જે, તેહ અશુભ મતિ દીઠ; યોગ દૃષ્ટિ

૧ કપટી શ્રાવકે ઘરની રક્ષા કરવાનું માન્ય કરવાથી શેઠ ગયા. ૨ રાત્રીએ. ૩ વીતી. ૪ પ્રભાતે. ૫ ત્યારથી. ૬ ઉન્માર્ગે ચાલનાર

જે દેખીએ, તે અનુભવ રસ મિઠ્ઠું[1] ॥ ૨ ॥ સજ્જન શીખે દીઠ જે, લહી અવંચક યોગ; તેહજ દીઠ પ્રમાણ છે, અવર વિપર્યય ભોગ ॥ ૩ ॥ મેં તો સદગુરૂથી લખ્યું, અંજન આતમ નાણ; દીઠો મારગ કીમ કરૂં, અણુદીઠડે પ્રમાણ ॥ ૪ ॥

ઢાળ.

( છોટી છોટી તુતીયા રે લાલા ) એ દેશી.

કનક શ્રી વાણી વદેરે લાલા, કાંઇ સયણ નયણ લટકાળા, ભોગી ભમરા, તેરી યુવાની નીકી લાગે; નીકી લાગેરે, કેશરીયા રસ લાગે; રસ જાગે રે મોહનીયા દુખ ભાગે; મન મ ધરો તુમ્હે ઉરશ્યું રે, અમ્હે છું ચરણ અધીન રે ॥ કાં૦ ॥ ૧ ॥ ભોગ લહ્યા ભલા ભોગવો રે લાલા, યોવન લહેરે જાય રે ॥ કાં૦ ॥ ચુકે નર અવસર બન્યેરે લાલા, કુણને અણખન થાય રે ॥ કાં૦ ॥ ૨ ॥ ઝાલ્યું તે નવી છોડશો રે લાલા, કરશો જાણું આપ રે ॥ કાં૦ ॥ ચામકુટ સુતની પરે રે લાલા, તો પડશો સંતાપ રે ॥ કાં૦ ॥ ૩ ॥ ચામકુટ સુત એક હુઓ રે લાલા, તાત રહીત દુખવંત રે ॥ કાં૦ ॥ રોદસી માતા તસ કહે રે લાલા, તું શું ર

૧ મીષ્ટ, મીઠો.

હે નિચિંત રે ॥ કાં૦ ॥ ૪ ॥ વ્યવસાઇ તાહરો પિતા રે લાલા, કરતો ઘરની સાર રે ॥ કાં૦ ॥ મુજ દારિદ્રે ઉદર ભરે રે લાલા, તુઝ તો નહીં વ્યાપાર રે ॥કાં૦ ॥ ૫ ॥ તે કહે અતી ઉધમ કરૂં રે લાલા, તાતપરે હવે માત રે ॥ કાં૦ ॥ શું અસાધ્ય છે પુરૂષને રે લાલા, જે ઉધમ અવદાત રે ॥ કાં૦ ॥ ૬ ॥ ગ્રામ સભા માંહે એકદારે લાલા, બેઠો તે દેખંત રે ॥ કાં૦ ॥ ભામહ ખર નાશી ગયો રે લાલા, ત્રોડી બંધન તંત રે ॥ કાં૦ ॥ ૭ ॥ ભામહ નવી ઝાલી શકયો રે લાલા, કહે કોઇ આવો લોક રે ॥ કાં૦ ॥ ગ્રામકુટ સુત તીહાં ગયો રે લાલા, જાણ્યું પામશે રોક રે ॥ કાં૦ ॥ ॥૮॥ ફળ જેમ બીંટે ઝાલીયે રે લાલા, તીમ તીણે ઝાલ્યો પુંઝ રે ॥કાં૦॥ જન વારયો પણ નવી રહે રે લાલા, ખર લાતે પડ્યો ભુંછ રે ॥ કાં૦ ॥ ૯॥ તીમ જો પીઊ હઠ ન તજો રે લાલા, ફળ લહેશો તે રીત રે ॥ કાં૦ ॥ સજન બોલજો માનશો રે લાલા, લહેશો સુજસ પ્રતીત રે ॥ કાં૦ ॥ ૧૦ ॥

## દુહા

હસિત પ્રભા ધવળિત દિશા, ભાગ[૧] કહે તવ જંબુ; હું નિજ કારજ સજ્જછું, રાખી જાણું અંબૂ[૨] ॥ ૧ ॥ ચૌદ જાણે તેને ચારનું, કહેવું ભોળી કુણ, જેહને નિજ મન સાખીયો, શા જેવા તસ સુણ[૩] ॥ ૨ ॥ હું નિજ કારજ સજ્જછું, વંછુંછુ એક મુખ્ય;[૪] સો લ્લક પરે નિજ કાર્ય જે, ગહિલો પામે-દુઃખ ॥ ૩ ॥

## ઢાળ.

(સ્વામી શ્રી મંધર વિનતી) એ દેસી.

ભુક્તિપાળ ને પ્રીય એકને, ઘોડી છે પુત્રિકા પ્રાય રે; તે દીએ સોલ્લક પુરૂષને, સાર સંભાળ જિમ થાય રે ॥ સાંભળો વચન જંબૂ કહે ॥ ૧ ॥ મન દહે અશુભ ગતિ કર્મ રે; નર સહે વંચતા સવે, નવી લહે જેહ શ્રુતિ[૫] મર્મ રે ॥ સાં૦ ॥ ૨ ॥ મીઠડું મીઠડું ભોજ્ય[૬] જે, ઘોડીને થોડું તે દેય રે; આપ સવી ખાય બીજું તેણે કરમ, અભિયોગ અરજેય[૭] રે ॥

---

૧ હસવાથી દેખાતી દંતશ્રેણિની પ્રભાએ કરીને ઉજ્વળ કર્યો છે દિશાભાગ જેણે એવા જંબુ સ્વામી. ૨ પાણી, ૩ શુકનાં ૪ મોક્ષ. ૫ સિદ્ધાંતના મરમ. ૬ ભોજન. ૭ સેવકપણાનું કરમ ઉપારજ્યું.

॥ સા૦ ॥ વંચના કર્મથી તે મરી, ફરિય તિર્યંચ ગ
તિ યંત્ર રે; ક્ષિતિ પ્રતિષ્ટે હુઓ બંભણો, સોમ શ્રી
સોમદત્ત પુત્ર રે ॥ સાં૦ ॥ ૪ ॥ અવિરતીપણે બહુ
ભવ ભમી, તેહીજ નગરે હુઈ વેસ્ય[૧] રે; પુત્રીકા કા
મ પતાકા કિકા, દેશાની શુભગ નિવેશ રે ॥ સાં૦ ॥
॥ ૫ ॥ માતપિતાએ બહુ લાલીયો, બટુક[૨] હુઓ
યૌવનવંત રે; પુત્રીકા પણ તે ગણિકા તણી, યૌવ
ને સુભગ અત્યંત રે ॥ સા૦ ॥ ૬ ॥ યૌવન રૂપનું તે
હને, ભુષ્ય ભુષણ[૩] ઘણું તુલ્ય રે; સ્મિત સુભગતા
એ વિધુ છબા હસી, અનુપમ વદન અમુલ્ય રે ॥
॥ સા૦ ॥ ૭ ॥ ઉરવસી જાસ રૂપે હસી, મન વસી
રતિ તીસી નેવરે; લાછિ પણ લાજતી રડવડી, પડવ
ડી તે ઘડી દેવરે ॥ સાં૦ ॥ ૮ ॥ મદન ગુણ ઓરડી
ગોરડી, ચોરડી તરૂજ મન તેહ રે; કામી પડ બંધન
દોરડી, લવણિ માલિંગીત દેહ[૪] રે ॥ સાં૦ ॥ ૯ ॥
ગ્રામના તરૂણ જન તેહના, હુઆ તે આશકત ધનવંત
રે; માલતિ જીમ ભમર નવી તજે, તેહનું પાસ સેવં

૧ તે અશ્વ અવિરતીપણે ભવભ્રમણ કરીને વેશ્યાપણે ઉપ
ન્યો. ૨ સોલકનો જીવ. ૩ તેહના રૂપનું ઘણું શોભાવનારૂં એવું
ભુષણ યૌવન હતું. ૪ લાવણ્યે કરીને આલિંગીત શરિરવાળી.

ત રે ॥ સાં૦ ॥ ૧૦ ॥ તેહ પણ દ્વિજતનય[1] તેહનું, ન વીતજે રાગ વશ દ્વાર રે; શુનક પરે તે રહે તોહાં સ દા, સર્વ હર કામની દ્વાર[2] રે ॥ સાં૦ ॥૧૧॥નૃપ સ ચિવ ઇભ્ય સુત પ્રમુખશ્યું, ખેલતી નવી ગણે તેહ રે; તોહિ પણ તેહ રહે જીવતો, નિરખતો તાસ દ્યુ તિ દેહ રે ॥ સાં૦ ॥ ૧૨ ॥

તેહ નિર્ધન ભણી નવી દીએ, નિજ રે ગણિકા સુતા સાર રે; તોય કરે ચાકરી આકરી, ચિત્ત પિડે સબળ માર[3] રે ॥ સાં૦ ॥ ૧૩ ॥ તાસ જળ ભરણ કણ પષ ણ, કીધ સારથી કૃષિ કર્મ રે; ભુખ તૃશ શીત આત પ ખમ્યા, તાડના તર્જના મર્મ રે ॥સાં૦॥૧૪॥ તીમ તુમે છો વછરી સ્વરી, કીમ કરી કોઇ ધરો ચિત્ત રે; કર્મ અભિયોગ હું કીમ કરૂં, સુજસ સુખ વંછતો નિ ત્ય રે ॥ સાં૦ ॥ ૧૫ ॥

## દુહા.

કમળાવતી વળતું કહે, સુણ કમળાનન[4] નાહ તું મા સાહસ પંખી પરે, સાહસ મ કરે ઉત્સાહ ॥ ૧ ॥ મોટે સાથે ચાલીઓ, દેશાંતર નર એક; એક અટ

---

૧ બ્રાહ્મણનો પુત્ર બટુક. ૨ સરવસ્વને હરણ કરવાવાળી વે શ્યાને દ્વારે. ૩ કામદેવ. ૪ કમળ સરખા મુખવાળા.

વી વીચે ઉતર્યો, સાથ આવાસ વિવેક ॥ ૨ ॥ તૃણ કા ષ્ટાદિક આણવા, નર એકલો તે જાય; સુતો દીઠો વા ઘ તીણે, વન ગહ્વર ગહરાય[1] ॥ ૩ ॥ એક પંખી તસ દંતગત[2], લેઇ મંસના ખંડ; 'મા સાહસ' ઇમ બોલતો, તરૂઅર ચઢે ઉદ્દંડ[3] ॥ ૪ ॥ બોલે 'મા સાહ સ' મુખે, ખાય વાઘ મુખ મંસ; કહેણી કરણી એ કી શી, બોહયો નર અવતંસ ॥ ૫ ॥ તિમ તુમ્હે ભવ સુ ખ છાંડતાં, ઇચ્છા ધરત અદિઠ; તપ રસીયા તેહવા સહી, સુજસ બોલ સુણો મીઠ ॥ ૬ ॥

ઢાળ.

મોતીડાની દેશી.

જંબુ કહે તુમ્હ વયણે ન મુંઝુ, ભાવ શત્રુ સા હમો થઇ ઝુઝું ॥ સાંભળો મોરી મીઠડી વાણી, લાગ શે રસ અમીય સમાણી ॥ સાં૦ ॥ ત્રણ મિત્રની જાણો મેં વાત, ન કરૂં કહીંએ સ્વારથ ઘાત ॥ સાં૦ ॥ ૧ ॥ ક્ષિતિ પ્રતિષ્ટ નગરે હુઓ રાય, જિતશત્રુ જગ તસ સુગુણ ગવાય ॥ સાં૦ ॥ તાસ પુરોહિત સવી અધિ કારી, સોમદત્ત નામે સુવિચારી ॥ સાં૦ ॥ ૨ ॥ નિત્ય

---

૧ ગંભીર એવી વનગુફામાં. ૨ તેના ઘણા દાંતમાં ભરાઇ હેર લા. ૩ ઉડીને.

મિત્ર તેહનો હુઓ એક, ખાન પાનાદિક મિલિત વિ
વેક ॥ સાં૦ ॥ પર્વ મિત્ર બીજો તે કહીજે, ઉત્સવ
આવ્યે જે માનીજે ॥ સાં૦ ॥ ૩ ॥ ત્રીજો પ્રણામ મિ
ત્ર હુઓ તાસ, દર્શન આલાપેજ વિશ્વાસ ॥ સાં૦ ॥
એક દિન રૂઠો તેહને ભૂપ, લહી અપરાધ હુઓ યમ
રૂપ ॥ સાં૦ ॥ ૪ ॥ નૃપ આશય જાણી તે જાય, રાતે
નિત્ય મિત્ર ઘરે જાય ॥ સાં૦ ॥ કહે દિન હુએ રાજા રૂ
ઠો, તુઝ ઘરથી કીહાં જાઉં અપુઠો ॥ સાં૦ ॥ ૫ ॥
છાનો મુઝ ઘર રાખ વિચાળે, મિત્ર પરિક્ષા આપત
કાળે ॥ સાં૦ ॥ અવસર પામે જે કામ ન આવે, મિ
ત્રાઇણ કમુલે વિકાવે ॥ સાં૦ ॥ ૬ ॥ નિત્ય મિત્ર કહે
મૈત્રી નાઠી, રાજ ભયે તે ન રહી કાઠી ॥ સાં૦ ॥ એ
ક કાજે કુટુંબ વિણાસે, બળતી ગાડર ન આણું પાસે
॥ સાં૦ ॥ ૭ ॥ ઇક્ષુ ફળ જીમ વિફળ વખાણો, રાજ
ભયે મૈત્રી તિમ જાણો ॥ સાં૦ ॥ ફળ મૈત્રીનું સ્વાર
થ સિદ્ધયે, ફોક કરે તે કવણ કુબુધે ॥ સાં૦ ॥ ૮ ॥ ઇમ
કહી નિત્ય મિત્ર અપમાન્યો, પર્વ મિત્ર ઘરે ગયો તે
છાનો ॥ સાં૦ ॥ રાજા કોપનો કહ્યો રે ઉદંત[1], જા
ણેવા તસ આશય તંત ॥ સાં૦ ॥ ૯ ॥ પર્વ મિત્ર
નિરણિયો[2] થાવા, દાખે શેવા ભાવ તે આવા ॥

૧ વૃત્તાંત. ૨ રણ રહિત થવા.

॥ સાં૦ ॥ કહે તુમ્હે પર્વે અનેક અછેહે, વેચાતો લી ઘો હું નેહે ॥ સાં૦ ॥ ૧૦ ॥ જો હું તાહરૂં વ્યસન[1] ન ભાજું, તો અકુલિનપણે જગ લાજું ॥ સાં૦ ॥ પણ તુજ કાજે મુજ દુઃખ સહેતાં, ઘર કુટુંબ સવી જાયે વહેતાં ॥ સાં૦ ॥ ૧૧ ॥ પ્યારો તુંને કુટુંબ પણ પ્યારૂં, દ્વિધા ચિત્ત હું કેમ નિવારૂં ॥ સાં૦ ॥ ઈહાં વ્યાઘ્ર ઇહાં મોટી ખાઇ, સંકટ આવી પડીયો એ ભાઇ ॥ સાં૦ ॥ ૧૨ ॥ હું છું સકીટ પલ્લાશની રીતી, રૂંધ્યો ઝબાળ કુટુંબની પ્રીતી ॥ સાં૦ ॥ તેહને અનુકંપા પરણામે, સ્વતિ હુઓ[2] જાઓ બીજે ઠામે ॥ સાં૦॥૧૩॥ નરાકર્યો એમ તેણે સતકારે, ચિત્તે સોમદત્ત ચિત્ત મારે ॥ સાં૦ ॥ કર સહસ્ત્ર અવલંબ 'ન' થાવે, રવિને અસ્ત દશા જબ આવે[3] ॥ સાં૦ ॥ ૧૪ ॥ સંકટ અવ્યે રાહુને ગ્રાસે, સકળ કળા વિધુ કેરી[4] નાસે ॥સાં૦॥ વિદ્યાવૃંદ નથી ઉગાર્યો, દુર્દૈવે દશ મસ્તક હાર્યો ॥સાં૦ ॥ ૧૫ ॥ જે બીહુંને ઉપગાર મેં કીધો, તેહનો તો પરિણામ એ સિદ્ધો ॥ સાં૦ ॥ એક પદ એક ન સાથે

---

૧ સંકટ. ૨ બાળક અને કુટુંબની અનુકંપા વડે તારૂં કલ્યાણ થાઓ. ૩ રવીની જ્યારે અસ્ત દિશા થાય છે ત્યારે તેના હજાર કર (કીરણો) તેને આધાર આપનાર થતા નથી. ૪ ચંદ્રમાની.

આ૦યો, બીજે સત્વરતાએ બોલાવ્યો ॥ સાં૦ ॥૧૬॥ હવે કહો કુણની પાસે જાશું, અતિથી પ્રણામ મિત્રના થાશું ॥ સાં૦ ॥ વચન માત્રના હતારે વિલાસા, તેહની પણ શી સબળી આશા ॥ સાં૦ ॥ ૧૭ ॥ અથવા એ શી મુજને ચિંતા, તે પણ મિત્ર લગારેક હુંતા ॥ સાં૦ ॥ કોઇને કોઇથી હોય ઉપકાર, તેહનો જોઉં કવણ પ્રકાર ॥ સાં૦ ॥ ૧૮ ॥ આ૦યો સોમદત્ત ઇમ ચિંતી, ઘરે પ્રણામ મિત્રને નિભરતિં ॥ સાં૦॥ ઉઠયો કૃત અંજળી તે પુછે, સ્વાગત કહો કારણ મુઝ શુ છે ॥ સાં૦ ॥ ૧૯ ॥ કહે પુરોહિત રાજવૃતાંત, છાંડું સીમસારય[1] કરે તંત ॥ સાં૦ ॥ મીઠડા બોલનો હું છું રણીઓ, કરૂં સહાય કહે તે ગુણીઓ ॥ સાં૦ ॥ ૨૦ ॥ સંતને સપ્તપદી[2] હોય મૈત્રી, કરૂં હવે હું તેહ પવીત્રી ॥ સાં૦ ॥ પુંઠરખો હું છું મત બીહે, વિરૂઓ ન થાવા ઘું કોઇ દીહે ॥ સાં૦ ॥ ૨૧ ॥ પૃષ્ટે બાંધી બાણ ને ભાથો, ચાપ અધિજ્ય કરી ચલ્યો સાથો ॥ સાં૦ ॥ પ્રણામ મિત્ર પુરોહિત કેડે, રહેતો સઘળો

---

૧ સહાય્ય કરતો આ રાજ્યની સીમ બહાર જતો રહું. ૨ સજ્જનોની મૈત્રી સપ્તપદી એટલે સાત ડગલા સાથે ચાલ્યાજ હોયતો પણ બદલો આપનારી થાય છે.

વિઘ્ન વિહેડે ॥ સાં૦ ॥ ૨૨ ॥ તે સાથે ગયો ઇચ્છિત ઠામે, સોમદત્ત તીહાં બહુ સુખ પામે ॥ સાં૦ ॥ ઇહાં ઉપનય ભાખે ભગવંત, સોમદત્ત તે જીવજ તંત ॥ સાં૦ ॥ ૨૩ ॥ નિત્ય મિત્ર તે દેહ કહાવે, નિત્ય પાળ્યો પણ સાથે નાવે ॥ સાં૦ ॥ પર્વમિત્ર તે બંધવ મિલીઆ, સ્મશાન સત્વર જાઇ પાછા વળીઆ ॥સ૦॥ ॥ ૨૪ ॥ પ્રણામ મિત્રં સરિખો એક ધર્મ, સાથે આવે તે આપે શર્મ ॥ સાં૦ ॥ દાક્ષિણ્યે પણ કીધો તે મીઠો, સુજસ વિલાસ કરંતો દીઠો ॥ સાં૦ ॥ ૨૫ ॥

દુહા

તિણે કારણ પરલોક હિત, ધર્મ ન છંડું જાણ; નવી મંડું રતિ વિષયથી, ધર્મ તે ત્રિભુવન ત્રાણ[1] ॥૧॥ વિશ્વાધાર વસુંધરા, રહે જેહને આધાર; શેષનાગ મંત્રજ વિણુ, ધર્મ તે હિત નિરધાર ॥ ૨ ॥ ત્રીછો અગનિ ન જે બળે, ઉરધ વાય ન વાય; ધાવા પૃથવી નવિ પતે[2], તે સવિ ધર્મ ઉપાય ॥ ૩ ॥ જળધિ મહિ રેલે નહીં, આસાસે જે મેહ; તે પ્રભાવ સવી ધર્મનો, જાણો અતુલ અછેહ ॥ ૪ ॥ ઉગે સૂરજ

---

૧ ત્રણ ભુવનને શરણભુત. ૨ આકાશ પૃથવી ઉપર પડી નથી જતું તે.

ચંદ્રમા, કરે વિશ્વ ઉપકાર; ઋતુગતિ જગસ્થિતિ જેચલે, ધર્મને[1] યોગ તે સાર. ॥ ૫ ॥ પડતો રાખે તાત પરે, અખ્ખઇ મિત્ત પરિમગ્ગ;[2] પોખે નિજ મા તા પરે, ધર્મ તે અચળ અલગ્ગ ॥ ૬ ॥

ઇતિ શ્રી જંબુ પ્રાકૃત પ્રબંધે ચતુર્થાધિકારઃ

## દુહા

આગે હવે સુણીએ કથા, પુરણ તે દીએ પ્રેમ; અરધ થાકતો મનદહે, અરધ દગ્ધે નય જેમ ॥ ૧ ॥ મુગ્ધા પ્રૌઢાપરે હોયે, અથવા સવિ સુવિલાસ;[3] -હૃદય રમ પતિ સમ મીલે, જો કવિ ઉચિત અભ્યાસ ॥ ૨॥ તર્ક વિષમ પણ કવિ વયણ, સાહિત્યે સુકુમાર; અરિગજગંજન પણ દયિત, નારી મૃદુ ઉપચાર[4] ॥ ૩ ॥

---

૧ દુહા. ૨-૩-૪-૫ માં ધર્મશબ્દે ધર્માસ્તિકાય અથવા વસ્તુધર્મ (સ્વભાવ) જાણવો. ૨ મીત્રની પરે મારગ કહે. ૩ પ્રથમ મુગ્ધા ને અને પછી પ્રૌઢાનો વિલાસ જેમ વિશેષ આનંદકારક થાય છે તેમ રસે કરીનેવૃદ્ધિ પામતા કવીના વચનો જાણવા.

૪ તર્ક જે ન્યાયશાસ્ત્ર તેને વિષે તો જે કવીના વચનો વિષમ છે તેમનાજ વચનો સાહિત્ય (રાસાદિ) ને વિષે સુકમાળ હોય છે. જેમ શત્રુના ગજને હણવાની શક્તિવાળા સ્વામીના પોતાના સ્ત્રીને વિષે તો મૃદુ ઉપચારજ હોય છે તેમ.

કરે સુકવિ પદ યોજના, તે વાણી વ્યાપાર; શોભા તેહ ને હાય છે, તે મહોટો આધાર ॥૪॥

ઢાળ.

(ધણરા ઢોલા) એદેશી.

હવે જયશ્રીવાણી વદેરે, સુણ પીઉ સાચા સિદ્ધિ ॥ ગુણરા જ્ઞાતા ॥ નાગશ્રી પરે શું કહે રે, કુટકથા અપ્રસિદ્ધિ ॥ રંગરા રાતા ॥ આવો આવોરે સુગુણ સંગ કીજે, નરભવનો તે લાહો લીજે, પ્રેમ પ્યારા ગટગટ પીજે, દુઃખદોહગ દુર ગમીજે; યૌવન સમય છે જોર ॥ ગુણ૦ ॥ ૧ ॥ પુર રમણીય તણો ધણીરે, હુઓ કથા પ્રિય[૧] ભૂપ ॥ ગુ૦ ॥ વારે વારે તે કથા સુણેરે, નાગર[૨] મુખથી અનુપ ॥રં૦॥ ૨ ॥ તે પૂરે એક દરિદ્રી હુઓ રે, કણ આજીવી વીપ્ર ॥ ગુ૦ ॥ તેહ નિરક્ષર મુખ્યનો[૩] રે, વારો આવ્યો ક્ષિપ્ર ॥ રં૦ ॥ ૩ ॥ શી તેહને કહેવી કથા રે, જીભ ખળાએ તામ ॥ ગુ૦ ॥ તે ચિંતે મુજ શું હુશ્યે રે, રખે દીએ કારા[૪] ઠામ ॥ રં૦ ॥ ૪ ॥ બેટી પુછે કુંઆરડ રે, દેખી ચિંતા ગ્લાન ॥ ગુ૦ ॥ હેતુ કહ્યો તવ સા ક

---

૧ કથા જેહને વહાલી છે એવો. ૨ નગરના લોકો. ૩ મુર્ખ સિરોમણી. ૪ કારાગૃહ. બંદીખાનો. ૫ તારે ઠેકાણે, બદલે.

હે રે, જાઉં હું તુઝ ઠાન[1] ॥ રં० ॥ ૫ ॥ ન્હાઇ તે અઇ નૃપ કન્હે રે, પહેરી ધોળાં ચીર ॥ ગુ० ॥ આશિષ દેઇ કહે કથા રે, સુણીએ સાહસ ધીર ॥ રં० ॥ ૬ ॥ તેહની તેહવી અક્ષોભતા રે, વિસ્મિત રાજા દેખિ ॥ ગુ०॥ કાન માંડે સુણવા કથા રે, બીજી વાત ઉવેખિ ॥ રં० ॥ ૭ ॥ તે માંડે કહેવા કથા રે, એહજ પુરે છે એક ॥ ગુ० ॥ નાગશર્મા અગ્નિ હોત્રીયો રે, ધરે કણ ભિક્ષા ટેક ॥ રં० ॥ ૮ ॥ સોમ શ્રી તેહની પ્રીયા રે, તેહની પુત્રી હું એહ ॥ ગુ० ॥ નાગશ્રી નામે ભલી રે, પામી યૌવન સસનેહ ॥ રં० ॥ ૯ ॥ હું એક ચટ દ્વિજ પુત્રને રે, દીધી માત પિતાય ॥ ગુ० ॥ મુકી ગયા ઘર એકલી રે, પામી પ્રયોજન કાંય ॥ રં० ॥ ૧૦ ॥ એહવે તે દ્વિજ સુત આવીયો રે, એ કાકિણી મુઝ ગેહ ॥ ગુ० ॥ સામગ્રી અણપહુચતે રે, સાચવવું તે નેહ ॥ રં० ॥ ૧૧ ॥ સ્નાન અશન વિધિ સાચવી રે, દીધી વાટ તે એક ॥ ગુ० ॥ સર્વ સ્વજન ઘર નહી હતું રે, કીધો ઉચિત વિવેક ॥ રં० ॥ ૧૨ ॥ ભુંયે સુઇ કીમ શકું રે, ફિરે બહુલા જીહાં સાપ ॥ ગુ० એક સયાયે સુતી થીરચતા[2] રે, તેહને હુઓ સ્મર

---

૧ તારે ઠેકાણે, બદલે. ૨ સ્થિર બુદ્ધિ કરીને.

વ્યાપ[1] ॥ રં० ॥ ૧૩ ॥ વિષય વિરોધન લાલચથી રે, ક્ષોભથી મુઓ દ્વિજ તેહ ॥ ગુ० ॥ સૂખ રોગ મેં ચિંતવ્યું રે, મુઝ દોષે મુઓ તેહ ॥ રં० ॥ ૧૪ ॥ કહું વાત કુણ આગળે રે, કરશે કવણ ઉપાય ॥ ગુ० ॥ ખંડ કરી ઘાલ્યો ખાડમાં રે, તિમ કર્યું જિમ ન જણાય ॥ રં० ॥ ૧૫ ॥ ધુપ પુષ્પની વાસમાં રે, દીધી મહિ મહકાય ॥ ગુ० ॥ માતપિતા પણ આવીયા રે, સહુને ઠામ સુહાય ॥ રં० ॥ ૧૬ ॥ રાજા પુછે કુમારિકા રે, કહ્યું તેં જુઠ કે સાચ ॥ ગુ० ॥ સા કહે જિમ સઘળી કથા રે, સાંભળો તિમ એ સાચ ॥ રં० ॥ ૧૭ ॥ ઇમ નૃપને વિસ્મિત કર્યો રે, નાગશ્રીએ કહી વાત ॥ ગુ० ॥ ભોળવો પીઊ તુમે અમ્હ તથા રે, સુજસ કહી અવદાત ॥ રં० ॥ ૧૮ ॥

દુહા

જંબુ કહે સુણો સવી પ્રિયા, ન છું વિષય રસ લીન; જિમ લલિતાંગ કુમર હુઓ, ભવ સાયર જળ મીન ॥ ૧ ॥

ઢાળ.

(ચોપાઈ)

નગર વસંતપુર છે અતિ વડું, આખંડલપુ

૧ કામ વાપ્યો.

ર[1] હોય તેવડું; આણાએ વજ્રાયુધ[2] જિશ્યો, ભુપ શતાયુધ નય[3] ઉલશ્યો ॥ ૧ ॥ લલિતા દેવી લલિતાકાર, તેહની હુઇ સુંદર શૃંગાર; કામ ધામ લીલા ઉદ્દામ, સકળ કળા કેરો વિશ્રામ ॥ ૨ ॥ સહસ્ર નેત્ર તણું મન હરે, નેત્ર ત્રિભાગ પ્રસાદ જે કરે; કળા ચોસઠ તસ અંગે વસે, ચ્યાર ચંદ[4] શેવે તે મિશ્યે ॥ ૩ ॥ મત્ત બારણે ચઢી અન્યદા, નયન વિનોદ કરેવા મુદા; દેખે હેઠ સંચરતા લોક, દીઠો એક જુવાન અશોક ॥ ૪ ॥ ધમ્મિલે મસ્તક દ્વિક ધાર, મૃગમદ પંકિલ મુંછે ઊદાર; જાણે મદ ઝરતો હાથીઓ, લીલાએ ધનપતિ સાથીઓ ॥ ૫ ॥ વૃષભ ખંધ ઉર વિકટ વિશાળ, ચરણ પાણી પંકજ સુકુમાળ; ગ્રીવા કર ચરણે વિન્યસ્ત, કંચન ભૂષણ અતિહિ પ્રશસ્ત ॥ ૬ ॥ નવ કર્પુર સહિત તંબોળ, અરૂણિત મુખ શોભે રંગરોળ; ભાળ તિલક માનુ મદન પતાક,[5] અંગરાગ છળ લવણિમ ચાક ॥ ૭ ॥ ધુપાચિત અંશુક[6] આમોદ[7], મેંદુર મારગ વિહિત વિનોદ; પ્રથમ અન

---

૧ ઈંદ્રનું નગર, ઈંદ્રાપૂરી. ૨ ઈંદ્ર. ૩ ન્યાય. ૪ એક ચંદ્રની ૧૬ કળા હોય અને આ સ્રીમાં તો ૬૪ કળા છે તેથી માનુ ૪ ચંદ્રમા શેવતા હોયની ! ૫ ભાળનાં તીલક છે તે માનું કામદેવની ધ્વજાજ છે. ૬ વસ્ત્ર. ૭ સુગંધ.

મ અદ્રશ્ય નિરમ્યો, શ્રી સુત માનુ બીજો વિધિ ઘ
ડ્યો ॥ ૮ ॥ શંકર ભાળ હુતાશનિ કાય, સ્મર હોમ
મયિ તેણે એ ભાવ; થાય શી નવી ઊપમા સંભવે,
તે દેખે લલિતા ચિંતવે ॥ ૯ ॥ તવ તેહને સ્મર શી
ખ૦યા પાઠ, સાત્વિક ભાવ પ્રગટ હુવા આઠ; જાણે
દીયું આલિંગન ઘણું, નારિ જન્મ સફળતો ગણું ॥
॥ ૧૦ ॥ સહસ દંસોલા બેલે દેખ, પ્રેમ સંભાષણ કો
ડિ વિશેષ; નિર્ભર આલિંગન તે અમૂલ, જાણીયે જે
હવું સુરતરૂ ફુલ ॥ ૧૧ ॥ પંખિણી હોત તો ઊડી
મળું, સ્વયં દુતિ હુઈ કેજે હળું; સરજી હોત જો મુ
ગતામાળ, લાગી કંઠ રહત સુકુમાળ ॥ ૧૨ ॥ વેદા જ
ડા વિધિશ્યું પાંતરે, સુભગ કીશ્યું રાખે આંતરે; જો
ડે જોડું જો કિરતાર, વિસારૂં તો નવિ ઉપકાર ॥
॥ ૧૩ ॥ કાયા શુભ છાયા તો રહે, રાગશ્યું જોડે
તો ગહગહે; ચંદા વિણ નિશિ હોય શામળી, નિશિ
વિણ વિધુ તનું રૂચી ઝામળી ॥ ૧૪ ॥ ચતુર ચેટિ
કા જાણે ભાવ, કહે સ્વામિની એ છે ઊચિત બના
વ; એહ તરૂણસ્યું તુઝ ચિત્ત રમે, ચંદ્ર કુમુદિની
પેરે ગમે ॥ ૧૫ ॥ ઘન દેખીને નાચે મોર, વળી આ
નંદે નાચે ચકોર; ચતુર દેખી ચતુરા ઊલ્લસે, નિજ

સ્વભાવ થકી કુણ ખસે ॥ ૧૬ ॥ લલિતા કહે તુઝ છે મન જ્ઞાન, તો જીવું જો એ મળે યુવાન; મન-હરી લીધું સૂની કરી, કરને ખબર એહની તું ખરી ॥ ॥ ૧૭ ॥ કુણ એ કુણનો સુત કીહાં રહે, માહરૂં હૃદય મદન અતિ દહે; મેળવી એહને તાપ ગમાવ્ય, પહેલા ખબર સકળ જઇ લાવ્ય ॥ ૧૮ ॥ ખબર લેઈ આવી ચેટિકા, વીનવે ધૈર્ય તણી પેટીકા, એહજ નગરનો વાસી તેહ, નામે છે લલિતાંગ સુદેહ ॥૧૯॥ સાર્થવાહ સમુદ્રવિજય નામ, તેહનો સુત ગુણગણ અભિરામ; બહુત્તર કળા ભણ્યો સુલીન, તરૂણ સુઠામે તુઝ મન લીન ॥ ૨૦ ॥ ઇહાં લીનું તુઝ-મન સોહીએ, હાર શ્રેણિ જિમ તરૂણી હીયે; હેમ મુદ્રિકા રતને જડી, તસ યોગે સોહશે પડવડી ॥ ૨૧ ॥ નારિ માંહે તું ગુણવંત, પુરૂષ સોભાગી તે છે સંત; બીહું સંયોગ કહે તો કરૂં, સા કહે વચન કરો નિજ ખરૂં ॥ ૨૨ ॥ ઇમ કહી રાણી દીએ કર લેખ, પ્રેમ અંકુર અંભોદ વિશેષ; શ્લોક લખ્યો છે તેહમાં એક, જેહથી જાગે મન્મથ ટેક ॥ ૨૩ ॥ દાસી તે દીએ લલિતાંગને, કહે સુખ વાચિક બેસી કન્હે; ચટુ ઉપચારે થયો તે ખુશી, વાંચે લેખ હૃદય ઉલ્લસી ॥ ॥ ૨૪॥ યત:

यदा दृष्टोसि सुलग, तदाद्यपि वराक्यहं;
पश्यामि त्वन्मयं सर्वं, योगेनानु गृहाणमां १

ઢાળ.

વાંચી શ્લોક-તે ચેટી પ્રત્યે કહે, મુઝ મત છે તેહને મતે કહે; પણ કીહાં સા અંતેઉર વાસ, વણિક માત્ર હું કીહાં વડ આશ ॥ ૨૫ ॥ મેરૂ શિખર છે જે સુરલતા, તે ફરસે કુણપરે ભુમિતા; ઇમ મેં નૃપ રમણીનો ભોગ, કિમ પામીજે શુભ સંયોગ ॥ ॥ ૨૬ ॥ હુંશ કરે હિયડા તેહવી, જે પરે હોય ધૃતિ રતી નવનવી; જે દૂરલભ જન દૂર અંદેશા, નેહ તેહનો આપ કિલેશ ॥ ૨૭ ॥ ચંદ્ર મંડળે છે સારી સુધા, વસુધાગત વંછે તે મુધા; નરને નવી લાગે પાડુઆ, પણ કીમ જમે ખરગત લાડુઆ ॥ ૨૮ ॥ દાસી કહે જે હોય અસહાય, તેહને દુઃકર વિકટ ઉપાય; ચિંતા તું મત કરજે કદા, હું સહાય છું તાહરે સદા ॥ ૨૯ ॥ તુઝને અંતેઊર આણેશ, કોઇ નહીં જાણે તેમ ઠવેશ; ફુલમાંહે રહ્યા સંચરે, તે ડયા આવે ભય મત કરે ॥ ૩૦ ॥ જઇ ચેટીએ તે કહયો ઉદ્દંત, રાણી પામી હર્ષ અત્યંત; સાચિતે તસ

સંગમ સદા, કૌમુદી મહોત્સવ આવ્યો અન્યદા ॥ ૩૧ ॥ દુગ્ધ શુદ્ધ સખર નર નીર, ક્ષેત્ર ફળ્યા ને સુરભી સમિર; નગર બાહ્ય ભુમે તે જાય, આખેટક લીલા એ રાય ॥ ૩૨ ॥ નૃપ ઘર દેખી વિજન ઉત્તંગ, દાસી આણે તે લલિતાંગ; નવી યક્ષ પ્રતિમાને મિસે, લલિતા ચિત્ત વિનોદ છે તીસે ॥ ૩૩ ॥ લલિતાને લલિતાંગ તે મળ્યા, મનમાં વંછિત સઘળા ફળ્યા; આલિંગન દીએ માંહોમાંહિ, વલ્લી વ્રક્ષ પરે અંગીક ઉચ્છાહિં ॥ ૩૪ ॥ અનુમાનાદિ કળા કોવિદા[1], સો વિંદલ્લ[2] તે જાણે તદા; અંતેઉરે પર પુરૂષ પ્રવેશ, હુઓ છે નહીં શંકા લવલેશ ॥ ૩૫ ॥ લુટાણા આપણ છું એમ, તે ચિંતવતા પૂરણ પ્રેમ; પૂરી આખેટક અભ્યાસ, રાજા આવ્યો લિલવિલાસ ॥ ૩૬ ॥ તેણે ભુમિપતિ વિનવ્યો, અંતેઉરે છે પરનર ઠવ્યો; અંતેઉરે તસ્કર પરે જાય, અણુંહાણે પાયે[3] તવ રાય ૩૭ ॥ દત્તદ્રગ[4] દેખે તવ સાય, દાસી દૂરથી આવત રાય; રાણીને કહે બિહું મળી હવે, ઉપરથી બાહિર પરઠવે ॥ ૩૮ ॥ ઘર પાછળ તે કૂપે

---

૧ અનુમાનથી જાણે તેવા ડાહ્યા. ૨ વ્યંડળ. ખોજા. ૩ ઊઘાડે પગે. ૪ દીધી છે દૃષ્ટિ જેણે એવી.

પડયો, ગુફા માંહે કૌશિક[1] જિમ નડયો; અશૂચિ નરકવાસે દુઃખ સહ્યો, પૂરવ સુખ સંભારત રહ્યો ॥ ૩૯ ॥ ચિંતે જો ઇહાંથી નીકળું, એહવા ભોગમાં તો નવી કળું; દીઠો ભોગનો એહ ઊદર્ક, કરૂં કુશીલનો નહીં સંપર્ક[2] ॥ ૪૦ ॥ રાણી દાસી કૂપે નિત્ય, નાખે એઠ અનુકંપા નિમિત્ત; શુનક પરે તેણે જીવે તેહ, હા હા કર્મ વિપાક અછેહ ॥ ૪૧ ॥ વર્ષા આવ્યે ખળખળ ખાળ, વર્યા મંદિરના અતી અસરાળ; કૂપ ભરાણે તે જળે વર્યો, વપ્રદ્વાર[3] બાહિર જઇ રહયો ॥ ॥ ૪૨ ॥ તૂંબી જળ પરે પરિખા નીર[4], નાખ્યો ઉછાળી પરિખા તીર; નીરે પીડયો મુર્છા લહે, શબ પરે પડ્યો બહુ દુઃખ સહે ॥ ૪૩ ॥ આવી ધાવ્ય તસ પુણ્યે તીહાં, જાણે કુળદેવી ગહગહ્યાં; દીઠો આણ્યો તેણે ગોપવી, પામી હરખ નિજ મંદિર ઠવી ॥૪૪॥ પાળિતો તેહ કુટુંબે ખરે, સ્નાન અભ્યંગ અશન આચરે; છીન્ન રૂઢ શાખાપરે[5] તેહ, ફરીને નવો હુઓ સુર દેહ ॥ ૪૫ ॥ ઇહાં ઊપનય લલિતાંગ સમાન, ધરે કામભોગે બહુ માન; જીવ તે સર્વ શરીરી ત

---

૧ ઘુવડ. ૨ સંસર્ગ, સમાગમ. ૩ ગઢમાંથી પાણી નીકળવાના ખાળ. ૪ નગર ફરતી ખાઇનું પાણી. ૫ છેદાયેલી વૃક્ષની શાખાન જેમ.

ણો, ભવઅભિનંદી લક્ષણ સુણો ॥ ૪૬ ॥ ક્ષુદ્ર લો
ભ રત સકળ અધીન, મત્સર ભય યુત શઠ અતિ હી
ન; નિષ્ફળ આરંભી અજ્ઞાન, ભવઅભિનંદી હોય
નિદાન ॥ ૪૭ ॥ કામભોગ સુખ મીઠાં પુરે[1], પરિણા
મે દારૂણ બહુ પરે; તે તો લલિતા દેવી રૂપ, ગર્ભવા
સ જાણો બહુ કૂપ ॥ ૪૮ ॥ અશનાદિક માત્રાએ ક
રી, ગર્ભ પોષણ વેળા ઉછરી; અશૂચી કૂપથી ખા
ળે જેહ, યોની ગર્ભ નીકળવું તેહ ॥ ૪૯ ॥ કોટિ બા
હિર પરિખા ઉત્સંગ, જેહ પતન તસ જાણે રંગ; નિપ
તનય તન સુખતિકા ધરે, ગર્ભવાસથી હોય બહુ પરે ॥
૫૦॥ પરિખા તીરે મુર્છા કહી, કોશ બાહિર નીકળવે સહી;
કર્મ તણી પરિણતી તે ધાવ્ય, પોખ્યો પૂરભવ સરખે
ભાવ ॥ ૫૧ ॥ કહો ફરી તે કહીએ લલિતાંગ, કરે દે
વી લલિતાનો સંગ; તો જિમ જન્મ વિપાકતા જા
ણ, કરૂં વિષય સુખ હું સુપ્રમાણ ॥ ૫૨ ॥ દેખી
વિપાક જે પાળે શિળ, તે સજ્જન આચાર સલીલ;
ધરે શિળ જે વચન અસગ, તેતો યોગ સુજસનો
રંગ ॥ ૫૩ ॥

---

૧ પહેલાં.

## દુહા.

દૃઢ નિશ્ચય જાણી કરી, હવે જંબૂની નાર; આ ઠે કરજોડી વદે, તું તરીઓ અમ્હ તાર ॥ ૧ ॥ છા યા જિમ કાયા થકી અળગી ક્ષણ નવ હોય; તીમ અ મ્હે તુઝથી કીમ રહું, અળગા વાલીમ જોય ॥ ૨ ॥ પંચ સાખે પ્રેમે દીઓ, હાથ ઊપરજ હાથ; ભોગે જો પીઉ ભવિ બન્યો, જોગે[1] હો તુઝ સાથ ॥ ૩ ॥

## ઢાળ.

(બીજી વહુઅર વીનવે હો) એ દેશી.

આઠ વહુઅર વીનવે રે, હવે પામી પ્રતિબોધ; લ્હારાં મ્હાંને લીજીએ રે, થેં છો વડવર જોધ[2] ॥ મ્હાં કા વાલિંમ છાંડયા કીયું જવાશે. આપણકા કીયું છોડો હો, અવરાસ્યું રતિ જોડો હો; છાંડયા કીયું જવાશે ॥ ૧ ॥

અર્થ-તમ્હે સિદ્ધ તો અમ્હે આઠ સિદ્ધિ. તમે હર તો અમે આઠ મુરતિ.

થેં સિદ્ધ તો મ્હોં સિદ્ધિ છાંરે, હરતો મુરતિ આઠ;

અર્થ-તમે આકાશ તો અમે આઠ દિસા. તમે ચંદન તો અમે ચંદનકાષ્ટ.

થેં અંબરમ્હેં દિશિભલીરે,વાસ તોચંદનકાઠામ્હાં॥૨॥

---

૧ દિક્ષામાં. ૨ શ્રેષ્ટ એવો મોટો યોદ્ધો.

અર્થ-તમે ચંદ્રમા તો અમે જયોત્સના. તમે કલ્પવૃક્ષ તો અમે કલ્પવેલી.

થે ચાંદા મ્હેં ચાંદણી રે, થે તરૂઅર મે વેલિ;

તે સાથે સુકાઇ જઇએ પણ મુકીયે નહીં. સ્નેહ સહિત વળગી જ રહીએ.

સુકાં તેણુ મુકાં નહીંરે, લાગી રહું રંગરેલ ॥મ્હાં॥૩॥

તમે નંદનવન સમાન તો અમે કેતકી. તમે દીપક તો અમે જયોત.

થે વન તો મ્હે કેતકી રે, થે દિપક મ્હે જયોતિ;

તમે યોગી તો અમે અભુતિ. તમે અધિકારી તો અમે ખડીઓ કલમ.

થે યોગી મેં ભૂતિ છાંરે, અધિકારી તો દોતિ ॥મ્હાં॥૪॥

તમે આંબા તો અમે માંજરી. તમે કમળ તો અમે પરાગ.

થે આંબા મેં માંજરીરે, થે પંકજ મ્હે ભાગ;

તમે સુર્ય તો અમે કમલિની. તમે રસ તો અમે રંગ.

થે સુરજ મેં પદ્મની રે, થે રસતો મ્હે રાગ ॥મ્હાં॥૫॥

તમે પરવત તો અમે પૃથ્વિ. તમે ફુળીભુતક્ષેત્ર તો અમે ફરતી વાડ.

થે ધરણીધર મ્હે ધરારે, ક્ષેત્ર ફલ્યા તો વાડ;

તમે પુણ્ય તો અમે તેની વાસના. તમે ભાગ્ય તો અમે કપાળની રેખાએ.

થે પુણ તો મ્હે વાસનારે, ભાગ્યતો રેખા નિલાડ ॥ મ્હાં૦ ॥ ૬ ॥

તમે સ્વયંભુરમણ સમાન તો અમે ગંગા નદી તુલ્ય. તમે વરસાદ તો વીજળી.

થે સાયર મ્હે નદીરે, થે ઘન તો મ્હે બીજ;
સેંકડો શાખાએ વિસ્તરીત એવા તમે વડ તો અમે બીજ.
શત શાખાએ વિસ્તર્યોરે, થે વડતો મ્હે બીજા॥મ્હાં॥૭॥
તમે કંચન સમાન તો અમે તેની કાંતિ. તમે નંગ તો અમે વીંટીઓ
થે કંચન તો મ્હે વર્ણિકારે, નંગ તો મુદ્રા સાર;
તમે ચંપાનું ફુલ તો અમે તેની પાંખડી. તમે હાર તો અમે તેની મણીઓ.
થે ચંપક મ્હે પાંખડીરે, મણિયાં થેઓ હાર ॥મ્હાં॥૮॥
તમે દેરાસર અમે તેની વેદિકાઓ. તમે ઉત્તમ ગૃહ તો અમે ઉપર ધ્વજા.
થે પ્રાસાદ તો મ્હે વેદિકારે, સૌધતો ધ્વજ લહકંત;
તમે દ્વિપ થશો તો અમે ફરતી જગતિઓ થશું અને દાંતની જીવ્હાને જેવી અકયતા રાખશું.
દ્વિપ હુતાં જગતિ હુસ્યાં રે, મેળવ્યું રસના દંત ॥ મ્હાં॰ ॥ ૯ ॥
જો તમે સંયમતો અમે ધારણા. જો તમે રૂપવાળા તો અમે રૂપ.
જો સંયમ તો ધારણારે, જો રૂપીતો રૂપ;
જો તમે સાકાર તો અમે સાકારતા. અનુભવમાં અનુપમ એવી.
સાકારે સાકારતારે, અનુભવમાંહી અનૂપ ॥મ્હાં॥૧૦॥
અંતરંગના રસની ગોષ્ટિને જાણનાર તો એક અંતરયામીજછે.
અંતરયામી જાણશે રે, અંતરંગ રસ ગોઠિ;
અને દ્રષ્ટાંતમાં જે હૃધગત હોય છે તે હોઠે આવે છે.

દૃષ્ટાંતે જ ભાખવુંરે, હૈયે તે આવે હોઠ ॥મ્હાં॥ ૧૧ ॥ સંયમ લેતા સાથ છે રે, પ્રથમ દશાએ સરાગ; ધર્મ સન્યાસિ પ્રકટ હુશે રે, ઇમ તેહનો પણ ત્યાગ; ॥ મ્હા૦ ॥ ૧૨ ॥ કેતા કહીએ બોલડારે, તુમ્હે છો ચતુર સુજાણ; છેહ મ દેજ્યો સાહિબારે, સુજસ વિલાસ પ્રમાણ ॥ મ્હા૦ ॥ ૧૩ ॥

દુહા.

માતપિતા સસરા સગા, હવે પામ્યા પ્રતિબોધ; જંબુપ્રતિ કહે તું ભલે, પામ્યો આતમ શોધ ॥ ૧ ॥ અમને પણ દિક્ષા હજો, આદરસ્યું તુમ્હ સાથ; ધિર સખા જો સાથિ હોયે, અરિસ્યું દીજે બાથ ॥ ૨ ॥

ઢાળ.

( ચંદન કાઠગે ઢળીઓ જાતા વચો ) એ દેશી.

સંયમ શીલરા સકટ જોત્રાવજો, પુણ્ય ક્રિયાણા ભરાવજો; વ્યાપારી જન સાથ બોલાવજો, ભવ અટવી વોલાવજોરે ॥ જ્ઞાનીરા સાયબા, તું અમ્હે ચાહેરે લારાંહી લેવા ॥ ૧ ॥ સાર્થવાહ તુમે નામ ધરાવજો, ભાવના પેટી ભરાવજો; ભાગો ભાગો લાભ કરાવજો, ચોરીરી ભીતિ વરાવજોરે ॥ જ્ઞા૦ ॥ ૨ ॥ ચારિત્ર ધર્મરા સુભટ રખાવજો, સાથરા જનને શિખાવજો; વિ

ષમ વિષય ફળ ભોગ દીખાવજો, અનુભવ અમૃત ચ
ખાવજોરે ॥ જ્ઞા૦ ॥ ૩ ॥ અધ્યાતમરા ડેરા[1] કરાવજો,
વયરાગરી વાડ બનાવજો; ધ્યાન ગીતરા ખેલાવજો,
રંગમેં રંગ જનાવજોરે ॥ જ્ઞા૦ ॥ ૪ ॥ જંગલમેં પ
ણ મંગળ લાવજો, પ્રણિદ્ધિ પ્રવૃત્તિ વિભાવજો; વિઘન
જયે સવી નટ લાવજો, સિદ્ધિ સંપદ પાવજોરે ॥જ્ઞા૦॥
॥ ૫ ॥ જે[2] જસ ન હોયે તે તસ આપજો, અરથોની
આપદા[3] કાપજો; નિજ કીર્ત્તિ નરે ત્રિભુવન વ્યાપજો,
અપ્પા[4] ગુણમાંહી થાપજોરે ॥ જ્ઞા૦ ॥ ૬ ॥ ગણધર
પદ વિનિયોગ સંભારજો, મુગતિ પાટણમાં પધારજો;
સાર્થવાહ પદ સુજસ વધારજો, વિનતી એ અવધાર
જોરે ॥ જ્ઞા૦ ॥ ૭ ॥

દુહા

માતપિતા પુછી વ્રતે, તુઝ સહાય પવિત્ર; થાઇ
શ હું ઉતાવળો, પ્રભવ કહે સુણ મિત્ર ॥ ૧ ॥

ઢાળ.

(ચારિત્રનો ખપ કરજો સુસાધુ) એદેશી.

જંબુ ભાખે સુણયો સાચા મિત્ત, ચારિત્ર તે જગ

---

૧ તંબુ. ૨ જ્ઞાન દર્શન ચારિત્ર. ૩ સંસારના કષ્ટરૂપ આપ
દા. ૪ આત્મા.

તારૂ છેલો; ધર્મે ઢીલ ન કીજે સાચા મિત્ત, વિલંબતે ન વારૂ છેલો; કીધું તે ગાંઠે બાંધ્યું સાચા મિત્ત, ઉતારાનો સાંસો છેજો; કાલિતણો દિન ભરવો સાચા મિત્ત, અણદાતાનો ફાંસો છે જો ।। ૧ ।। અતીત અનાગત અર્થ સાચા૦ જ્ઞાનીને ન પ્રમાણ છે જો; વર્ત્તમાન યોગે સાચા૦ તેહજ ચિત્તે આણે છે જો; ઋજુસુત્ર નયે ઇણપરે સાચા૦ આતમ ગુણ અંજુઆળે છે જો; અધ્યાતમ જળ ઝોલે સાચા૦ પાતિકડા પખાળે છેજો ।।૨।। ચઢતે ભાવે આવે સાચા૦ શ્રદ્ધા તે વખાણી છે જો; ધર્મ્યું સો વાયે જાય સાચા૦ ધર્મ શ્રધ્ધા ભાજે છે જો; જાવજીવ તે પાળે સાચા૦ એહવી જીનવાણી છે જો; દડવડી ધર્મે જુઠે સાચા૦ જીનશાસન તે રાજે છે જો ।। ૩।। બંદિખાને પડિયો સાચા૦ લગન ન જોસ જોવે છે જો; સંધિ જે વેળા પામે સાચા૦ નિસરવું તવ હોવે છે જો; કરવા માંડયું કીધું સાચું સાચા૦ તે એહજ ભાવે લાગે છે જો; ધર્મ વિના કેમ રહીએ સાચા૦ ધર્મ તણી રૂચિ જાગે છે જો ।। ૪ ।। સ્વજન કુટુંબમાં જાતાં સાચા૦ ધર્મે ધૈર્ય ધરવું છેજો; તરૂ પંખી મેળો એ સાચા૦ એહમાં કાંઇ ન તરવું છે જો; રાગ કરંતા એહનો સાચા૦ ।। અંતે ઝુરી મરવું છે જો; નિસનેહી નિરમો

હી સાચા૦ હોઇએ ભવદુઃખ ઉદ્ધરવું છે જો ॥ ૫ ॥ નેહે તીલ પીલાયે સાચા૦ વેળુ નવી પીલાયે છે જો; સસને હું દદધી મથીયે સાચા૦ યંત્રે ઇક્ષુ ગળાયે છે જો; નેહ ન કીજે કોઇશ્યું સાચા૦ કીજે તો એક સાહુશ્યુ જો; સાયર તરીયે નાવે[1] સાચા૦ કીમ તરીયે નિજ બાહુશ્યું જો ॥ ૬ ॥ વિઘન મ હોજો તુમ્હને સાચા૦ એ આશિષ અમારીછે જો; હિતવંછક દીએ આશિષ તે સાચા૦ સુકૃત નગરની બારી છે જો; ધર્મ ધ્યાનની ધારા સાચા૦ વિઘન જયે નિરધારી છે જો: મૃત્યુ જયને[2] જાપે સાચા૦ તુઝને સિદ્ધિ કરાવી છે જો ॥ ૭ ॥ ત્વરિત[3] સમાગમ કરજો સાચા૦ સહાય કરવા ઇચ્છા છે જો; ધર્મ સગાઇ તે સાચી સાચા૦ બીજી સઘળી મિથ્યા છે જો; મોટે કાજે મોટ સાચા૦ પુંઠે પરાક્રમ પૂરે છે જો; સુજસવિલાસ સુહુથી સાચા૦ તો અરિ સેના ચુરે છે જો ॥ ૮ ॥

## દુહા

ઇમ સવિનય પ્રતિબોધ કરી, ધરી વિશુદ્ધ સંકેત; જંબુ વિમળ પ્રભાત હુયે, સજ્જ હુવો દિક્ષા હેત. ॥

---

૧ વહાણે કરીને. ૨ પંચ પરમેષ્ટિ મંત્રના. ૩ ઉતાવળે.

દિક્ષા મહોત્સવ ભલીપરે, આપ સંવાહે કુમાર; લે શ્યા શુદ્ધે તે બન્યો, અનૂપમ તેજ અંબાર[૪] ॥ ૨ ॥

ઢાળ.

( તુઝ બાવનીની ) એ દેશી.

શુભ તીરથ ઉદકે, સ્થાન કરી મનોહાર; અંગ રાગ તે કીધા, બાવના ચંદન સાર; ચિત્તમાંહી અણુ માન્યું, શુકલ ધ્યાનનું ભૂર; બાહિર આવી લાગ્યું, ઉજ્વળ માનુ કપુર ॥ ૧ ॥ મણીકંચન ભુષણ સબળ ઝળામળ તેજ, સોહે તનૂ પેરયા, હિયડે હાર સહેજ; સ વંગિ અલંકૃત કલ્પવૃક્ષ પરે છાજે, મનમાં નિરાગી પણ એહ કલ્પ[૫]ન ભાજે ॥ ૨ ॥ વરદેવ અનાદૃત[૬] સાનિધ્ય પુરણ હાર, શણગારે સઘળે પુરણ જંબૂ કુમા ર; શિર છત્ર વિરાજે રજનીકર અનુકાર, બીહું પા સે લટકે ચામ્મર ચંચળ ચ્યાર ॥ ૩ ॥ બહુ મુલ ર તનમય મંગળ રંગ અભંગ, શિબિકા આરોહે જેમ મૃગપતિ ગિરિ શૃંગ; દાન બહુ વિધ દીજે કીજે સબ ળ મંડાણ, પંચ શબ્દા વાજે ગાજે ઢોલ નિશાન ॥ ૪ ॥ ભુંગળ ભેરી નફેરી વાજે વંશને વીણા, તાલ તવિલ કંસાલને નાદે સુર પણ લીણા; મરલી સરણા

---

૪ સમુહ. ૫ [illegible]ર. ૬ [illegible] દ્વિપનો અ[illegible] ષ્ઠાયક દેવ.

ઈ ચહચહે ચીહુ દીશો ચાવી, ગુણ મદ્દલ વદ્દલ
શ્રીમંડળે છબી ફાવી ।। ૫ ।। તત થાથા થેઈ થેઇ થું
ગન થુંગન નાચે, સુદ્ધાંત સંગીતે પગ પગ ચવરસ
આમે; બિરૂદાવળી બોલે ગુણ અવદાતે ભાટ, જય જ
ય સહૂ બોલે મળીયા લોકના થાટ[1] ।। ૬ ।। આગે
તેજી તુરંગમ કંચન જડીત પલાણ, એરાકી આર
બી કંબોજા કેકાણ; તુરકી ખુરાસાણી પાણીપંથા
નવરંગ, કાશ્મીરી અનુપમ પંચભદ્ર અતીચંગ ।।
૭ ।। મદઝરતા કુંજર જાણે સનિર્જ્જર શૈલ,[2] અંબ
ર લાગીં અંબાડી સુરગજશ્યું કરે મેળ; ધવળ ધો
રી[3] જોતરીયા રથની કીધી તઇયારી, શણગાર્યા સાં
બેલા ધવળ મંગળ દીયે નારી ।। ૮ ।। ગાય ગીત સુહા
સણિ પહેરી નવલા વેશ, મદ મુદિત હુઆ સવી ગા
મ અને સન્નિવેશ; કેઈ ચઢયા રે સુખાસન કેઇ ચ
ઢયા ચકડોળ, અતી ચતુર વિચક્ષણ કરે ઘણા રંગ
રોળ ।। ૯ ।। અષ્ટમંગળ ચાલે આગે વળી ચાટુ કાર,
અસિ કુંત ફળક ગ્રહ નર્મકાર રતિકાર; તિલ ના
ખ્યા ન તળે આવે તીમ હુઆ પંથ, ધરણિનો કણ પ

૧ સમુદ્ર. ૨ નીઝરણા ઝરતો પરવત હોય તેવા મદઝરતા હ
સ્તીઓ છે. ૩ બળદો.

ણ ન રહ્યો કોઇ અપંથ ॥ ૧૦ ॥ ઉત્સવ જુએ નર નારિ બારી ચઢી ચોબારી, વ્યાકુળ થઈ વાદિત્ર શબ્દ સુણી સવી નારી; તૂર દુગ્ધ જામાતા કલિ ક જ્જળ સિંદુર, ષટ[1] હોએ વલ્લભ સ્ત્રીને સહજ સનુ ર ॥ ૧૧ ॥ ગાજા વાજા સુણીને અર્ધ તિલક કરી એક, અધંજિન દૃગ ઇકિ જોવા ચાલી છેક; એક નેઉ ર પહેરે એકજ ચરણ પખાળે, અરધી કંચુકી પ હેરી જોવા કઇક ચાલે ॥ ૧૨ ॥ ધસમસતી કોઇક કજ્જળ ગલ્લે ઘાલે, કસ્તુરી લોચન ઠવતી આવી ચા લે;. બાવના ચંદન રસ પાય લગાડે બાલા, અળતો હૃદયસ્થળે લાહી કરે ચકચાળા ॥ ૧૩ ॥ કટિ મેખ ળ કંઠે ધાતી ઉતાવળી દોડે, એક હાર એકાવળી શે ણી તટે નિજ જોડે; ભુજ વલ્લિ નેઊર કંકણ ઘાલે પ યે, પહેરણ ઓઢણના વસ્ત્ર વિપર્યય થાયે ॥ ૧૪ ॥ ઢળતા ઘીના ઝાડુઆ મુકે તે પાડુ આગે, લાડુઆ સમ નારીને જોવાનો રસ જાગ; બાળ રોતાં મુકે મ રએ પરના બાળ, રોતાં નિજબાળક ભ્રાંતિ લીએ સુ કમાળ ॥ ૧૫ ॥ પરિધાન શિથિલ હુઓ ગાઢ બંધન

---

૧ વાજીત્ર, દુધ, જમાઇ, કળહ, કાજળ અને સિંદુર એ આના સ્ત્રીઓને વીશેષ પલ્લવ હોય છે.

ન કરાયે, વાયુવેગે મસ્તક ઓઢણુ ઉડી જાયે; ઇમ જોતાં વધુ જન હુઓ કુમારી રૂપ, કૌતુકને પણ તવ કૌતક લાગ્યું અનુપ ॥ ૧૬ ॥ ઇમ કૌતુક ઉત્સવે ઉપવને કુમાર, થાય જયજય નંદા જયજય ભદ્દા ઊચ્ચાર; શિબિકાથી ઉતરે માનુ સંસારથી તેહ, ગુરૂ સ્વામી સુધર્મ્મ વંદે સુજસ સનેહ ॥ ૧૭ ॥

ઢાળ.

( જયમાળના ) એ દેશી.

શ્રી સોહમ ગણધર નમીરે લાલ, જંબૂ કહે જગ મિત્તરે સનેહી, લોક અલિત્ત પલિત્ત રે સ૦ આતમ ઉદ્ધરણ નિમિત રે સ૦ તુમ્હ શરણ કર્યાં મેં પવિત્ત રે સ૦ હવે તારોને થઇ એક ચિત્ત રે સ૦ જય જય ગુરૂ જગ બંધુછોરે લાલ ૧ ॥ ગુરૂ દીવો ગુરૂ દેવતારે લાલ ગુરૂ બંધવ ગુરૂ તાત રે સ૦ ગુરૂના છે શુચિ અવદાત રે સ૦ યોગશાસ્ત્ર એતી વિખ્યાત રે સ૦ જેહથી પ્રગટે અનુભવ વાત રે સ૦ તેતો કેવળ ભાણ પ્રભાત રે સ૦ ॥ જય૦ ॥ ૨ ॥ તે ગુરૂ મે તુમ્હે પામીયા રે લાલ. તારણ તરણ જિહાજ રે સ૦ દીઓ દિક્ષા મુજ આજ રે સ૦ શિવ દાન અશિવ ક્ષય કાજ રે સ૦ એ અરથ શબ્દ સમાજ રે સ૦ કરો સફળ તે ગરીબ નિવાજ રે

સ૦ ॥ જય૦ ॥ ૩ ॥ શ્રીગણધર એમ વીનવેરે લાલ, દીએ જંબુને દિક્ષા સાર રે સ૦ સાથે દિક્ષ્યો તે સવી પરિવાર રે સ૦ તેતો માને સફળ અવતાર રે સ૦ ભવી પ્રાણીને હુઆ ઉપકાર રે સ૦ વરત્યો જગ માંહે જયજયકાર રે સ૦ ॥ જય૦ ॥ ૪ ॥ આવ્યો પ્રભવ પણ અન્યદા રે, પૂછી માતને તાત રે સ૦ જંબૂ અનુસાર સોહાત રે સ૦ દિક્ષા લીયે પાપ વિઘાત રે સ૦ પણસય (૫૦૦) પરિવાર વિખ્યાત રે સ૦ હુવે સંઘહૃદય સુખ સાત રે સ૦ ॥ જય૦ ॥ ૫ ॥ પ્રભવ ભવન ગુણનો[1] હુઓરે લાલ, જંબૂ પદ કમળ મરાળ[2] રે સ૦ શિક્ષા દીએ તે ગુરૂ કૃપાળ રે સ૦ બીજાને સ્થિર હિત કાળ રે સ૦ લહી પ્રત્યય ત્રિવિધ વિશાળ રે સ૦ કર્મબધ હરે દુઃખ જાળ રે સ૦ ॥ જય૦ ॥ ૬ ॥ યશ અરોગ ધ્રુવપદ દીએરે લાલ, નામે થાપને દ્રવ્ય ભાવ રે સ૦ સંબંધ તે ભવજળ નાવ રે સ૦ કરે જાણી ગુરૂ પ્રસ્તાવ રે સ૦ શિવપદ તાંઈ તાસ પ્રભાવ રે સ૦ અવિચળ શુદ્ધ સ્વભાવ રે સ૦ જય૦ ॥ ૭ ॥ શ્રીસુધર્મ ગણ રાયના રે લાલ, શેવતો પદ અરવિંદ રે સ૦ અણગણુતે પરિસહ વૃંદ રે સ૦ જંબુ વિચરે સમકંદ રે સ૦ ભવિ

---

૧ ગુણનુ ભુવન. ૨ હંસ.

કુમુદ વિકાસન ચંદરે સ૦ લહે સુજસ વિલાસ આનંદ રે સ૦ ॥ જય ॥ ૮॥

ઢાળ

( ધન્યાશ્રી )

વરસ પચાસે મનહ ઉલ્લાસે, વ્રત લેઇ દુરિત નિવારેજી; સ્વામી સુધર્મા પંચમ ગણધર, સુખ જળ ધર જગ તારેજી; ત્રીસ વરસ કરી વીરની શેવા, પછી વીર નિરવાણજી? બાર વરસ છદ્મસ્થજ વિચર્યા, આઠ તે કેવલ નાણજી ॥ ૧ ॥ પૂર્ણ વર્ષ શત આયુ[3] પ્રમાણિ, નાણિ નિજપદ થાયેજી; જંબૂ ગણધર તિહુયણ સુખકર, કીર્ત્તિ દહદિશિ વ્યાપેજી; જિન શાસન સોહે મત મોહે, ભવિ પ્રાણી પડિબોહેજી; શમરતિ કામઅવીસો દોહે, ગુણ પદવી આરોહેજી ॥ ૨ ॥ વીર નિર્વાણથી ચોસઠ વર્ષે, પ્રભવ સ્વામી પટ્ટ થાપીજી; અક્ષયપદ પામ્યા ગુરૂ જંબુ, અષ્ટ કરમ તરૂ કાપીજી; હોય સમાધી ઉપાધી ન વાધે, આધિ વ્યાધિ સવી જાયજી; ગુણ ગાતો એવા મુની વરના, જ્યોતિસ્યું જ્યોતિ મિ

---

૩ ૫૦ વરસ ગૃહસ્થને ૫૦ વરસ દિક્ષા પ્રયાય પાળ્યો તેમ ૩૦ વરસ મહાવીરસ્વામીની સેવા કરી, ૧૨ વરસ છદ્મસ્થપણે મહાવીરસ્વામી નિર્વાણ પામવાથી, અને ૮ વરસ કેવળીપણે એમ (૫૦) વરસ દિક્ષા પાળી.

સાથજી ॥ ૩ ॥ એહવા ગુરૂના ગુણ કિમ વિસરે, જે જ ગમાંહછે તાજાજી; ગુરૂ ગુણ ગાતા સવી સિદ્ધિ લહીએ, નિત્ય નિત્ય મંગળ દિવાજાજી; જંબૂ ગુણનો એ રાસ રસાળો, યુગતા યુગતિ ઢાળોજી; ભણશે તે નિજ પાતિક હણશે, લહેશે મંગળ માળોજી ॥ ૪ ॥ કમળ વદન સુખ સદન વિચક્ષણ, આતમ અરથી પ્રાણીજી; પૂરણ જિનશાસન શ્રદ્ધા ગુણ, નિર્મળ કોમળ વાણીજી; રચ્યો રાસ એ ભણણ સુણણથી, તેહતણે હિત કાજેજી; શ્રી વિજય દેવ સુરીશ્વર પટ્ટધર, વિજયપ્રભ સુરી રાજયે જી ॥ ૫ ॥ શ્રીકલ્યાણ વિજય વર વાચક સુંદર, હીર શીષ્ય શિર હીરાજી; તાસ શિષ્ય શ્રી લાભવિજય બુધ સાયરપરે ગંભીરાજી; તાસ શિષ્ય શ્રીજિતવિજય બુધ, શ્રીનય વિજય ગુરૂ ભાયાજી; વાચક જસવિજયે તસ શિષ્યે, જંબુ ગુણ એ ગાયાજી ॥ ૬ ॥ નંદ ૯ તત્વ ૩ મુનિ ૭ ઉડુપતિ ૧ સંખ્યા, (૧૭૩૯) વરસ તણી એ ધારેજી; ખંભ નયરમાંહી રહી ચોમાસું, રાસ રચ્યોછે સારેજી; ભાવ એહના મનમાંહી આણી, હિત જાણી ભવી પ્રાણીજી; નિત્ય અભ્યાસે સુજસ વિલાસે, આદર જ્યો જિન વાણીજી ॥ ૭ ॥

સમાપ્ત.

# જાહેર ખબર.

:o:

આ બુકની કીંમત છ આના પ્રથમ પેજ ઉપર છાપવામાં આવી છે પણ પાછળથી પુસ્તકનું આયુષ્ય વધે એવા ઇરાદાથી કાચાપુંઠાંને બદલે પાકાપુંઠાં કર વાથીસાત આના લેવા ઠરાવી છે.

આ બુક શ્રી સુરત, ભરૂચ, વડોદરા અને ઘોરાજી શ્રી જૈનધર્મ પ્રસારક શાખા સભાના મંત્રીઓ પાસેથી મળશે.

આ બુક અત્રે અમારી સભાના પ્રેસીડેન્ટ શેઠ ફ કીરચંદ પ્રેમચંદ રાઇચંદ ઠે. વીઠલવાડીમાંથી તથા મંત્રી શા. હીરાચંદ થોભણ દામજી ઠે. છીપીચાલી માંથી તથા શા. મગનલાલ પાનાચંદ ઠે. નાનચંદ વીરચંદની દુકાનેથી મળશે.

આ તેમજ બીજી નીચે લખેલી બુકો શ્રી ભાવ નગર જૈનધર્મ પ્રસારક સભાની ઓફીસમાંથી મળશે.

(ભાવનગરમાં મળતી ચોપડીઓ.)

| | | |
|---|---|---|
| ૧ | સુભાષીત સ્તવનાવળી ભાગ પહેલો | ૦-૭-૦ |
| ૨ | ,, ભાગ બીજો | ૦-૫-૦ |
| ૩ | દેવ દ્રવ્યવિષે નિબંધ | ૦-૨-૦ |
| ૪ | સમકિત સલ્યોદ્ધાર ગુજરાતી | ૧-૪-૦ |
| ૫ | ,, શાસ્ત્રી | ૧-૪-૦ |
| ૬ | સતરભેદી પૂજા (મુની આત્મારામજીકૃત) | ૦-૧-૦ |
| ૭ | વીશથાનકની પૂજા ,, | ૦-૧-૦ |
| ૮ | અષ્ટપ્રકારી પૂજા ,, | ૦-૧-૬ |
| ૯ | સનતકુમારનો રાસ ,, | ૦-૫-૦ |
| ૧૦ | મુની ગંભીર વિજયજીકૃત સંગ્રહ | ૦-૫-૦ |
| ૧૧ | શ્રી શ્રીચંદકેવળીનો રાસ ગુજરાતી | ૧-૮-૦ |
| ૧૨ | પાંચ પ્રતિક્રમણસૂત્ર ગુજરાતી | ૦-૧૨-૦ |
| ૧૩ | ,, શાસ્ત્રી | ૦-૧૨-૦ |
| ૧૪ | સઝાયમાળા ગુજરાતી | ૧-૧૨-૦ |
| ૧૫ | જૈનપંચાંગ (ચાલતા વરસનું) | ૦-૧-૦ |

## આ ગ્રંથને અગાઉથી પાંચ અને તેથી વધારે નકલને આશ્રય આપનાર સદ્‌ગૃહસ્થોનાં નામ.

### મુંબઇ.

૫૧ શેઠ ફકીરચંદ પ્રેમચંદ પ્રમુખ
૨૧ ,, હરીચંદ શોભણભાઈ મંત્રી
૨૧ ,, ઘોઘાભાઇ લખમીચંદ
૧૧ ,, વાડીલાલ પુનમચંદ લાઇબ્રેરીયન
૧૦ ,, નરશીભાઈ કરમચંદ
૧૦ શેઠ મોતીચંદ દેવચંદ
૯ ,, દયાળદાસ કાળીદાસ
૯ ,, જેઠાભાઈ ઝવેરશા
૮ ,, હરખચંદ રાયચંદ
૭ ,, માનચંદ રૂપચંદ
૫ ,, ચુનીલાલ વીરચંદ ટ્રેઝરર
૫ ,, મગનલાલ દીપચંદ
૫ ,, પ્રેમચંદ વીરપાલ
૫ ,, ઇદરજી જુઠાભાઈ
૫ ,, કાળીદાસ મુળજી
૫ ,, કરમશી ખેતશી
૫ ,, ખીમચંદ ઝીણા
૩ ,, મો[illegible]લાલ છગનલાલ
૩ ,, ફતેચંદ [illegible]પુરચંદ

૫ ,, મોરારજી જુઠા
૫ ,, અનોપચંદ ખીમચંદ
૫ ,, ભોગીલાલ લલ્લુભાઈ
૫ ,, ફુલચંદ દયાળ
૫ ,, માણકચંદ હંસરાજ
૫ ,, કેશવજી ગીગા
૫ ,, વેલચંદ ઠાકરશી
૫ ,, વીઠલદાસ ઘેલાભાઇ
૫ ,, દેવચંદ લવજી
૫ ,, મોતીચંદ કુંવરજી

## ભાવનગર.

૫૧ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી
૭ શેઠ કુંવરજી વિ. આણંદજી પ્રમુખ
૫ ,, અમરચંદ ઘેલાભાઈ મંત્રી
૫ ,, મગનલાલ સુંદરજી ઊ. મંત્રી
૫ ,, દામોદરદાસ નેમચંદ ખજાનચી
૫ ,, ગીરધરભાઈ આણંદજી
૫ ,, મગનલાલ પાનાચંદ લાઇબ્રેરીયન
૫ ,, ખુબચંદ પીતાંબરદાસ
૫ ,, જશરાજ ત્રીકમદાસ
૫ ,, વોરા છગન દેવચંદ
૫ ,, વોરા લખમીચંદ કલ્યાણજી ભાવનગર
૫ કોઠારી મુળચંદ દોલજી પાલણપુર
૫ ગાંધી બાલચંદ બેચર માંડળ
૧૦ શ્રી ખેડા જૈન વીદ્યાશાળા હ. દલસુખ બેચર

૧૦ પરી રામજી જેશંગ વીગેરે શંઘસમસ્ત
૧૦ ભણશાળી ધારશી મુળજી એડન
૫ શ્રી જૈન જ્ઞાનદીપક સભા ગોધા
૫ પરી માણુકચંદ ભાણજી મહુવા
૪ ચાર નકલ ભરનાર ૧
૧૮ ત્રણ નકલ ભરનાર ૬
૫૬ બે નકલ ભરનાર ૨૮
૧૨૪ એક નકલ ભરનાર ૧૨૪

---

૬૦૩

પ્રથમથી આશ્રય આપનાર સાહેબોના સઘળાના નામો દાખલ કરતાં પુસ્તકના પ્રમાણમાં તે ભાગ વધી જવા જણા એથી સર્વ નામો દાખલ કરવામાં આવ્યાં નથી.